# સંવેદન

## (૨૦૨૦-૨૦૨૧)



**શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કોમર્સ કોલેજ**

અમદાવાદ-૩૮૦ ૦૦૯

# શ્રી એચ. કે. કોમર્સ કોલેજ સ્ટાફ



# વ્યાસ સાહેબ : એક વિરલ પ્રતિભા



શ્રી એચ. કે. કોમર્સ કોલેજના પૂર્વ આચાર્ય તથા કોમર્સ વિદ્યાશાખાના ડીન તરીકે બે ટર્મ સુધી સેવાઓ આપનાર પ્રિ. શ્રી આર. એચ. વ્યાસ સાહેબ ગાંધીનગર જિલ્લાના માણસાના વતની હતા. એમનો જન્મ૭-૧૧-૧૯૩૪ના રોજ પેથાપુર ગામે થયો હતો.

એમણે ૧૯૫૭માં કાયદાના સ્નાતકની પદવી અને ૧૯૫૯માં મુંબઈ યુનિવર્સિટીમાંથી કોમર્સ અનુસ્નાતકની પદવી મેળવી હતી. શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત આઈ. વી. પટેલ કોમર્સ કોલેજ, નડિયાદથી કરી હતી અને ૧૪ વર્ષની સેવા બાદ ૧૯૭૪ થી ૧૯૮૭ સુધી કોમર્સ કોલેજ, કલોલ ખાતે આચાર્ય તરીકે સેવાઓ આપી.

તેમની વહીવટી કુશળતા, કાર્ય નિષ્ઠા, શૈક્ષણિક મૂલ્યોની જાળવણી, પોતાના વિષયના ઊંડા અભ્યાસી, સ્નાતક અનસ્નાતક કક્ષાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પુસ્તકોનું લેખન કાર્યને ધ્યાનમાં લઈ ૧૯૮૭માં અમદાવાદ ખાતે શ્રી એચ. કે. કોમર્સ કોલેજમાં આચાર્ય પદે નિમણૂક પામ્યા અને ૧૯૯૫માં નિવૃત થયા.

જન્મે અને કર્મે બ્રાહ્મણ એવા વ્યાસ સાહેબ નખશિખ શિક્ષક હતા. સદા પ્રસન્ન, મિલનસાર, વિનમ્ર તથા સૌના માટે પોતાપણાની લાગણી રાખનારા હતા એટલે તેમને મળવા ઈચ્છતા સૌ નિર્ભિકપણે પોતાની રજૂઆત કરી શકતા. તેમના મોટાપણનાનો કદી ભાર ન વર્તાતો.

૧૯૯૫માં નિવૃત્ત થયા બાદ ગુજરાત યુનિવર્સિટીની એસ. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં શરૂ થયેલા એમ. બી. એ. ઈન્ટીગ્રેટેડના અભ્યાસક્રમમાં નાયબ નિયામક તરીકે બે વર્ષ સેવાઓ આપી. ૧૯૯૭થી સોમલલિત ઈન્સ્ટીટ્યૂટમાં નિયામક તરીકે સેવાઓ આપી. પોતાના વિષયની વિદ્વતાને કારણે ICAI, ICWA, ICSI જેવી સંસ્થાઓ દ્વારા અપાતા વ્યવસાયલક્ષી શિક્ષણમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

વિદ્યાર્થી વત્સલ અને વિદ્યાર્થીના હિતચિંતક વ્યાસ સાહેબે વિદ્યાર્થીની પાકી સમજ કેળવાય તથા પાયો પાકો થાય તેવા શુભાશયથી ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના કન્વીનર અને સહલેખક રહીને ધો. ૧૧ અને ધો. ૧૨ના એકાઉન્ટસી વિષયના પાઠ્ય પુસ્તકો તૈયાર કર્યા છે. ગુજરાત યુનિવર્સિટીના એકાઉન્ટન્સીના બોર્ડ ઓફ સ્ટડીઝમાં ચેરમેન તરીકે સતત ત્રણ ટર્મ સુધી સક્રિય રહ્યા હતા. યુનિવર્સિટીના અનેક ઉચ્ચ સત્તામંડળો, એકેડેમીક કાઉન્સિલ, એક્ઝીક્યુટીવ કાઉન્સિલમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. 'અર્થસંકલન' અને 'કોમ્યુનીક' કોમર્સના મેગેઝિનમાં તેમના વિદ્વતાપૂર્ણ લેખો પ્રકાશિત થતાં જે અધ્યાપકગણ માટે માર્ગદર્શક બની રહેતા.

ખૂબ ઓછાબોલા ને ધીમાબોલા વ્યાસ સાહેબ તેમની વિદ્વતા અને સૌજન્યશીલ વ્યક્તિત્વથી હંમેશા પ્રભાવક રહેતા. નિષ્પક્ષ વલણ, તાર્કિક રજૂઆત, પરિણામલક્ષી કાર્યક્ષમવહીવટ, સહકાર, દરગુજર કરવાની ભાવના તેમના વ્યક્તિત્વની વિશિષ્ટતા હતી.

વ્યાસ સાહેબ કોમર્સ વિદ્યાશાખા માટે ઘેઘુર વડલા સમાન હતા. તેમની અવિરત નિઃસ્વાર્થ સેવાથી નિક્ષણ જગતમાં હજારો વિદ્યાર્થીઓ અને અધ્યાપકો લાભાન્વિત થયા છે. એકાઉન્ટન્સી વિષયમાં તેમનું ખેડાણ અદ્વિતીય છે. શિક્ષણ જગતના મોવડીઓ માને છે કે વ્યાસ સાહેબ ગુજરાતના એકાઉન્ટન્સી વિષયના ભીષ્મપિતા છે.

વ્યાસ સાહેબ પોતાના વતન માણસાની વ્યાસ કુટુંબ સંસ્થાના માર્ગદર્શક, સલાહકારની સાથોસાથ ઉમદા કાર્યકર પણ હતા. તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી પ્રોત્સાહિત કરવા તથા તેમનું જાહેર સન્માન કરવું, વડીલોનું સન્માન કરવું, શૈક્ષણિક પ્રવૃત્તિને વેગવતી રાખવી વગેરે સામાજિક કાર્યોમાં અગ્રેસર રહ્યા હતા. આવા વિરલ પ્રતિભાશાળી વ્યક્તિત્વની સેવાનો લાભ આપણી સંસ્થાને પણ મળ્યો છે. ૯-૭-૨૦૧૯ના રોજ ચિરવિદાય લેનાર આ વિરલ પ્રતિભા વિષે વિચારીએ છીએ ત્યારે આજે પણ તેમની સુવાસ વર્તાય છે.

— પ્રા. એન. એસ. ખંડેલવાલ, પ્રા. દક્ષા પટેલ

# પરિશ્રમનો પર્યાય : પટેલ સાહેબ



શ્રી એચ. કે. કોમર્સ કૉલેજના પૂર્વ આચાર્ય અને બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ગુજરાત વિદ્યાસભાના પૂર્વ માનદમંત્રી શ્રી અંબાલાલ એમ. પટેલ સાહેબ, પાટણ જિલ્લાના શેલાવી ગામના મૂળવતની હતા. એમનો જન્મશેલાવીમાં ૨૫-૧૧-૧૯૪૦ના રોજ ખેડૂત પરિવારમાં થયો હતો. શાળા શિક્ષણ બાદ ૧૯૬૪માં ગુજરાત યુનિવર્સિટીમાંથી મુખ્ય વિષય ગણિતશાસ્ત્ર અને ગૌણ વિષય ભૌતિકશાસ્ત્ર સાથે બી.એસ.સી.ની ડિગ્રી તથા ૧૯૬૬માં આંકડાશાસ્ત્ર વિષય સાથે એમ.એસ.સીની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૬૬માં અમદાવાદ જાણીતી શ્રી એચ. કે. આર્ટસ કૉલેજમાં આંકડાશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાયા.

વર્ષ ૧૯૯૫માં શ્રી એચ. કે. કોમર્સ કૉલેજમાં આચાર્ય પદે નિમણૂક પામ્યા અને ૨૦૦૩માં નિવૃત્ત થયા અને ૨૦૦૪માં એક વર્ષનું ટ્રસ્ટ એક્ષ્ટેન્સન આપવામાં આવ્યું. ૨૦૦૭ થી ૨૦૧૨ ટ્રસ્ટના માનાર્હ મંત્રી તરીકે સેવાઓ આપી. રોજિંદા વ્યવહારમાં કુશળ, નિષ્ણાત, કુશળ વહીવટકર્તા, મૂલ્યોના પાકા સંરક્ષક, નિષ્ઠાવાન અને રૂઢ કર્મશીલ એવા પટેલ સાહેબ સ્પષ્ટવક્તા ખરા પણ તેમના સ્વભાવમાં મૃદુતા અને ખેલદિલીનો મીઠો સમન્વય હતો. સચ્ચાઈ અને સંનિષ્ઠા એમના વાણી-વર્તનના સ્થાયી ભાવ હતા. પોતાના કોલેજ પરિવારના, સમાજનાં અને સગાંવહાલાં સૌના હિતચિંતક હતા. વિદ્યાર્થીઓના માનસિક, શારીરિક, સાંસ્કૃતિક વિકાસ માટે ઇતર પ્રવૃત્તિઓનેવેગ આપ્યો. અધ્યાપકોની સજ્જતા માટે પખવાડિયાનું આયોજન કરી જુદા જુદા વિષયના અને જુદા જુદા ક્ષેત્રના વિદ્વાનોના વ્યાખ્યાનનું આયોજન નિયમીત રીતે કરતા હતા.

ગુજરાત યુનિવર્સિટીની વિવિધ કમિટિઓમાં તેમણે સેવાઓ આપી હતી. ગુજરાત યુનિવર્સિટી અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના બોર્ડ ઑફ સ્ટીઝના સભ્ય રહી ને દસ વર્ષ પ્રવૃત્ત રહ્યા. ગુજરાત સ્ટેટીસ્ટિક્સ એસોસિયેશનના કોષાધ્યાક્ષ, મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ પદેની સેવા નોંધપાત્ર રહી. ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ મેમ્બર તરીકે ચાર ટર્મ સુધી રહ્યા. ગુજરાત યુનિવર્સિટી એરીયા ટીચર્સ એસોસિયેશનના કોષાધ્યક્ષ તરીકે દસ વર્ષ અને મંત્રી પદે સાત વર્ષ સેવાઓ આપી. ગુજરાત યુનિવર્સિટી એકેડેમીક કાઉન્સિલના સભ્ય તરીકે તથા સ્ટેટીસ્ટિકલ બોર્ડ ઑફ સ્ટડીઝના ચેરમેન રહ્યા હતા. શિક્ષણિકક્ષેત્ર ઉપરાંત સમાજની ઘણી સંસ્થાઓને તેમનો લાભ પ્રાપ્ત થયો છે.

સમાજ માટે કંઈક કરી છૂટવાની તેમની તત્પરતા પ્રબળ હતી. સકારાત્મક અભિગમ, દૃઢનિશ્ચય, ભરપૂર આત્મવિશ્વાસ ધરાવતા પટેલ સાહેબ સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહેતા. ઘણી સંસ્થાઓ સાથે આજીવન જોડાયેલા રહેલા. જેમકે, સર્વોદય એજ્યુકેશનલ એન્ડ સોશિયલ વેલફેર ટ્રસ્ટ (મહેસાણા), જનકલ્યાણ ટ્રસ્ટ (શેલાવી), શેલાવી મિત્રમંડળ (અમદાવાદ), પંદર ગામપાટીદાર સમાજ (અમદાવાદ), કામઠીવાડ સેવા સમાજ (અમદાવાદ), ૧૫ ગામ પાટીદાર સમાજનું ત્રિમાસિક સામાયિક ઉમિયાદીપના ફાઉન્ડર તંત્રી તરીકેની સેવાઓ આપી. ન્યુ શારદ સોસાયટી (અમદાવાદ) દિવ્ય જ્યોત આયુર્વેદિક રિસર્ચ ફાઉન્ડેશન (અમદાવાદ) જેવી ઘણી સંસ્થાઓને એમનો લાભ મળ્યો છે.

તારીખ ૧૯-૧૧-૨૦ના રોજ પટેલ સાહેબ કોરોનાના ભોગ બનેલા અને અવસાન પામ્યા. સ્વભાવે પરગજુ, પરિશ્રમી, પ્રેમાળ, સાદગીપૂર્ણ ને સેવાભાવી પટેલ સાહેબની છબી સૌના દિલમાં કાયમઅંકિત રહેશે.

**— પ્રા. દક્ષા પટેલ**

# સંવેદન

## (૨૦૨૦-૨૦૨૧)

**શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ**

**આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.**

**✡ સંપાદક મંડળ ✡**

❋ પ્રિ. ડૉ. આશિષ જનકરાય દવે ❋

❋ પ્રા. દક્ષાબેન પટેલ ❋

❋ પ્રા. શૈલેષ ગઢવી

❋ પ્રા. ડૉ. અનંત ઠાકોર

❋ પ્રા. પ્રજ્ઞેશ વ્યાસ

❋ પ્રા. ડૉ. ધીમંત સોની

❋ સુ.શ્રી પ્રભાબેન પટણી

❋ પ્રકાશક : આચાર્યશ્રી, એચ. કે. કોમર્સ કોલેજ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૨૬૫૮૯૯૬૧

❋ મુદ્રક : જીજ્ઞેશ પટેલ - ૯૮૯૮૦૧૫૦૨૫

# અનુક્રમણિકા


- સંપાદકીય ............................................ પ્રા. દક્ષાબેન પટેલ .......................... ૦૭
- **From the desk of the principal** .......... **Dr. Aashish Dave** ..................... ૦૯
- માતૃભાષાની અનિવાર્યતા ............................ પ્રા. દક્ષાબેન પટેલ .......................... ૧૧
- ઉદ્‌ઘોષણા : એક કલા, એક વિજ્ઞાન ................. ડૉ. હિનાબેન સક્સેના ...................... ૧૪
- **Review of the series of webinar's** ...... **Dr. Mayur Dave** ...................... ૧૭
- **Research & publication Ethics in Humanity & Social Science** ................ **Dr. Sumanta Dutta** .................. ૧૮
- હિસાબોનું યાંત્રિકરણ ................................ સી.એ. જ્યોતિબેન શાહ .................. ૨૨
- કોરોનાની રસી અને તેના પ્રકારો ..................... ડૉ. અનંતકુમાર આર. ઠાકોર ............. ૨૪
- **Deriving Ethics and Values for Leaders from Mahabharata Epic-1** .. **Prof. N. M. Khandelwal** .......... ૨૬
- **The Entrepreneurial India** ................. **Dr. Alok Kumar Chakrawal** .. ૨૯
- સંસ્કૃત ભાષા, આવશ્યક કે અનિવાર્ય ? ............. ડૉ. આશિષ જનકરાય દવે ................. ૩૭
- ઉદ્યોગ સાહસિકતા – વિકાસની દિશા તરફ ......... પ્રા. સંધ્યાબેન પ્રજાપતિ ..................... ૪૨
- કોરોના કાળ – આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ વિહંગાવલોકન ..... ડૉ. કમલકુમાર પી. શુક્લ ................. ૪૫
- ક ક્રિકેટનો ક, ક કપિલદેવનો ક ....................... ડૉ. એસ. એ. ચીંતામન ..................... ૪૭
- ઘર ..................................................... ડૉ. ધીમંત સોની ............................ ૫૦
- વિશ્વ ચકલી દિન ...................................... પ્રા. શૈલેષ ગઢવી ............................ ૫૨
- **Evaluation of Premchand's Godan** ... **Prof. Pragnesh Vyas** ................ ૫૪
- કારકીર્દિનો એક વિકલ્પ – સ્પર્ધાત્મક પરીક્ષા ....... પ્રા. શૈલેષ ગઢવી ............................ ૫૭
- શ્રદ્ધાંજલિ .............................................................................................. ૫૯
- **Reimagining Management Education in India : With reference to National Education Policy–2020** ........... **Dr. Jayendrasinh Jadav** ............ ૬૨



ગુજરાતના શૈક્ષણિક આલમમાં ગુજરાત વિદ્યાસભા અને બ્રહ્મચારી વાડી ટ્રસ્ટનું નામ ૧૭૪ વર્ષથી સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે. આ ટ્રસ્ટ સંચાલિત શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કોમર્સ કૉલેજ એક નિવડેલી સંસ્થા છે. આ સંસ્થાના આચાર્યો, અધ્યાપકો અને કર્મચારીઓએ જે પરસેવો પાડ્યો છે તે સરાહનીય છે. સામાન્યપણે કોમર્સ કૉલેજ 'સંવેદન' જેવું કોલેજનું મુખપત્ર બહાર પાડે તે સાનંદાશ્ચર્ય છે. કોલેજના વર્તમાન આચાર્ય ડૉ. આશિષભાઈ દવે એક પુરુષાર્થ ભર્યું વ્યક્તિત્વ ધરાવે છે. તેમની મહેનત ધીરે ધીરે રંગ લાવી રહી છે. એમની મહેનતનું એક પરિપકવ ફળ એટલે આ 'સંવેદન' મુખપત્ર. આવનારા દિવસોમાં આચાર્યશ્રી આશિષભાઈ ઘણા આયામો સર કરવાની નેમ ધરાવે છે. મને ખાતરી છે કે તેમનો આ મહેનતકશ સ્વભાવ કોલેજની ટીમમાં નવો પ્રાણ ફુંકશે. હ. કા. કોમર્સ કોલેજ પાસે ઘણા ઉદ્યમી અધ્યાપકો છે. વિદ્યાર્થીઓ સાથે સુમેળભર્યા વાતાવરણમાં આ અધ્યાપકો અનેક સિદ્ધિના શિખર સર કરશે તેની મને ખાતરી છે. સંસ્થાની સમૃદ્ધ લાયબ્રેરી અને પરિસરના સુંદર વાતાવરણમાં સંસ્થા કરવટ બદલી રહી છે એ દ્દષ્ટીગોચર થાય છે. આ 'સંવેદન' સામયિક જેઓનાહાથમાં જશે તેઓને સંસ્થાના સાંપ્રત પ્રવાહો, વિદ્યાર્થીઓની અનેકવિધ પ્રવૃત્તિઓ અને અધ્યાપકોના ચિંતન તથા વિદ્યાર્થીઓના કલરવનો અનૂભવ થશે. આ પ્રસંગે આચાર્યશ્રી તથા તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું અને ઉત્તરો ઉત્તર એચ. કે. કોમર્સ કોલેજ અનેક સિદ્ધિઓના સોપાન સર કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

**ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ**

ઉપ-પ્રમુખ

ગુજરાત વિદ્યાસભા - બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. (ભારત) ફોન : (૦૭૯) ૨૬૩૦ ૧૯
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦ ૨૬૫૪, વેબસાઇટ : www.gujaratuniversity.a
ઈ-મેઈલ : vc@gujaratuniversity.ac.in, vcofficegu@gmail.c

પ્રો. એચ. એ. પંડ્યા
કુલપતિ



મહાવિદ્યાલયોનું મુખ્ય કાર્ય પોતાના રોજબરોજના વ્યવહારો દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલ જન્મજાત શક્તિઓનો વિકાસ, તેના જ્ઞાન – કલા કૌશલ્યમાં વૃદ્ધિ સાથે તેના વ્યવહારમાં પરિવર્તન લાવવું રહેલું છે, અને મહાવિદ્યાલયોના સામુહિક પ્રયત્નોથી વિશ્વવિદ્યાલય મહાન બનતી હોય છે, કોઈ પણ યુનીવર્સીટી તેની સાથે જોડાયેલ કોલેજોના દેખાવ અને પ્રયત્નોથી એક ચોક્કસ સ્થાને પહોચતી હોય છે, અને ગુજરાતની એક મોટી યુનીવર્સીટીના કુલપતિ હોવાના નાતે કહેતા હું અતિ હર્ષની લાગણી અનુભવું છું કે યુનીવર્સીટી સંલગ્ન તમામ વિભાગો અને કોલેજોના ખુબજ સુંદર પ્રયત્નોથી શિક્ષણને ગરિમા પ્રદાન થયેલ છે, અને આ વર્ષે સમગ્ર રાષ્ટ્ર "આઝાદી અમૃત મહોત્સવ" ઉજવણી કરી રહેલ છે ત્યારે આપણા સૌની ભુમિકા વિશેષ બની રહે છે.

કોઈપણ સંસ્થાનું વાર્ષિક મેગેઝીન સંસ્થાના દર્પણ સમાન હોય છે, ગત વર્ષે 'નોવલ કોરોના કોવીડ – ૧૯' વૈશ્વિક મહામારી વચ્ચે આભાસી માધ્યમ દવારા સતત કાર્યરત શ્રી એચ કે કોમર્સ કોલેજ, કોલેજ સાથે જોડાયેલ સમાજના તમામ ઘટકો સંચાલકો, આચાર્ય, અધ્યાપક, વિદ્યાર્થીઓ અને ભુતપૂર્વ વિદ્યાર્થીઓના હૃદયની લાગણી, સાથે આભાસી માધ્યમ દવારા કોમર્સ વિદ્યાશાખાના દેશના પ્રતિષ્ઠિત વિષય નિષ્ણાતોના સંસ્થામાં આપવામાં આવેલ વ્યાખ્યાનોને ડોક્યુંમેન્ટેશન સ્વરૂપે સાચવવા માટે નામ તેવાજ ગુણો ધરાવતા કોલેજના વાર્ષિક મેગેઝીન (મુખપત્ર) "સંવેદન" પ્રકાશન સમયે વિદ્યાવાન સંપાદન સમિતિને અભિનંદન પાઠવતા હર્ષની લાગણી અનુભવું છું.

जयतु संसकृतम्, जयतु भारतम्। ।

પ્રો.(ડૉ.) એચ.એ.પંડ્યા

પ્રતિ,
ડૉ. આશિષ જનકરાય દવે,
આચાર્ય, શ્રી એચ કે કોમર્સ કોલેજ,
અમદાવાદ

# ગુજરાત યુનિવર્સિટી

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. (ભારત) ફોન : (૦૭૯) ૨૬૩૦ ૩૪૪૪
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦ ૮૯૮૧, વેબસાઈટ : www.gujaratuniversity.ac.in
ઈ-મેઈલ : pvc@gujaratuniversity.ac.in, pvcofficegu@gmail.com

ડૉ. જગદીશ ભાવસાર

ઉપકુલપતિ


૦૯/૦૯/૨૦૨૧

પ્રતિ,

ડૉ. આશિષભાઈ દવે

આચાર્યશ્રી

એચ.કે. કોમર્સ કોલેજ

આશ્રમ રોડ.

**<u>શુભેચ્છા સંદેશ</u>**

આપશ્રીની પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા પ્રતિ વર્ષ "સંવેદન" પ્રકાશિત કરવામાં આવે છે તે અભિનંદનીય છે.

સંસ્થાની પ્રવૃત્તિઓને ગ્રંથસ્થ કરવાની પરંપરા કચાશ દૂર કરવાની અને આગળ પ્રવૃત્તિ કરવાની પ્રેરણા આપનારો દસ્તાવેજ બનતો હોય છે.

છાત્ર-છાત્રાઓને શક્તિઓ ખિલાવવા માટે દિશાદર્શન કરતો હોય છે.

આપની સુંદર પરંપરા જળવાઈ રહે અને સૌ પ્રગતિના પંથે આગળ વધો તેવી પ્રભુને પ્રાર્થના.

સૌના સારા આરોગ્યની કામના.



ડૉ. જગદીશ ભાવસાર

ઉપકુલપતિ

ગુજરાત યુનિવર્સિટી

# જ્યારે હિંમત તૂટે ત્યારે...

મિત્રો, ક્યારેક એવું બની જાયકે અંદરથી માં ઉદાસ થઈ જાય બિલકુલ, નિરાશ થઈ જાય, કોઈ રસ્તો જડે નહીં ત્યારે શું કરવું ? જ્યારે તમે ખૂબ મહેનત કરો છો કારકિર્દી માટે અથાગ પ્રયત્ન કર્યા બાદ કોઈ પરિણામ નથી મળતું ત્યારે મન ભારે થઈ જાય છે. કોઈની સાથે વાત ચીત કરવાની ઈચ્છા થતી નથી. ઘણી વખત એવું બને કે તમે નક્કી કરેલ થતું નથી. આવી પરિસ્થિતિમાં એવું લાગે કે જાણે બધુ ખતમ થઈ ગયું હોય. તો ગભરાવાની જરૂર નથી. કોઈ ખોટાં પગલાંભરવાની જરૂર નથી.

આવા સમયે તમે તમારી સાથે વાત કરો. તમે કેમ સફળ ના થયાં ? આ બધાં વિષે જાતે આત્મ મંથન કરવું જોઈએ. હંમેશ માટે આપણે સાચા જ હોઈએ છીએ એવું માની લેવાની આપણે ભૂલ કરતાં હોઈએ છીએ. હંમેશા આવી પરિસ્થિતિમાંથી બહાર આવીને મનને એક સવાલ પૂછવો જોઈએ કે ખરેખર મે કેટલી કચાશ રાખી હતી મારા કામ માં ?

તમારે તમારી ભૂલોને એક કાગળમાં લખી નાખવી જોઈએ. એનાથી બે ફાયદા થશે, એક તો તમે તમારો અસફળતાનો ભાર તમારા મનમાંથી હળવો કરી શકશો. બીજો ફાયદો એ થશે કે તમે તમારી ભૂલોને વાંચશો તો ખૂબ જીણવટ પૂર્વક વાંચી શકશો અને એ ભૂલોને તમે તમારું શસ્ત્ર બનાવશો. એને તમે તમારી નબળાઈને શક્તિમાં ફેરવી શકશો.

ખૂબ જ અવલોકન કર્યા પછી તમને ખબર પડશે કે તમે માત્ર પ્રોબ્લેમ વિષે જ વિચારતાહતા કે હું સફળ ના થયો. હવે તમે પ્રશ્નોનું નિવારણ કરતાં થઈ જશો. તમારી ભૂલોને જ્યારે તમે લખીને વાંચો છો ત્યારે તમે તમારી જાત સાથે પ્રામાણિક બનો છો. તમને થાય છે કે તમે નિષ્ફળ ગયા તેમાં બીજાનો વાંક નથી.

હંમેશા આગળ નહિ વધી શકાશે નહીં એવા નકારાત્મક વિચારોથી તમે બહાર આવી શકશો. જેટલું તમે કામ નથી કર્યું તે કામ ફરીથી વધુ ક્ષમતાથી તમે કરી શકશો. તમે તમારા કામ પર કેન્દ્રિત થાઓ. તમે તમારા કામ પર માસ્ટરી મેળવશો. તમે જે કામ કરો તે કામના એક્સપર્ટ બની જશો તો તમને જીવનમાં કદી પણ નિરાશા આવશે નહીં.

મિત્રો, એક વાત ખાસ ધ્યાનથી જાણી લો કે તમે કેટલા કલાક અભ્યાસ કર્યો એના કરતાં કેવો અભ્યાસ કર્યો તે મહત્ત્વનો છે. ધ્યાન વગર વધુ સમય વાંચવા કરતાં ખૂબ જ ધ્યાનથી ઓછા સમયમાં વાંચો તો પરિણામ તમને સારું મળશે. હંમેશા વિચારોને ખૂબ જ ગંભીરતાથી અને ધીરજથી તમે કાબૂમાં લાવશો તો તમે જે પણ ક્ષેત્રમાં જશો ત્યાં તમે જરૂરથી સફળ થશો.

# સંપાદકીય...



✍ દક્ષા પટેલ

વિશ્વવ્યાપી કોરોનાની મહામારીએ જીવનની નશ્વરતાનો કારમો અનુભવ આપણને કરાવ્યો છે. સતત મૃત્યુના ભયના ઓથાર નીચે જીવવાનું જાણે આપણી નિયતિ બની ગઈ છે. કોરાનાના દર્દીએ પોતાના સ્વજનોથી દૂર એકલા રહેવું પડે છે. જે બંને માટે પીડાદાયક છે. મૃતકોના વધતા આંકડા માનવજાતને ધરમૂળથી હચમચાવી રહ્યા છે. ભય અને નિરાશામાં સમાજ સરી પડ્યો છે. ત્યારે વૈજ્ઞાનિકોના અવિરત પ્રયત્નોથી સાંપડેલી રસીએ ઈશ્વરની મદદ જેવો મોટો સધિયારો આપ્યો છે. એક નવું જીવન જીવવાની અમૂલ્ય તક ફરી આપી છે.

કોરોના સંક્રમિત દર્દી માટે ચૌદ દિવસ એકલતામાં કાઢવાનું કપરું હોય છે. જેમને વાચવાનો શોખ હતો, ટેવ હતી તેમને ચૌદ દિવસ આકરા નહોતા લાગ્યા. તેમની માટે કોરોનાને હરાવવાનું સરળ બન્યું હતું. વાચનથી તેમની હિંમત વધી, બળ મળ્યું, આત્મવિશ્વાસ વધ્યો, વિચારોને માનસિક વલણ હકારાત્મક બન્યા હતા. પુસ્તકોએ સ્વજનની ગરજ સારી, સ્વજન બની હૂંફ આપી હતી. મોબાઈલ ફોન, ટી.વી. ને કમ્પ્યૂટર તેના વિકલ્પ બની શકે છે, પણ તેમાં નકારાત્મક સમાચારો કે દુઃખદ બનાવો તરફ વધુ ધ્યાન જતું હોય છે. વાચનમાં મનની એકાગ્રતાને કારણે ચિંતાઓ, દુઃખ, વ્યથા વગેરે થોડા સમય માટે ભૂલી જવાય છે. એટલે નવા વિચારો માટે દિશા મળે છે.

આ અનુભવતી એક વાત સ્પષ્ટ થાય છે કે રોજીંદા જીવનમાં ઈતર વાચનની ટેવ સજાગ રહીને પાડવાથી, સારા પુસ્તકો મનની રુચિને કેળવીને સંતોષ છે, સંવર્ધન કરે છે, સંસ્કારોનું ઘડતર કરે છે. સર્વાંગી વિકાસની તક પૂરી પાડે છે. કાર્યક્ષમ વાચન કરવાથી વધુ ને વધુ વાચવાનું મન થાય છે, વાચનમાં રસ પડે છે અને જ્ઞાનની પ્રાપ્તિ તો ખરી જ ! આપણી સંવેદનાને ઝંકૃત કરે છે. અર્થપૂર્ણ શબ્દભંડોળ તથા નવું શબ્દભંડોળ વિકસે છે. ગંભીર, વિચારપ્રેરક પુસ્તકોનું વાચન જીવનને જોવાની અને મૂલવવાની દષ્ટિ કેળવે છે.

વાચનનો હેતુ ફક્ત જ્ઞાન મેળવવાનો નથી. વાચન સન્મિત્રની સોબત પૂરી પાડે છે. મિત્રના અનુભવ અને દષ્ટિ સીમિત હોય છે. પુસ્તકો દષ્ટિને વિસ્તારે છે. કાકા સાહેબ કાલેલકર કહે છે, "કેટલાંક પુસ્તકો પણ એવાં જ હોય છે, જેને આપણે પુસ્તક ન કહેતાં જીવંત વ્યક્તિ કહી શકીએ. પરમ સખા, મિત્ર અને ગુરુ ત્રણેનું કામ એક સાથે કહે છે." એક મહાન વિચારક બીજાનો પરિચય મેળવવા હંમેશા પૂછતાં, આજકાલ શું વાંચો છો ? સામેની વ્યક્તિનો વધુ પરિચય મેળવવા તે ફરીથી પૂછતાં, 'વારંવાર કયું પુસ્તક વાંચો છો ?' આમ વ્યક્તિના પરિચય તે શું વાંચે છે એથી ઘડાતો હોય છે.

રશિયન સાહિત્યકાર ચેખોવની એક વાર્તા આમ છે. એક માણસ દસ વર્ષના એકાંતવાસ માટે દસ લાખ રૂપિયાના ઈનામની જાહેરતા કરનારને ઘણો વિશ્વાસ છે કે કોઈ વ્યક્તિ એકાંતવાસ માટે આવશે નહીં. પણ એક માણસ દસલાખ રૂપિયાનું ઈનામ મેળવવા દસ વર્ષનો એકાંતવાસ સ્વીકારે છે. તેને એક ઓરડીમાં પૂરી દેવામાં આવે છે. તેની જરૂરિયાતો નોકર બહારથી પૂરી પાડે છે. ઈનામ જાહેર કરનારને પૂરી ખાતરી છે કે તે માણસ દસ વર્ષ પહેલાં જ એકાંતવાસથી ભાંગી પડશે ને પોતે શરત જીતી જશે. શરૂના મહિનાઓમાં અને વર્ષોમાં તે માણસ શારિરીક અને માનસિક રીતે ખૂબ પીડાય છે. સમય વીતતો જાય છે. એટલે ઈનામ જાહેર કરનારની અકળામણ વધતી જાય છે. રાહ જોતા જોતાં દસ વર્ષ પૂરા થઈ જાય છે. ઈનામ જાહેર કરનાર ઓરડીમાં ધસી જાય છે. તેને હતું કે માણસ મરેલી હાલતમાં જમીન પર પડ્યો હશે. પણ કંઈક જુદું જ હતું. માણસ ખૂબ જ પ્રસન્ન અને આનંદિત હતો. તેને નવાઈ લાગી માણસને કારણ પૂછ્યું માણસે કહ્યું કે તે નોકર પાસે સારા પુસ્તકો મંગાવી પુસ્તકોના સાનિધ્યમાં સરસ રીતે સમય પસાર કરતો હતો, મુક્ત વિહાર કરતો હતો. વાચન મારફતે સંતો, વિદ્વાનો પંડિતો, કલાકારો, દુનિયાની સંસ્કૃતિઓ, સભ્યતાઓનો પરિચય થયો. ઓરડીની ચાર દીવાલો વચ્ચે વાચન દ્વારા પ્રકૃતિ ને પર્યાવરણ સાથે જોડાયેલા રહેવાથી એકાંતનો અનુભવ થયો જ નહિ....

સારા પુસ્તકોનું વાચન મોટું પરિવર્તન આણી શકે છે. આ પરિવર્તન સ્વ, સમાજ અને રાષ્ટ્રનું હોઈ શકે છે. વાચન જીવન ઘડતરનું પાયાનું કામ કરે છે. તેનું મોટું ઉદાહરણ પૂ. ગાંધીજી જોહાનિસવર્ગથી ડરબન ટ્રેનમાં પ્રવાસ કરવાના હતા. ટ્રેનમાં સમય પસાર કરવા એમના સાથી પોલાકે એક પુસ્તક આપ્યું. ટ્રેન શરૂ થતાં જ ગાધીજીએ વાંચવાનું કર્યું. એક પાન, બીજું પાન, એમ કરતાં રાત દિવસ પુસ્તક વાંચતા રહ્યા. આશરે ૩૬ કલાકે ડરબન રેલ્વે સ્ટેશન ઊતર્યા ત્યારે સાવ બદલાઈ ગયેલાં. કહેવાય છે, જોહાનિસબર્ગ રેલ્વે સ્ટેશનથી ચડેલા મોહનદાસ કરમચંદ ગાંધી જ્યારે ડરબન રેલ્વે સ્ટેશન ઊતર્યા ત્યારે મહાત્મા ગાંધી બનવાનો આરંભ થઈ ચૂકેલો. એ પુસ્તક હતું જોહન રસ્કિનનું 'અન ટુ ધિસ લાસ્ટ' બધાના ભલામાં મારું ભલું છે એવું દર્શાવતા આ પુસ્તકમાંથી પૂ. ગાંધીજીને સર્વોદયનો વિચાર સ્ફુરેલો.

ફ્રેંચ ક્રાંતિ સમયના લેખક વિક્ટર હ્યુગો હતા. એમના પુસ્તક 'લા મિજરેબલ'ની તે સમયના સમાજના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા હતી. પુસ્તકના આરંભમાં જ નવલકથાનો અનેરો પરિચય થાય છે. જીન-વાલજીન નામનો કેદી જેલ તોડીને નાસતો ફરે છે. એક દેવળમાં આશરો લે છે. પાદરી તેને નવા વસ્ત્રો આપે છે. દેવળના ચાંદીના વાસણોમાં ભોજન કરાવે છે, ઊંઘવાની સરસ વ્યવસ્થા કરે છે. પણ અડધી રાતે એની અંદરનો ચોર સળવળે છે. તે ચાંદીના વાસણો કોથળામાં ભરી અડધી રાતે ભાગી જાય છે. ભાગતો ભાગતો પોલીસના હાથ પકડાય છે. દેવળના ચાંદીના વાસણો જોઈ, ચોરને પાદરી સમક્ષ હાજર કરે છે. પાદરીએ ચોરને કહ્યું, 'ભાઈ, ઉતાવળમાં આ ચાંદીની દીવડી ભૂલી ગયેલો તે પણ લઈ જા' પ્રેમ અને કરુણાનો એટલો તો હૃદયસ્પર્શી અનુભવ થાય છે કે તે ચોરમાંથી એક સારો જવાબદાર નાગરિક બને છે. ફ્રેંચ સંસ્કૃતિનો આ એક મોટો વળાંક પુસ્તક છે.

બાળકો, વિદ્યાર્થીઓ વાચન અભિમુખ થાય તે માટે વાલીઓ સૌથી પ્રબળ આધાર બનતા હોય છે. બાબા સાહેબ વિદ્યાર્થી હતા ત્યારે ખૂબ વાંચતા. તેમના પિતા ગરીબ હોવા છતાં એમની પુસ્તક વાંચનની જરૂરિયાત પૂરી કરતા. પુસ્તક માંગ્યું નથી કે તે પાઘડી પહેરી બજારમાં દોડી જતાં. પૈસા ના હોય તો દીકરીના ઘરેણાં ગીરવે મૂકી પુસ્તક લાવતા. પૈસાનો જોગ થતો ત્યારે ઘરેણાં છોડાવતાં. નાનપણથી વાચનની ટેવને કારણે બાબા સાહેબ એટલું ભણ્યા કે તેમનો બાયોડેટા 'World's Powerful Biodata'માં અગ્રસ્થાને છે. સ્વતંત્ર ભારતના બંધારણના ઘડતરમાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી છે.

કોરોના સમયમાં ઓક્સિજનની ખૂબ જરૂરિયાત ઊભી થઈ. વાંચન અને પુસ્તક મન માટે ઓક્સિજનથી ઓછાં નથી. જીવનની સમજ વિક્સાવે છે, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારે છે, પણ સૌથી વધુ તો આપણા વિપરિત સંજોગોમાં સાનિધ્ય અને હૂંફ આપે છે. દરરોજ અડધા કલાક માટે થતું ગંભીર વાચન આપણા મનને વધુ વિશાળ અને સક્ષમ બનાવે છે.

વિનોબાજી કહે છે તેમ જીવનના વિકાસ માટે ત્રણ પરિબળો મહત્ત્વના છે. વિજ્ઞાન, સાહિત્ય અને આધ્યાત્મક. આ ત્રણે પરિબળના પાયામાં વાચન અને પુસ્તકો, ચિંતન અને મનન, અભ્યાસ અને પરિશીલન. તેથી શિષ્ટ સાહિત્યના વાચનની સુટેવ સ્વવિકાસ માટે ખૂબ મદદરૂપ બને છે.

* જીવન એ દસ ગિયરવાળી સાઈકલ સમાન છે. આપણામાંથી મોટા ભાગના લોકો ગિયર્સ હોવા છતાં, એક પણ ગિયરનો ઉપયોગ કરતા જ નથી. **— ચાર્લ્સ શુલ્ટઝ**
* એકાદી વ્યક્તિ સૌને માટે નાયક, સૌની પ્રણેતા બને છે, એ એટલા માટે નહીં કે બીજા બધા કરતાં ધીરગંભીર અને હોંશિયાર હોય છે, પરંતુ એટલા માટે કે એ એના ધૈર્યને, એની હોંશિયારીને બીજા બધા કરતાં લાંબો સમય સાતત્યથી જાળવી રાખે છે. **— રાલ્ફ વાલ્ડો ઈમર્સન**
* ટીકાકાર એ હોય છે જેને બધાની કિંમત તો ખબર હોય છે પણ જેઓ કોઈનું મૂલ્ય નથી જાણતા. **— ઑસ્કર વાઈલ્ડ**
* 'તમે અમુક કાર્ય કરવા માટે સક્ષમ છો અને અમુક કાર્ય કરવા માટે સક્ષમ નથી, એવું જો તમે વિચારતા હો તો તમે યોગ્ય દિશામાં વિચારો છો, કારણ તમારાથી વધુ તમને પોતાને કોઈ ઓળખી નથી શકતું.' **— હેન્રી ફોર્ડ**

* તમે જો કોઈ વ્યક્તિ માટે કામ કરતા હો તો પ્રભુને ખાતર ખરેખર ફક્ત અને ફક્ત એને માટે જ કામ કરજો. **— કિમ હબાર્ડ**
* દૃઢતાની જગ્યા શિક્ષણ પણ નથી લઈ શકતું. આ જગત સમાજથી બહિષ્કૃત એવા ઘણા શિક્ષિતોથી ભરેલું છે. દૃઢતા અને નિર્ધાર એ બન્ને સર્વશક્તિમાન છે. **— કૅલ્વિન કૂલિજ**

# જુલાઈ ૨૦૨૦માં નવનિયુક્ત આચાર્ય ડો. આશિષ જનકરાય દવેનું સ્વાગત





# ૨૬ જાન્યુઆરી ૨૦૨૧ ધ્વજ વંદનનો કાર્યક્રમ





# ગુજરાત યુનિ. સ્થાનિક રમતગમત સમિતિ દ્વારા આયોજીત
# આંતરકોલેજ કોસ કન્ટ્રી દોડ સ્પર્ધા






# ગુજરાત યુનિ. સ્થાનિક રમતગમત સમિતિ દ્વારા આયોજીત આંતરકોલેજ ક્રોસ કન્ટ્રી દોડ સ્પર્ધા








# *From the desk of the Principal :*

✍ **Dr. Ashish Janakray Dave**

**आत्मार्थं जीवलोकेस्मिन् को न जीवति मानवः ।**
**परं परोपकारार्थं यो जीवति स जीवति ॥**

(*In this world ,everyone lives to satisfy their own welfares. But those who live a real and affluent life; are living for the sake of helping others.)*

The year 2020 was the most challenging year for the 21st century. The unfolding of the Covid – 19 pandemic has compelled us to encounter our worst fears, from losing our loved ones to loss of livelihoods, to being deprived of an entire way of life. The mandate of physical distancing has been most corrosive to our systems of education. Centers of learning are founded on the principle of intermingling of people to nurture the finer qualities of what it means to be a human being. The pandemic ruthlessly marred such a possibility. While the pandemic laid bare the fragility of our life worlds, it also forced us to think and act in creative ways to cope with the unprecedented situation. It has been a heart wrenching journey of loss but also a tale of resilience and the triumph of the indomitable human spirit to survive and flourish. At this juncture,I salute to COVID warriors of this country. I pay my humble tribute to former Head of Statistics Department – Former Principal of Shri H.K. Commerce College and former Secretary of Gujarat Vidyasabha - Brahmchari Vadi Trust Late Shri Ambubhai M. Patel who initiated for this magazine. His death is a big loss to the institute . I also offer my tribute to Late Prof. R. H. Vyas Sir who give unique name to the magazine - '*Samvedan'*.I also offer my tribute to Prof. Purushottamdas B. Parekh sir and Prof. D.H.Prajapati Sir and Prof. M.N.Modi sir for their dedication and contribution to the institute.

Magazine is the mirror of any institutions, the institution and the society can see their reflection in the mirror. The institution can plan for the progress of the institution through it . The magazine should be the momentous medium for the conversations with the government ,trustees, professors, , stakeholders and the students.

'Samvedan' magazine has been doing tremendous efforts to accomplish its role and responsibility for more than two decades with the contribution of former students. But with regret, I mention that this year, students do not make their engrossment in it because of current situation of the covid. I hope the situation will be again normal in future and again *'Samvedan'* will be the reflection of students emotions in real sense.

The setback of the 3-months long lockdown was countered by frenetic online activity to restore semblance of normalcy. The college smoothly transitioned to the online mode since early August, 2020. Classes began in full swing on Microsoft Teams. The College administration, under the able guidance of our learned teachers, made the shift possible. The Vice Principal and a core team of supportive faculty members prepared us thoroughly to operate in the digital space. The College conducted its process of admissions and the final semester internal examinations successfully in the online mode. While not a replacement for offline teaching, the digital mode has provided a valuable opportunities for the students and the teachers to continue the teaching-learning process during such difficult times. It is admirable that students showed great enthusiasm and adopted well to the virtual pedagogy. The 'Samvedan 2021' is a chronicle of our collective struggles and triumphs in making quality education possible during the pandemic at Shri H.K. Commerce college , Ahmedabad. It represents the promise of the team of this college mission to overcome limitations and offer a helping hand to those in need while remaining loyal to its pedagogical core. The efforts of the College in reaching out to those adversely affected by the twin crises of the 'Tauktae' , 'Cyclone' and the Covid-19 pandemic is noteworthy. In this tough time also, we have organized webinars on current topics like Vaccination motivation, Yoga-Ayurved and Nature to cure COVID – 19and so on.

I extend my sincere gratitude to Former Principal of Shri H. K . Arts College and Vice Presidentof Gujarat Vidhyasabha, Renowned Academician Shri Dr. Subhashbhai Brahmbhatt, , Shri Amrishbhai Shah, Secretary, Gujarat Vidyasabha - Brahmchari Vadi Trust and the the Advisory Board, my colleague, Vice Principal Prof. Sandhya Prajapati, Chief Editors of the magazine Prof. Daksha Patel,the Magazine Committee members, Dr. Dhimant Soni, Prof. Shailesh Gadhavi, Dr. Anant Thakorand Prof. Pragnesh Vyas, Prabhaben Pattani and the student editorial team for their substantial efforts. Without their support, this magazine would not have been published. I sincerely hope that *'Samvedan 2022'* will witness a reappearanceof recovering time .It will bring the optimism and the first gleam of the positivity for the strong and healthy world. The journey of this magazine will be the source of information for the students and the teachers. I personally thankful to the entire staff of this college for their warm welcome. I had to handed over the charge of Shri B.K.Patel arts and Smt. L.M.Patel Commerce College in such difficult time and taken charge in Shri H.K.Commerce College. I got cooperation from both the institutions. I am grateful for both the institutions for their warmth and tremendous support .The trustees and the staff made my all tough task very easy.

A divine ,Charismatic and unforgettable respected Swamiji ( Savli wala Swamiji) and Shri Bhramchari Baba may give me the strength to offer occasions to make my bright academic career. I pray the lord that I can give my best to all my members of Shri H.K.parivar.

सर्वे सन्तु निरामयाः ॥



# માતૃભાષાની અનિવાર્યતા

✍ દક્ષા પટેલ
એસોસિયેટ પ્રોફેસર, કોમર્સ ડિપાર્ટમેન્ટ

સમગ્ર વિશ્વમાં ૨૧ ફેબ્રુઆરી, 'વિશ્વમાતૃભાષા દિવસ' તરીકે ઉજવાય છે. આ ઉજવણી પાછળનો ઇતિહાસ જાણવા જેવો છે. પૂર્વ પાકિસ્તાનની (અત્યારનો બંગલાદેશ) રાજધાની ઢાકામાં ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ, ઢાકા યુનિવર્સિટિના વિદ્યાર્થીઓ એ એક આંદોલન શરુ કર્યું અને તેને દબાવી દેવા પોલિસે ગોળીબાર કર્યો, જેમાં કેટલાક વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યાં. આ આંદોલન પોતાની માતૃભાષા 'બંગાળી' માટે હતું. પાકિસ્તાન સરકારે ભાગલા બાદ ત્યાંની ભાષા ઉર્દુ ઠોકી બેસાડી, જ્યારે પૂર્વ પાકિસ્તાનની પ્રજાની મૂળ ભાષા બંગાળી હતી કારણ કે તે પ્રદેશ પશ્ચિમ બંગાળમાંથી છૂટો થયો હતો. માતૃભાષા માટે વિદ્યાર્થીઓનું આ બલિદાનની યાદ કાયમ રહે અને માતૃભાષાનો મહિમા સદા થતો રહે તે માટે સંયુક્ત રાષ્ટ્રસંઘની સાંસ્કૃતિક સંસ્થા યુનેસ્કોએ ૧૯૯૯માં આ દિવસને વિશ્વમાતૃભાષાદિન તરીકે ઘોષિત કરેલો છે. ઉજવણીનો મૂળ આશય ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને માન-સન્માન તેમ જ બહુભાષાવાદને પ્રોસ્તાહન આપવું તે રહેલો છે.

માતૃભાષાનો મહિમા સમજાવતાં પ્રખર વિચારક સ્વેટ માર્ટન કહે છે "ગરીબોની ગરીબી વ્યક્ત કરવાની, દુઃખીઓના દુઃખ ટાળવાની તન-મનનો થાક ઉતારવાની અને માંદાઓની માવજત કરીને તેઓના દુઃખ ભૂલવાવવાની જેટલી શક્તિ માતૃભાષા અને માતૃભાષી ગ્રંથોમાં હોય છે એટલી કદાચ અન્ય કશામાં નથી."

ભારત અને ઇઝરાયલ લગભગ સમાન સમયમાં આઝાદ થયા. ચાર હજાર વર્ષનો લાંબો ગુલામીકાળ વેઢ્યા પછી ઇઝરાયલ આઝાદ થયું, ત્યારે માતૃભાષા હિબ્રુમાં કોઈ પુસ્તક ન હતું, આથી આઝાદીના સાત વર્ષ સુધી શિક્ષણકાર્ય શરુ થયેલું નહિ. આ સાત વર્ષ દરમિયાન ઇઝરાયલના તમામ વિદ્વાનોએ વિનામૂલ્યે દિવસના વીસ-વીસ કલાક કામ કરીને વિશ્વના મહત્ત્વનાં અંગ્રેજી ગ્રંથોનું હિબ્રુમાં ભાષાંતર કર્યું. ત્યારબાદ માતૃભાષા હિબ્રુમાં શિક્ષણ શરુ થયું. આજે પણ વિશ્વના ૧૨૮ દેશોમાંથી ૧૧૬ દેશો પોતાની માતૃભાષામાં વ્યવહાર કરે છે. માતૃભાષાનો મહિમા જાણનારાઓને સારી પેઠે ખબર છે કે ભાષા જાય તો સંસ્કૃતિ જાય. પરભાષાના સેવનથી ક્રમશઃ સંસ્કાર અને સંસ્કૃતિ ભૂસાતા જાય છે. સ્વ ઓળખ નાશ પામે છે.

આપણે ત્યાં છેલ્લાં વર્ષોમાં લોકોના માનસ પર અંગ્રેજી ભાષાનું વાવાઝોડું ફરી વળ્યું છે. વાણી, વર્તન, પહેરવેશ, ખાનપાન અને શિક્ષણમાં તેનો પ્રભાવ વધતો ગયો છે અને ઊંડે સુધી પગપેસારો કર્યો છે. અંગ્રેજી વિશ્વભાષા છે, સમૃદ્ધ ભાષા છે, વિવિધ વિદ્યાશાખાઓમાં ઉચ્ચ અભ્યાસ માટે અંગ્રેજી અતિજરૂરી છે. પણ આ કારણસર માતૃભાષાને જાકારો આપવો, તેની અવહેલના કરવી, અણગમો રાખવો અને તેના ઉપયોગમાં શરમ સંકોચ રાખવો તે કેટલું ઘાતક છે એ વિચારવું રહ્યું.

આ ઉપરાંત વૈજ્ઞાનિક કારણસર પણ માતૃભાષા માટે ઉપેક્ષા સેવવી જોઈએ નહિ. બાળક માતાના ગર્ભમાંથી જ માતાની ભાષા શીખવા લાગે છે. માતૃભાષાને તેથી જ જન્મભાષા તરીકે ઓળખવામાં આવે છે. બાળક જન્મ પહેલાં જ માતૃભાષા પ્રત્યે અભિમુખ થઈ ચૂક્યું હોય છે. પાંચ વર્ષનું થતા સુધીમાં તો માતૃભાષાના આશરે બે હજાર જેટલા શબ્દો, અર્થ અને ભાવ સાથે શીખી ને અનુભવમાં લે છે. માતૃભાષા સમજીને અનુસરવાની પ્રક્રિયા બાળક માટે સરળ અને સહજ હોય છે. માતાપિતા અંગ્રેજી ભાષાના વ્યામોહને કારણે બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકે છે. વાસ્તવમાં ઘરમાં બોલાતી ભાષા જ શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ બની શકે છે. પરભાષામાં શિક્ષણ લેનાર બાળકનો બૌદ્ધિક વિકાસ રૂંધાય છે. માતૃભાષામાં શિક્ષણ લેનાર માતૃભાષાની મદદથી અંગ્રેજી પણ સારી રીતે શીખી શકે છે. બાળકના સર્વાંગી વિકાસ માટે, તેને પ્રતિભાશાળી

બનાવવા તથા મૌલિક અભિવ્યક્તિ ખીલવવા માતૃભાષા કામયાબ નીવડે છે. મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે કે પ્રાથમિક શિક્ષણ તો માતૃભાષામાં જ થવું જોઈએ. વ્યક્તિત્વના વિકાસ માટે, સ્વતંત્ર વિચારશક્તિ વિકસાવવા માટે, કંઈક નવું સર્જવા માટે માતૃભાષા જ યોગ્ય માધ્યમ છે. સચોટ રજૂઆત, સરળ સ્પષ્ટ સમજૂતી માટે માતૃભાષાનો કોઈ વિકલ્પ નથી.

વિશ્વના મહત્વના દરેક મહાકાવ્યો મૂળ કવિની પોતાની માતૃભાષામાં રચાયાં છે. કવિ હોમરનું 'ઇલિયડ' ગ્રીક ભાષામાં છે, વર્જિલનું 'ઇનીડ' લેટિનમાં છે, દાન્તેનું 'ડિવાઈન કોમેડી' ઇટાલીયન ભાષામાં છે. મિલ્ટનનું 'પેરેડાઈઝ લોસ્ટ' અંગ્રેજીમાં છે, જ્યારે વાલ્કમીકિનું 'રામાયણ'ને વ્યાસનું 'મહાભારત' સંસ્કૃતમાં છે. બધી પ્રજા અનુવાદ મારફતે પરસ્પર આ વારસાને પામી શકી છે.

વીસમી સદીના મહાન વૈજ્ઞાનિક આલબર્ટ આઈન્સ્ટાઈને પોતાના સંશોધનો હિબ્રુમાં જ કર્યા હતાં. વિજ્ઞાનક્ષેત્રે નોબલ પ્રાઈઝ મેળવનાર સી. વી. રામન અને વિખ્યાત અણુવિજ્ઞાની મિસાઈલ મેન ભૂતપૂર્વરાષ્ટ્રપતિ અબ્દુલ કલામ, સ્વતંત્રભારતના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ લીધું હતું. આપણા મહાન કવિ રવીન્દ્રનાથ ટાગોરે 'ગીતાંજલિ' કાવ્યસંગ્રહ મૂળ બંગાળીમાં જ રચ્યો હતો. તેને ૧૯૧૮માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું. જો કે ગીતાજલિનો અંગ્રેજી અનુવાદ કવિએ સ્વયંમ કરેલો હતો. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અંગ્રેજી સારું જાણતા હોવા છતાં પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' ગુજરાતીમાં લખી છે. મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી એ કહેલી વાત આપણે યાદ રાખવા જેવી છે કે અંગ્રેજી ભાષા ખપ પૂરતી છે. એટલે જ એમને એક કાવ્યમાં કહ્યું : આવ ગીરા ગૂર્જરી...

માતૃભાષા અંગે ગાંધીજીના વિચારોસૌએ જાણવા જોઈએ તેવા છે. વીસમી સદીના આરંભથી ગાંધીજીની આઝાદી પછીની એક નિસબત માતૃભાષા પ્રત્યેની હતી. એમના આ વિચારો અનેક પત્રો તથા વક્તવ્યોમાં વ્યક્ત થતા હતા. ગાંધીજીના અક્ષરદેહમાં માતૃભાષા સંદર્ભે નીચેના કેટલાક વિચારો નોંધવા જેવા છે.

- માતાના ધાવણની સાથે જે સંસ્કાર મળે છે ને જે મધુર શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચે જે અનુસંધાન હોવું જોઈએ તે પરભાષા મારફતે કેળવણી લેવામાં તૂટે છે. તે તોડનારના હેતુ પવિત્ર હો, છતાં તે પ્રજાના દુશ્મન છે. આપણે તેવા શિક્ષણના ભોગ થવામાં માતૃદ્રોહ કરીએ છીએ. પરભાષા દ્વારા મળતા શિક્ષણમાં નુકસાન એટલે જ નથી અટક્યું. શિક્ષિત વર્ગ અને પ્રજાવર્ગ વચ્ચે અંતર પડી ગયું છે.
- આપણે તો અંગ્રેજી કેળવણીમાં ધનપ્રાપ્તિ જોઈ એટલે તે ઉપયોગને પ્રધાનપદ આપ્યું. કેટલાકે સ્વદેશાભિમાન પોષ્યું. એમ મૂળ વિચાર ગૌણ થયો ને અંગ્રેજી ભાષાનો પ્રચાર મેકોલેની ધારણા કરતાં વધ્યો તેમાં આપણે ખોયું છે.
- નરસિંહ મહેતાની જે ભાષા છે, જેમાં નંદશંકરે પોતાનો કરણઘેલો લખ્યો, જેમાં નવલરામ, નર્મદાશંકર, મણિલાલ, મલબારી વગેરે લેખકો લખી ગયા છે, જે બોલીમાં મરહૂમ રાજચંદ્ર કવિએ અમૃતવાણી સંભળાવી છે, જે ભાષાની સેવા કરી શકે એવી હિંદુ, મુસલમાનને પારસી જાતિઓ છે, જેના બોલનારામાં પવિત્ર સાધુ થઈ ગયા છે, જે વાપરનારામાં ધનાઢ્યો છે, જેમાં પરદેશ ખેડનારા વહાણવટીઓ થઈ ગયા છે, જેમાં મૂળુ માણેક ને જોધા માણેકના શૂરાતનના પડઘા આજ પણ બરડા ડુંગરમાં સંભળાય છે. તે ભાષાના વિસ્તારની સામા હોય નહીં. તે ભાષાની મારફતે ગુજરાતીઓ કેળવણી ન લે તો તેઓ બીજું શું ઉજાળશે ? આ પ્રશ્નને વિચારવો પડે એ જ ખેદ છે.
- માતૃભાષાને કેળવણીનું વાહન કરવું એ ઇષ્ટ હોય તો તેનો અમલ થવા સારું આપણે શાં પગલાં ભરવાં જોઈએ એ વિચારવું જોઈએ. દલીલો આપ્યા વગર એ પગલાં મને સૂઝે છે તેવાં લખી નાખું છું :
  - અંગ્રેજી જાણનાર ગુજરાતીએ, જાણ્યેઅજાણ્યે પણ પરસ્પર વ્યવહારમાં અંગ્રેજીમાં પ્રયોગ ન કરવો.
  - જેને અંગ્રેજી અને ગુજરાતી બંનેનું સારું જ્ઞાન છે તેણે અંગ્રેજીમાં જે સારાં ઉપયોગી પુસ્તકો કે વિચારો હોય તે પ્રજા આગળ ગુજરાતીમાં મૂકવાં.
  - કેળવણી મંડળોએ પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાં.
  - ધનાઢ્ય પુરુષોએ ગુજરાતી મારફત કેળવણી આપવાની શાળાઓ જગે જગે સ્થાપવી.
  - ઉપલી પ્રવૃત્તિની સાથે જ સરકારને પરિષદોએ અને કેળવણી મંડળોએ અરજી કરવી કે બધી કેળવણી

માતૃભાષા મારફતે જ આપવી જોઈએ. અદાલતોમાં ને ધારાસભામાં વહેવાર ગુજરાતી મારફત થવો જોઈએ. ને પ્રજાનું બધું કાર્ય તે જ ભાષામાં થવું જોઈએ. અંગ્રેજી જાણનારને જ સારી નોકરી મળી શકે છે તે પ્રથા બદલી નોકરોને લાયકાત પ્રમાણે ભાષાભેદ રાખ્યા વિના પસંદ કરવા જોઈએ. ગુજરાતી ભાષામાં તેઓને જોઈતું જ્ઞાન મળે એવી શાળાઓ સ્થપાવી જોઈએ, એવી અરજી પણ સરકારને જવી જોઈએ.

- ૧૯૧૭માં બીજી ગુજરાતી કેળવણી પરિષદમાં કહ્યું, ''માતૃભાષાનો જે અનાદર આપણે કરી રહ્યાં છીએ તેનું ભારે પ્રાયશ્ચિત આપણે કરવું પડશે. તેથી પ્રજાએ ઘણું સહ્યું છે. તેમાંથી પ્રજાને છોડાવવી એ શિક્ષિત વર્ગની પહેલી ફરજ સમજુ છું.''
- મારી પાસે જો સરમુખત્યારની સત્તા હોય તો હું આપણાં છોકરાછોકરીઓને પરદેશ ભાષા દ્વારા અપાતું શિક્ષણ આજે બંધ કરી દઉં અને શિક્ષકો અને અધ્યાપકો તાબડતોબ આ ફેરફાર ન કરે તો તેમને બરતરફ કરું. પાઠ્યપુસ્તકો તૈયાર થાય ત્યાં સુધી હું રાહ જોઈને બેસી ન રહું. ફેરફાર થતાં તે તેની પાછળ ચાલ્યાં આવશે. આ એક અનિષ્ટ છે અને તેનો સત્વરે ઉપાય કરવો ઘટે છે.
- પોતાની ભાષા છોડીને પરભાષા દ્વારા બધો વ્યવહાર ચલાવે એવો કોઈ કંગાળ મુલક છે કે ? એટલે જ આપણો મુલક કંગાળ રહ્યો અને આપણી ભાષા રાંડીરાંડ રહી. અંગ્રેજીમાં તો એક પુસ્તક ફ્રેન્ચ કે જર્મન ભાષામાં એવું ન હોય કે જે બહાર પડ્યું કે થોડી જ વારમાં એનું અંગ્રેજી ભાષાન્તર ન થયું હોય. એટલું જ નહીં, ત્યાં તો બાળકોને માટે પણ ઉત્તમ પુસ્તકોના અઢળક સંક્ષેપો તૈયાર થાય છે.

('અક્ષરદેહ'માંથી)

- હતાશ થયેલાં માણસો હતાશાના કારણ ઓળખ્યા-સમજ્યા વિના કેવળ ફરિયાદ કરે છે. જીવન પાસેથી પણ આપણે આપણી શક્તિ પ્રમાણે જ મેળવી શકીએ છીએ. જીવનમાં આપણને બધું જ ઓછું પડે છે. ધન, સાધન, સગવડ, કીર્તિ, માન-અપમાન, ખિતાબ, પુરસ્કાર, પારિતોષિક, સત્તા, મહત્તા આ બધું જ ઊણું લાગે છે. કારણ કે આપણી અંદરની ભૂખ પ્રબળ છે અને ભીતરની ભીખ ઝાઝી છે.
- પ્રસંશા મને શરમાવે છે કારણ કે હૃદયને છાને ખૂણે મેં એને ઝંખી હતી. ઝંખનાના તબક્કાની સાથે જ ઝૂરવાનો તબક્કો શરૂ થાય છે અને માટે ઝુરીએ છીએ એ મળે નહિ ત્યારે આપણે અજંપાને કારણે જંપી શકતા નથી અને દોષ બીજા ઉપર ઓઢાડીએ છીએ. **– શ્રી રવિન્દ્રનાથ ટાગોર**
- માણસ એટલો જડ બની ગયો છે કે એના જીવનમાં ચેતનાના જે ભંડાર ભરેલા છે એ વિશે એને અણસાર સરખો નથી આવતો. દરેકના જીવનમાં પ્રકાશ અને પ્રેરણાની પળો અચૂક આવે છે. પણ આપણે એ પળોને ઓળખી શકતાં નથી. એટલે એળે જાય છે. જેણે સભરતમ જીવન જીવવાનો ભરપેટ આનંદ માણવો હોય તેણે આધ્યાત્મિક ચેતનાને જાગૃત રાખવા માટે પ્રયત્નશીલ રહેવું જ પડશે. આના અભાવમાં થાક લાગવાનો જ. **– શ્રી અરવિંદ મહર્ષિ**

- ગટરમાં તો આપણે બધા જ પડેલા છીએ પણ આપણામાંથી કેટલાકની આંખો તારા ઉપર મંડાયેલી છે. **– ઑસ્કાર વાઈલ્ડ**
- એવા માણસોનો ક્યારેય વિશ્વાસ ન કરો, જે તમારાં વખાણ જ વખાણ કરતા હોય. **– ખલીલ જિબ્રાન**
- માનવતા, આ કર્યું અને પેલુ કર્યું એમ સંતોષ લેવામાં નથી, માનવી થવામાં છે. **– કનૈયાલાલ મુનશી**
- જો કોઈ સ્ત્રીને ફાંસીની સજા થઈ હોય તો પણ તે પહેલાં પોતાના શણગાર માટે થોડી ક્ષણ માંગશે. **– સેમ્ફર્ટ**
- આત્મા અને પરમાત્મા વચ્ચે વાસનાનું વસ્ત્ર છે, એ ટળે તો જીવ શિવ થાય, આત્મા પરમાત્મા બને. **– ચિત્રભાનુ**
- કાં અસાધરણ થજે અથવા નામોનિશાનથી ટળી જજે, સૌના જેવો સાંજે સૂનારો ને સવારે ઊઠનારો ન રહેતો. **– ધૂમકેતુ**
- મેં મારા જીવનમાં એ બહું મોડું જાણ્યું કે 'હું નથી જાણતો' એમ કહેવું એ કેટલું બધુ સારું છે. **– સમરસેટ મોમ**



# ઉદ્‌ઘોષણા : એક કલા, એક વિજ્ઞાન

✍ ડૉ. હિના સક્સેના
એસોસિએટ પ્રો. મનોવિજ્ઞાન વિભાગ, શ્રી એચ. કે. આર્ટસ કોલેજ

ઉદ્‌ઘોષણા માટેનો અંગ્રેજી શબ્દ છે Announcement (અનાઉન્સમેન્ટ) અને ઉદ્‌ઘોષક એટલે Announcer (અનાઉન્સર) આજે કાર્યક્રમ સંચાલન અથવા કાર્યક્રમ ઉદ્‌ઘોષણા એક અત્યંત આકર્ષક અને પ્રસિદ્ધ કારકિર્દી બની છે ત્યારે તેનાં વિવિધ સ્વરૂપો, તે માટેનાં જરૂરી કૌશલ્યો અને જ્ઞાનની ચર્ચા આ લેખમાં કરવાનો એક પ્રયાસ છે.

આજે ઉદ્‌ઘોષણા માટે જે પ્રચલિત પર્યાયવાચી શબ્દો છે, તે છે : અનાઉન્સર, સંચાલક, એન્કર, કોમ્પેયર, ડી.જે., આર.જે., વી.જે. વગેરે... આ બધાં સ્વરૂપોમાં ઉદ્‌ઘોષકની ભૂમિકા, શૈલી અને વિષયવસ્તુમાં થોડાઘણા તફાવતો હોય છે. જેમ કે,

1. **અનાઉન્સિંગ :** કોઈ વાસ્તવિક હકીકત, બનાવ, હેતુનું જાહેર પ્રસારણ અને ઔપચારિક ઉદ્‌ઘોષણા એટલે અનાઉન્સિંગ. ઔપચારિક કથનમાં જાહેર પ્રસારણ.

   દા. ત., ભક્તિ સંગીતનો કાર્યક્રમ હોય તો એટલું કહેવાય કે 'હવે પછીની કૃતિ, બ્રહ્માનંદનું એક પદ પ્રસ્તુત કરશે - કુ. રશ્મિ પટેલ, સ્વર રચના શ્રી દિલીપ ધોળકિયાની છે.'

2. **કોમ્પીયેરીંગ :** કોઈપણ કાર્યક્રમની વિભિન્ન પ્રસ્તુતિઓ, મનોરંજન કૃતિઓ કે પછી કાર્યક્રમમાં ભાગ લેતા કલાકારો કે વસ્તાઓને શ્રેણીબદ્ધ રીતે સાંકળીને કરાતી ઉદ્‌ઘોષણા. આમાં પ્રસ્તુતિઓ, કૃતિઓ, વક્તાઓ કે કલાકારોનો પરિચય, વિસ્તૃત માહિતી અને ભૂમિકાની રસપ્રદ અને અલંકૃત ભાષામાં રજૂઆત કરાય છે.

   દા. ત., આપે નિહાળ્યું પંજાબનું લોકનૃત્ય ભાંગડા અને હવે, આવો નિહાળીએ, ગુજરાતનું લોકનૃત્ય ગરબો. ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'ગર્ભદીપ' પરથી ઊતરી આવ્યો છે. 'ગર્ભદીપ' એટલે માટીના ઘડામાં મૂકેલો દીપ. દીપને પ્રાણવાયુ મળે તે માટે ઘડામાં ફરતાં છિદ્રોહોય છે.

3. **એંકરિંગ :** ઉદ્‌ઘોષણાના આ સ્વરૂપાં ઉદ્‌ઘોષકની ભૂમિકા એક સંકલનકર્તા તરીકેની હોય છે, જેમાં કોઈ એક વિષય પરના ઉપલબ્ધ વિવિધ અહેવાલોને સાંકળીને માહિતીને સાંકળીને વિષય પર રજૂઆત કરવાની હોય છે. આ પ્રકારનું એન્કરિંગ ટી.વી. ચેનલો પર આવતી ચર્ચાઓમાં, પેનલ ચર્ચાઓમાં, ગોષ્ઠિઓ (talks) અથવા સંકલિત કાર્યક્રમો (ફિલ્મી ગીતો, જીવન ચરિત્રલક્ષી કાર્યક્રમો)માં સાંભળવા મળે છે.

   દા. ત., યુવા પ્રવૃત્તિઓ અને ચારિત્ર્ય ઘડતર એવા વિષય પર એક ચર્ચાનું આયોજન કરાયું હોય તો તેમાં યુવા પ્રવૃત્તિ નિર્દેશક, યુવતીઓ, શિક્ષિકા, સરકારી બિન-સરકારી સંસ્થાઓમાં યુવાપ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો સાથે એન્કરે સમગ્ર ચર્ચાનો દોર સંભાળવાનો હોય છે.

ઉદ્‌ઘોષણાનાં આ વિવિધ સ્વરૂપોમાં જે થોડા નવા પ્રકારો સમૂહ માધ્યમોના બદલાતા સ્વરૂપોને કારણ ઉમેરાયા છે તે છે એફ એમ રેડિયોના રેડિયો જોકી, પાર્ટીઓમાં ડી.જે. એટલે ડિસ્ક જોકી, ક્લબોમાં રમાતી હાઉઝી અને બર્થડે પાર્ટીમાં રમાતી રમતો માટે ગેમ જોકી અને ટી.વી. કાર્યક્રમોમાં વી.જે. કે વીડિયો જોકી....

## એક કલા એક વિજ્ઞાન :

ઉદ્‌ઘોષણાના વિભિન્ન પ્રકારોમાં કેટલુંક જ્ઞાન અને કેટલાંક કૌશલ્યો આવશ્યક છે. તેથી જ ઉદ્‌ઘોષણા એક કલા અને એક વિજ્ઞાન છે. ઉદ્‌ઘોષમા એક કલા છે, કારણ તેમાં આવશ્યક છે કેટલાંક કૌશલ્યો જેવા કે -

1. **અવાજનો ઉત્કૃષ્ટ ઉપયોગ :** કાર્યક્રમના સ્વરૂપ અનુસાર (તે નૃત્ય સંગીતનો કાર્યક્રમ છે તે પછી શ્રદ્ધાંજલિ કે પછી દિગ્ગજ પદાધિકારીના અધ્યક્ષપદે ગરિમાસભર કાર્યક્રમ) સભાના કદ અનુસાર (200-500ની સભા કે વિશાળ ખુલ્લા મેદાનમાં એકઠી જનમેદની) અવાજનું નિયંત્રણ થવું જોઈએ. અવાજ કર્ણપ્રિય હોય તે ઇચ્છનીય, પરંતુ સ્પષ્ટ રીતે લોકોને સંભળાય તે વધુ જરૂરી હોય છે. જ્યાં જરૂર હોય ત્યાં અવાજ ખોલીને સ્પષ્ટ બોલવું જોઈએ. દાંત અને હોઠ બીડીને બોલવાથી અવાજ દબાઈ જાય છે.

2. **ઉચ્ચારણ શુદ્ધિ :** શુદ્ધ ઉચ્ચારણ સારી ઉદ્‌ઘોષણાનું સૌથી મહત્વપૂર્ણ પાસું છે. જો ઉચ્ચારણ શુદ્ધ નહીં હોય અને અવાજ પણ ધીમો હશે તો શ્રોતાઓ થોડો સમય સાંભળવાની મથામણ કરશે પછી સાંભળવાનું બંધ કરી દેશે. આવા સમયે સભાગૃહમાં લોકો અંદરોઅંદર વાતો કરવાનું શરૂ કરે છે અને ઉદ્‌ઘોષકની નોંધ લેવાતી નથી. સ્પષ્ટ ઉચ્ચારણ માટે યાદ રાખવું કે જે સ્વર અને વ્યંજન મોઢાના જે વાગ્વય્વો ઉપયોગ કરીને બોલવાના હોય તે રીતે જ બોલવા.

3. **ભાષાબળ :** આ કૌશલ્ય માત્ર ને માત્ર વાંચન દ્વારા વિક્સાવી શકાય છે. એક ડાયરી રાખો. વાંચતાં વાંચતા જે ગમે તે તેમાં લખતા જાવ. કાર્યક્રમનાં વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી ડાયરીમાં શીર્ષક આપી ભાગ પાડી શકાય. જેમ કે સ્વાગત, દીપ પ્રાગટ્ય, પુષ્પોથી સ્વાગત, સન્માન સમારંભ, ભક્તિ કાર્યક્રમ, ઉદ્‌ઘાટનો, શિલાન્યાસ સમારંભ વગેરે પછી જ્યારે કોઈ પંક્તિઓ કે વિચાર કે કથન ગમે તો જ્યાં બંધબેસતું હોય તે મથાળા નીચે નોંધો. આવી અનેક પંક્તિઓ અને ઉક્તિઓ હવે વિવિધ વેબસાઈટ પર પ્રાપ્ત છે. પૂરતીઓ, સામયિકો, વિશેષ અંકોના કટિંગની ફાઈલ નાવો. સારા ઉદ્‌ઘોષક પાસે સારી સ્ક્રિપ્ટ હોવી જોઈએ.

4. **શબ્દભંડોળ :** શબ્દભંડોળ એટલે Vocabulary. એક શબ્દના અનેક પર્યાયો, વિવિધ ભાષામાં તેના પર્યાયો તેના વિવિધ અર્થોનું પણ ધીરે ધીરે ભંડોળ એકત્રિત કરવું. વાંચનથી શબ્દભંડોળ વધે છે, પરંતુ તે બધા જ શબ્દોનો ઉપયુક્ત ઉપયોગ અને સાચું ઉચ્ચારણ આવડે તે પણ એટલું જ જરૂરી છે. પ્રનન્સીએશન (Pronunciation) સાચું ઉચ્ચારણ અને શુદ્ધ ઉચ્ચારણ સારા ઉદ્‌ઘોષકનું પ્રશંસનીય લક્ષણ છે.

5. **લેખનકૌશલ્ય :** એક સારા ઉદ્‌ઘોષક માટે જરૂરી છે કે તે કાર્યક્રમના માળખાને અનુસરી પ્રત્યેક પાસા માટે આરંભથી અંત સુધીની સ્ક્રિપ્ટ તૈયાર કરે અને પછી આયોજકો સાથે મળી અગત્યની નોંધ અથવા છેલ્લી મિનિટના સુધારા ઉમેરતા જાય. ઘણીવાર આ સ્ક્રિપ્ટ સમગ્ર કાર્યક્રમના મુખ્ય વિચારને પકડીને સાંકળીને લખાઈ હોય તો ક્યારેય વૈવિધ્યસભર પણ હોઈ શકે. દા. ત., શિક્ષણ પ્રવૃત્તિઓ કાર્યક્રમ હોય તો સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય વિચાર શિક્ષક, શિક્ષણ, વિદ્યાર્થી, કેળવણી રાખીને મહાન વ્યક્તિઓના વિચારો, ઉક્તિઓ, પંક્તિઓ, શ્લોકોનો સંદર્ભ આધાર લઈને સ્ક્રિપ્ટ લખી શકાય. કાર્યક્રમમાં ઉદ્‌ઘોષકની ભૂમિકા માત્ર સાંકળવાની હોય છે, મુખ્ય કાર્યક્રમ કે કલાકાર સાથે સહકારની ભૂમિકા હોય છે, તેણે પોતાનું પ્રાધાન્ય ઓછું રાખી મુખ્ય કાર્યક્રમને દીપાવવાનો હોય છે. મુખ્ય કલાકારને મહત્ત્વ આપવાનું હોય છે.

6. **દૈહિક ભાષા :** સારા ઉદ્‌ઘોષકની દૈહિક ભાષા એટલે કે Body language પણ હકારાત્મક હોવી જોઈએ. દૈહિક ભષામાં તેનો પહેરવેશ, આંખો અને ચહેરાના હાવભાવ, ઊભા રહેવાની ઢબ, હાથપગનું હલનચલન સંતુલિત અને કાર્યક્રમના સ્વરૂપ તથા પ્રેક્ષકોની સામાજિક અપેક્ષાઓ મુજબનું હોવું જોઈએ. કેવા મંચ અને કેવી સભામાં કેવા પોષાક હોવા જોઈં, કેવા કાર્યક્રમમાં કેવી ઢબ અને કેવા હલનચલન હોવા જોઈએ તે કૌશલ્ય કેળવવું જોઈએ.

7. **વિનોદવૃત્તિ :** વિનોદવૃત્તિ સારી ઉદ્‌ઘોષકનું અત્યંત આકર્ષક પાસું છે. પરંતુ તેનો ઉપયોગ ક્યાં, કેવી રીતે કેટલા સંયમથી કરવો તે એટલું જ મહત્ત્વપૂર્ણ છે. અનેક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોમાં ઉદ્‌ઘોષકની વિનોદવૃત્તિને કારણ આયોજકોને અપમાનજનક, દુવિધાજનક, શરમજનક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે.

8. **ચપળતા અને સ્વયંસ્ફુરિત પ્રતિક્રિયા** (Spontaneity) એક સારા ઉદ્‌ઘોષકમાં આ લક્ષણો આવશ્યક છે. જોકે અનિવાર્ય નથી. કાર્યક્રમમાં કોઈ વિક્ષેપ પડે કે વિલંબ થાય તો આયોજકનો ઈશારો પામતાં જ તે ક્ષણ સાચવી લેવી જોઈએ, પરંતુ આવા સમયે ટૂંકી ઉદ્‌ઘોષણા કરવાથી વધુ કોઈ ગૂંચવણ સર્જાતી નથી.

9. **વિવેકબુદ્ધિ :** વિવેકબુદ્ધિથી ઉદ્‌ઘોષકનાં બૌદ્ધિક સામર્થ્ય (વિનમ્રતા અને વ્યક્તિત્વના હકારાત્મક પાસાંનાં દર્શન થાય છે. સંચાલન કરતી વખતે મંચ ઉપર ઉપસ્થિત કયા મહાનુભાવોનો કેવી રીતે પરિચય આપવો, કેવાં માનવાચક સંબોધન કરવા, બોલવામાં ક્યાં કેટલો સંયમ રાખવો વગેરે મહત્ત્વપૂર્ણ બને છે.

ઉદ્‌ઘોષણા એક વિજ્ઞાન છે, કારણ તેમાં આવશ્યક છે કેટલુંક જ્ઞાન-પદ્ધતિઓનું અને પ્રક્રિયાઓનું હોવું જેવું કે :

1. **ધ્વનિ ઉત્પાદનના ભૌતિકશાસ્ત્રની સમજણ :** (Physics of sound) નાભિમાંથી નીકળતો અવાજ શ્રેષ્ઠ હોય છે તેવી એક માન્યતા છે, પરંતુ ઉદ્‌ઘોષણા માટે ગળામાંની

સ્વરપેટીમાંથી નીકળેલો અવાજ વાગ્વયવો દ્વારા શબ્દદેહે આકાર લે છે. અવાજનું નિયંત્રણ ગળામાંથી થાય છે. Diaphragm દ્વારા ધકેલાયેલી હવાથી સ્વપેટી (Vocal Chords) ઝંકૃત થાય છે (Vibrate) અને ધ્વનિ ઉત્પાદિત થાય છે. આ diaphragm સ્વરપેટીના (harmonium) ધમણનું કામ કરે છે અને સ્વરપેટી તેની કાળી-ધોળી ચાવીઓનું કામ કરે છે. બંનેનું સાથે કામ કરવું જરૂરી છે. ધમણ હવા ભરે પણ ચાવીઓ કામ ન કરે તો ધ્વનિ ઉત્પાદિત થતો નથી અને ગમે તેટલી ચાવો દબાવીઓ પણ ધમણથી હવા ન ભરીએ તો પણ ધ્વનિ ઉત્પાદિત નથી થતો. આમ ધ્વનિ ઉત્પાદનમાં શ્વાસોચ્છ્વાસ અને સ્વરપેટી અગત્યના છે અને શબ્દ આકારમાં મોઢાના વાગ્વયવો.

2. **ઉચ્ચારણ વિજ્ઞાન :** ઉચ્ચારણ શુદ્ધિ માટે ઉચ્ચારણનું વિજ્ઞાન એટલે કે Articulation, Phonetics (ઉચ્ચારણ અંગેનું વિજ્ઞાન) Pronunciation વગેરેનું ઊંડાણપૂર્વકનું અધ્યયન કરવું પડે છે, ઉચ્ચારણ કયા ખોટા છે, કેમ ખોટા છે, કેવી રીતે સુધારી શકાય, કયા સાચા, કઈ ભાષામાં કેવા ઉચ્ચારણ તફાવતો હોય છે તેનું સજાગતાપૂર્વક અધ્યયન કરતા રહેવું જોઈએ.
3. **મંચ / કાર્યક્રમના ઔચિત્ય :** ઉદ્‌ઘોષણામાં Protocol નું જ્ઞાન પણ અનિવાર્ય છે. કાર્યક્રમમાં કયા સ્થાને કયા મહાનુભાવ છે અને કોને કયા ક્રમે પ્રાધાન્ય આપવું તેનું જ્ઞાન હોવું જોઈએ.
4. **સાધનોની પરિચિતતા :** મંચ પર ઉદ્‌ઘોષણા માટે ઉપયોગમાં લેવાતાં માઈક, પોડિયમ અને પ્રકાશ આયોજન સાથે પરિચિત થવું જરૂરી છે. ઉદ્‌ઘોષકે અને પ્રકાશ આયોજન સાથે પરિચિત થવું જરૂરી છે. ઉદ્‌ઘોષકે પોતાની ઊંચાઈ પ્રમાણે પોડિયમ, માઈક અને પોતે વાંચી શકે તે રીતે પ્રકાશ આયોજનની વ્યવસ્થા કરાવી લેવી જોઈએ. માઈક્રોફોન કયા પ્રકારનું છે ? કોર્ડલેસ છે, બેટરીવાળું છે, ઓન-ઓફ સ્વીચ કેવી રીતે કામ કરે છે ? લેવલ માઈક હોય તો ક્યાં કેવી રીતે પહેરવું વગેરે અગાઉથી લેવું. સ્પીકર અને મોનિટરની સામે ઊભા રહી કે બેસીને ઉદ્‌ઘોષમા કરવાથી સીટી (whistling) વાગવાની સંભાવના રહે છે તે યાદ રાખવું. કાર્યક્રમ અગાઉ માઈકમાં બોલી ધ્વનિ-અવાજનું સંતુલન (Voice balancing) ચકાસી લેવું.

## આટલું ધ્યાન રહે :

1. શબ્દપ્રયોગ જાળવીને કરશો. વિશેષણો, અનેક શબ્દોથી ઠસાઠસ લાંબા વાક્યો, અઘરા શબ્દો, દ્વિઅર્થી શબ્દો, કટાક્ષ ટાળશો.
2. મહાનુભાવોની જાણ વિના, તેઓની મરજી વિના તેમને વક્તવ્ય માટે આમંત્રિત ન કરશો.
3. આયોજકની સંમતિ વિના કોઈ પણ નિર્ણય ન લેશો.
4. કાર્યક્રમમાં ઔચિત્યનો (Protocol) નો ભંગ ન થાય.
5. બોલતા ન હોઈએ ત્યારે માઈક બંધ રાખવાનું ધાયન રહે.
6. વિવિક-વિનય જાળવો, આપનો સ્વભાવ અને વાણી મૃદુ રહે તથા મિજાજમાં સંયમ જાળવશો.(Attitude સારો રાખવો, Temperament શાંત રાખવું.)
7. સમયમાં પાબંધ રહેશો.
8. મહાનુભાવો જે વિષેય પર બોલવાના હોય કે બોલી રહે ત્યારે તે પર તમારા વિચાર, જ્ઞાન મંતવ્યો કે ટિપ્પણી પ્રદર્શિત ન કરો.
9. જો આપ મહાનુભાવોને ઓલખતા હો કે પરિચિત હો તો તેઓ વિશેની કોઈ અંગત કે અનૌપચારિક ટિપ્પણી ન કરવી અને ‘મારા મિત્ર’, ‘અમે સાથે ભણતા’ એવી કોઈ અંગત પરિચિતતા દર્શાવવી નહીં.
10. આપ ઉદ્‌ઘોષણા કરતા હો અને આયોજકો કે મંચસ્થ મહાનુભાવોમાંથી કોઈ આપને સૂચન કરે, ટકોર કરે, ભૂલ સુધારે તો વિવેકપૂર્ણ સંયમ રાખી તેને અનુસરશો. કોઈ વાદ-વિવાદમાં પડશો નહીં.

આ લેખમાં આપને કેટલાક માર્ગદર્શક મુદ્દાઓની સમજણ આપવાનો પ્રયાસ કર્યો છે. જેના પર આપે પોતે કામ કરવાનું રહેશે. એક સારી કારકીર્દિ માટે આપે આકાશવાણી, દુરદર્શન, કેટલીક સામાજીક, વ્યાવસાયિક સંસ્થાઓ, રેકોર્ડિંગ સ્ટુડિયોઝનો સંપર્ક કરી પોતાના અવાજમાં બનાવેલી ઓડિયો સીડી આપવી જોઈએ. કૌશલ્યો અને જ્ઞાન વિક્સાવવા માટે બીજા મોટા ગજાના વરિષ્ઠ અનાઉન્સરોને સાંભળો અને પોતાના અવાજમાં રેકોર્ડ કરીને પણ વારંવાર સાંભળવાથી તમને તમારી ભૂલો સમજાશે. આ કારકીર્દિ રાતોરાત વિકાસવી શકાતી નથી અને ઉદ્‌ઘોષણાની કલા દેખા છે તેટલી સરળ નથી. આ કામ કાર્યક્રમો કરતાં કરતાં મહાવરાથી શીખાય છે.

# કોલેજ દ્વારા આયોજીત રમોત્સવ





# કોલેજ દ્વારા આયોજીત રમોત્સવ





# કોલેજ દ્વારા આયોજીત રમોત્સવ






# કોલેજ દ્વારા આયોજીત રમોત્સવ






# Review of the Series of Webinar's

## Organised by Shri. H. K. Commerce College, Ahmedabad, Gujarat.

During October and November, 2020, Shri H.K. Commerce College, Ahmedabad organised several seminars/ webinars for the skill enhancement and career development of their students. I am Dr. Mayur Vyas, Assistant professor and Course coordinator of BMS course at SVKM's UshaPravin Gandhi College of Arts, Science and Commerce which is affiliated to Mumbai University in Maharashtra. I was a part of the National Webinar that took place on Tuesday, 3rd November, 2020 and the topic for the webinar was "Career opportunity in voice over industry". I was a part of the pannel which had other eminent and experienced resource persons like Dr. HinaSaxena and Shri KamleshUdasi. The webinar covered topics like:

- What are the skills and qualities required in order to be a voice artist ?
- How one can start ?
- Where to get the preliminary training or experience ?
- What are the avenues with in voice over industry that new entrants can explore ?
- How to grow and develop after getting established as a voice artistes ?

I have been working in the voice over industry since last 20 years and I have addressed several seminars, workshops and Guest sessions on the topic, but this webinar was unique.

***The thoughtful ideas of organisers, eminent speakers and interactions of participants made this webinar a very special experience for me.***

***As a voicing professional, I spoke on how to train and maintain your voice. I shared my 20 years of experience and also how I got casted as the voice of Superstar Rajanikant. Also how to make your demo reels and how to face auditions and the thin line of difference between voice overs and voice acting.***

I personally feel that the efforts taken by the Convener of the webinar Dr. Ashish J. Dave and his super efficient team was commendable. Everything was very professionally organised to give away a flawless learning experience to the participants. I really appreciate the initiative and wish that more and more such industry-academia webinars will be organised in the future. I would be glad to stay associated with Shri. H.K. Commerce College and looking forward to be the part of their innovative activities.



**Dr. Mayur Vyas**
Assistant Professor and Course co-ordinator,
BMS SVKM's UshaPravin Gandhi College of
Arts, Science and Commerce
Affiliated to Mumbai University



# Research & Publication Ethics in Humanity & Social Science[1]

✍ **Dr. Sumanta Dutta**
Assistant Professor,
Post Graduate and Research Department of Commerce
St. Xavier's College (Autonomous), Kolkata.

## l. INTRODUCTION :

Research is all about creating new knowledge and understanding through in-depth observations from the view point of the researcher. Since researcher work in a dynamic global research ecosystem with multiple stakeholders with diverse interests, it *is* necessary for them to maintain research integrity, based on a set of shared values that include ethics, relevance, transparency, respect and accountability etc. Research related misconduct is not a new phenomenon. It can occur at any stage of the research cycle from the initial stage of selection of the research problem, through to the dissemination of the research outputs, to fellow researchers, decision-makers, and the public at large. So, we have to maintain the research integrity at every stage of our research journey. A researcher requires adherence to some basic ethical practices. Since, all Higher Educational Institute (HEI) under affiliated bodies like UGC and AICTE within India are also bestowed with the responsibility of training young minds with the appropriate methods of research.

## 2. SCIENTIFIC MISCONDUCT & RESEARCH FRAUD :

It is on the rise with the increasing emphasis on research by many academic institutions. A review of the literature shows various reasons behind this trend, from the difficulty of publication to the constant pressure to publish in academia.

On the other hand, research fraud is an unethical process where publishing data or conclusions that were not generated by experiments or observations, but through data manipulation. Following frauds are find in scientific and research publishing: FFP (Fabrication; Falsification & Plagiarism). We will discuss the issues with the help of few cases related to research :

## 3. MANAGING PUBLICATION ETHICS :

### 3.1 CASE I :

### MANAGING AUTHORSHIP :

[1] Disclaimer: This article is based on my presentation on National Webinar on "Research & Publication Ethics in Humanity and Social Science" Organised in joint collaboration with Shri H K Commerce College, Ahmedabad and Universities Commerce &. Management Teachers' Association (Gujarat State). Part of this article is reproduced from my forthcoming book on "Research and Publication Ethics in Social Science".

An author should have contributed to the manuscript in at least one or more of the following ways :

- Significant contributions to conception and/or design of the work
- Acquisition, analysis, *and/or* interpretation of data generated/ collected during the work
- Drafting/editing the work or revising it critically and thus contributing important intellectual content.

**TYPES OF AUTHORSHIP :**

- Ghost authorship
- Guest authorship
- Gift authorship

**COPE GUIDELINES :**

- SUBMIT: Adopt transparency policy around who contributed to the submitted work and in what capacity.
- ENCOURAGE: Create awareness about use of emerging standards like ORCID.
- BEHAVIOUR: Check unusual patterns of behaviour that may create authorship problems.

**3.2 CASE II :**

**CONFLICT OF INTEREST :**

Conflicts of interest comprise those which may not be fully apparent and which may influence the judgment of author, reviewers, and editors. Editors, authors, and peer reviewers should disclose their interests that might appear to affect their ability to present or review work objectively. Some of the ways to avoid it are given below :

- Adopt a policy of complete disclosure especially with respect to the financial conflicts;
- Use scientific merits when conducting a grant or manuscript evaluation;
- If there exists any doubt, editors should opt for greater disclosure from the author;
- If authors state that there are no conflicts of interest, editors should publish a confirmation to this effect;

**3.3 CASE III :**

**DATA FABRICATION AND FALSIFICATION :**

Data fabrication means the researcher did not actually do the study, but faked the data. Data falsification means the researcher did the experiment, but then changed some of the data.

**3.4 CASE IV :**

**MULTIPLE SUBMISSIONS :**

It is unethical to submit the same manuscript to more than one journal at the same time. Doing this wastes the time of editors and peer reviewers, and can damage the reputation of the authors and the journals if published in more than one journal as the later publication will have to be retracted.

**3.5 CASE V :**

**REDUNDANT PUBLICATIONS :**

Redundant, duplicate, or repetitive publications occurs when two or more papers, without full cross reference, share the same hypothesis, data, sample size, identical methodology, or similar

conclusions. The following ways such unethical act can be undertaken by a researcher.

- Reproduction of an article already published using identical sample and outcomes;
- Assembly of two or more articles to produce another article;
- Reporting of different outcomes from the same study sample;
- New data is added to a preliminary article.

**WAYS TO AVOID DUPLICATE/ RE-DUREDUNDANT PUBLICATIONS :**

- Published studies do not need to be repeated unless further confirmation.
- Cite all related papers, including those submitted but not yet accepted;
- Make full disclosure about any previous submissions
- Be clear in submitting a manuscript what new information it contains;

## 3.6 CASE VI :

## SALAMI SLICING :

In other words, authors divide their findings from a single study into minimally publishable pieces. Unlike duplicate publication, which involves representation of the exact same data in two or more publications. At the time of submission, authors should disclose details of related manuscripts closely related to the manuscript under consideration

## 3.7 CASE VII :

"Plagiarism" means an act of academic dishonesty and a breach of ethics. (UGC, 2018).

In other words, it means the use of others published and unpublished (e.g. un-publishedtheses and dissertations) ideas or words (or other intellectual property) without attribution orpermission and presenting them as new and original rather than derived from an existing source.

Recently, UGC, a statutory body the Government of India has adopted a new policy and consequently has passed regulation on July 23, 2018 to deal with the issues related to academic integrity and plagiarism. The regulations on "Promotion of Academic Integrity and Prevention of Plagiarism in Higher Educational Institutions" adopted by the University Grant Commission (UGC) has come up with various issues. In the said regulation, point no. 8 specifically deals with levels of plagiarism based on ascending order of severity (see. Table : 3.1).

**Table : 1 Levels of Plagiarism[2]**

**(Based on UGC recommendation based on ascending order of severity)**

| Level of Similarities | Characteristics |
|---|---|
| Level 0 | Similarities upto 10% i.e., minor similarities, no penalty |
| Level 1 | Similarities above 10% to 40% |
| Level 2 | Similarities above 40% to 60% |
| Level 3 | Similarities above 60% |

Source : UGC Guideline (2018)

## 4. ETHICS OF PUBLICATION : A FINAL REVIEW :

- Not based on plagiarized content;
- Accuracy;
- Protect the identity of the respondents;
- Due acknowledgement of web based resources;
- Cite all related papers, including those submitted but not yet accepted;
- Avoid Guest, Ghost and Gift authorship;
- A work which is submitted and accepted for publication should not generally, be announced to public before its formal appearance;
- Reproduction of an article already published using identical sample and outcomes;
- Multiple submissions of the same manuscript are unethical;
- Suggesting friends/acquaintances as potential reviewers is also unethical.

## 5. CONCLUSION :

Finally, we can say that, trust becomes a major dimension in the process of research, and its output is essential in developing a healthy knowledge driven society. So, research should be conducted based on the culture of research integrity.



# હિસાબોનું યાંત્રિકરણ

✍ સી.એ. જ્યોતિબેન શાહ
અધ્યક્ષ, કોમર્સ ડિપાર્ટમેન્ટ

કોવિડ-19ની મહામારી એ આપણી સમક્ષ ઘણા પડકારો મૂક્યા, પરંતુ આ જ પડકારો આપણને નવી તકો તરફ દોરી ગયા. દૂનિયામાં મોટા ભાગના લોકો હવે પોતાના ઘરેથી કાર્ય કરે છે (વર્ક ફ્રોમ હોમ) આપણે પણ હવે ધીરે ધીરે આવી કાર્યપદ્ધતિથી પરિચિત થવા લાગ્યા છીએ. સમગ્ર વિશ્વમાં 1 થી 5 નંબરની કંપનીઓમાં જેની ગણના થાય છે તેવી માઈક્રોસોફ્ટ કંપનીએ પોતાના કર્મચારીઓને જીવનભર ઘરેથી પોતાનું કાર્ય કરવાની સવલત આપવાની ઘોષણા કરેલ છે (શરતો સાથે).

યાંત્રિકરણ એટલે એવી પ્રક્રિયા જેમા પશુ અથવા માનવો દ્વારા થતું કાર્ય ફક્ત યંત્રો દ્વારાજ લેવામાં આવે છે. માનવ પોતાના અસ્તિત્વ માટે તેમ જ અન્ય કાર્યો માટે યંત્રોનો આધાર લેતો જ રહ્યો છે. યાંત્રિકરણ આપણને વિચારવું, વિશ્લેષણ કરવું અને સલાહ આપવા જેવા કાર્યો કરવા માટે મુક્ત કરે છે. આવા યાંત્રિકરણના લાભો પણ ઘણા છે જેવા કે

(1) પ્રક્રિયાની એકરૂપતા

(2) સમય અને મજૂરી ખર્ચમાં ઘટાડો

(3) ગુણવત્તા સભર પરિણામો

(4) પરિણામોમા પમ એકરૂપતા વિગેરે.

હિસાબોમાં યાંત્રિકરણ તો 1907 થી શરૂ થયેલ છે, જ્યારે પંચકાર્ડનો ઉપયોગ હિસાબી નોંધ માટે કરવાનો શરૂ કરવામાં આવ્યો. વિશ્વયુદ્ધ-2 પછી જ્યારે જનરલ ઇલેક્ટ્રિક કંપનીએ ફક્ત હિસાબી નોંધ માટે કોમ્પ્યુટરની ખરીદી કરી ત્યારથી હિસાબી યાંત્રિકરણમાં પાછુ વળીને જોવાયુ નથી. 1978માં હિસાબી દૂનિયામાં સ્પ્રેડશિટ સોફ્ટવેરની શોધ થઈ અને તે જ વર્ષમાં પીચટ્રી સોફ્ટવેર નામની કંપની દ્વારા હિસાબી સોફ્ટવેર બજારમાં મૂકાયું. ભારતમાં 1986માં ટેલીસોફ્ટવેર, ટેલી સોલ્યુશન્સ પ્રા. લિ. દ્વારા બહાર પાડવામાં આવ્યું. ત્યાર બાદ 2005માં Tally 7.2 આવ્યું. જે ભારતમાં આવેલ નવો આવેલ પરોક્ષ વેરાનો કાયદો VATની જરૂરિયાતોને સંતોષતુ હતું. 2006માં Tally 8.1 રજૂ કરવામાં આવ્યું અને 2009માં Tally ERP-g બહાર પાડ્યું જે એવા મોટા ઉદ્યોગો માટે જરૂરી હતુ જેની ઘણી શાખાઓ હોય.

2018ના એક અભ્યાસ દ્વારા એવી આગાહી કરવામાં આવી હતી કે 2020 સુધીમાં હિસાબી કાર્ય સંપૂર્ણપણે યંત્રો આધારિત થઈ જશે, જે મહદ અંશે કૃત્રિમ અથવા અનૈસર્ગિક બુદ્ધિ (Artificial Intelligence) પર આધારિત હશે. તો હવે 2021માં આપણે જોઈ શકીએ છીએ કે હિસાબી ઉદ્યોગ મહદઅંશે યાંત્રિક થઈ ગયેલ છે.

1983માં Tim Berners-Lee દ્વારા ઇન્ટરનેટની શોધ કરવામાં આવી. 1989માં ભાડે ઇન્ટરનેટ સેવા પૂરી પાડનારા બજારમાં આવ્યા. 1990 બાદ ઇન્ટરનેટની ક્રાંતિકારી અસર કોમર્સ, ટેક્નોલોજી તેમજ માનવ જીવન પર સમગ્ર રીતે થઈ.

આપણે જાણીએ છીએ કે હિસાબી નોંધનો બધોજ ભાર માનવશ્રમ પર આધારિત હતો, જે ધીરે ધીરે કોમ્પ્યુટર આધારિત પ્રક્રિયા સુધી પહોંચેલ છે અને હવે લોકલ એરિયા નેટવર્ક (LAN) થી ઇન્ટરનેટ એકાઉન્ટીંગ સુધી પહોંચેલ છે. આજ ઇન્ટરનેટની શોધ, વેબ બેર-5 એકાઉન્ટીંગની શોધનું કારણ બની જેની મદદથી એક હિસાબનીશ પોતાના કાર્યસ્થળથી દૂર રહીને પણ પોતાના કામની જરૂરી માહિતી મેળવી પુરુ કરી શકે છે.

આજ ઇન્ટરનેટે ક્લાઉડ કોમ્પ્યુટીંગ માટે પણ અગત્ય ભાગ ભજવ્યો. ક્લાઉડ કોમ્પ્યુટીંગની શોધ 1960માં થયેલ હતી પરંતુ 2006માં સાન હોઝે, અમેરિકામાં યોજાયેલ એક કોન્ફરન્સમાં આ અંગે ચર્ચા થઈ હતી. ભારતમાં આ ક્લાઉડ કોમ્પ્યુટીંગ 1997માં એક સેમિનારમાં શ્રી રામનાથ ચેલ્લપા દ્વારા રજૂ કરવામાં આવેલ.

ક્લાઉડ કોમ્પ્યુટીંગ એટલે કોમ્પ્યુટરને લગતી બધી જ સેવાઓનું વિતરણ, જેમા સર્વર, સંગ્રહ, નેટવર્કીંગ, ડેટા બેસીસ અને અન્યનો સમાવેશ થાય છે.

ક્લાઉડ કોમ્પ્યુટીંગ ત્રણ પ્રકારની સેવાઓ આપે છે.

(1) ઈન્ફ્રાસ્ટ્રકચર એસ અ સર્વિસ (IAAS)

(2) પ્લેટફોર્મ એસ અ સર્વિસ (PAAS)

(3) સોફ્ટવેર એસ અ સર્વિસ (SAAS)

આ ઉપર જણાવેલ સેવાઓ ક્લાઉડ કોમ્પ્યુટિંગ નીચે પ્રકારે ઉપલબ્ધ કરાવે છે.

(1) પબ્લિક ક્લાઉડ

(2) પ્રાઈવેટ ક્લાઉડ

(3) હાઈબ્રીડ ક્લાઉડ (પબ્લિક અને પ્રાઈવેટ)

ક લાઉડ કોમ્પ્યુટીંગ એ ઈન્ફર્મેશન ટેક્નોલોજીની માંગ આધારિત ઈન્ટરનેટ સેવા છે. તે ફક્ત તેના ઉપયોગ આધારિત ભાડુ વસૂલ કરે છે. તેથી કોઈપણ નાના કે મોટા ધંધા માટે આ પ્રકારની સેવાઓ ઘણી જ ઉપયોગી બને છે.

માહિતી વિસ્ફોટને કારણે ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું નિર્માણ થયેલ છે, જે ઘણી ટેક્નોલોજીની શોધ માટે જવાબદાર છે. મોટે ભાગે નીચે જણાવેલ ટેક્નોલોજીનો ઉપયોગ કોઈ પણ કંપની માટે ઉપયોગી છે.

(1) બીગ ડેટા

(2) કોમ્પ્યુટીંગ શક્તિનો વધારો

(3) આર્ટિફીશીયલ ઈન્ટેલીજન્સ

(4) ઈન્ટેલીજન્સ ઓફ થીંગ્સ

(5) સ્વયંસંચાલિત રોબોટ્સ

(6) બ્લોકચેન

કોમ્પ્યુટર ક્રાંતિના આ યુગમાં નાના ધંધાકીય એકમો પોતાના હિસાબો માટે મોટેભાગે માઈક્રોસોફ્ટ એક્સેલ કે સ્થાનિક સોફ્ટવેર પર આધારિત છે, જ્યારે મોટા ધંધાકીય એકમો, ડેટા એનાલીટીક્સ, આર્ટિફિશીયલ ઇન્ટેલીજન્સ અને મશીન લર્નીંગમાં મોટા પ્રમાણમાં રોકાણ કરી રહ્યા છે.

કાર્યસ્થળથી દૂર રહીને કાર્ય કરવું એ આજના યુગની જરૂરિયાત બની ગઈ છે, તેથી જ હવે ધંધાકીય દૂનિયામાં માહિતીઓનું ડિજીટલાઈઝેશન કરવું જરૂરી બની રહ્યું છે. આવું કાર્ય સ્કેનર્સ અથવા ખાસ કોમ્પ્યુટર ચીપ્સ દ્વારા થતું હોય છે. બુદ્ધિશાળી ટેક્નોલોજી કદાચ નવી લાગે પરંતુ દૂનિયાની ઘણી બધી મોટી કંપનીઓ પોતાની મૂળભૂત હિસાબી પ્રક્રિયાઓ યાંત્રિક કરી દીધેલ છે. ટેક્નોલોજીકલ પ્રગતિ એકાઉન્ટીંગને એક ઊંચા સ્તરે લઈ જઈ રહી છે તેમજ ઉદ્યોગ વિસ્ફોટનું પણ તે એક મોટું કારણ બની રહી છે.

તમે કરકસર અવગણીને સમૃદ્ધિ નથી લાવી શકતા.
તમે સબળને નિર્બળ બનાવી, નિર્બળને સબળ નથી બનાવી શકતા.
તમે અમીરોને ગરીબ બનાવી, ગરીબોને અમીર નથી બનાવી શકતા.
તમે ઉછીના પૈસાથી સ્થિર અને સમૃદ્ધ આર્થિક આધારનું નિર્માણ નથી કરી શખતા.
તમે ઉત્પાદકનું નુકસાન કરીને, કામદારોની મદદ નથી કરી શકતા.
તમે વ્યક્તિની આઝાદી છીનવીને એનામાં ચારિત્ર્ય અને ધૈર્યનું નિર્માણ નથી કરી શકતા.
તમે જાતિભેદને પ્રોત્સાહન આપી લોકોમાં ભાઈચારાનું નિર્માણ નથી કરી શકતા.
તમે આવક કરતાં જાવક વધારી, ઉદ્‌ભવનારી સમસ્યાઓથી બચી નથી શકતા.
એ કામો જે તેણે જ કરવાનાં હોય એ કામો કરી આપી, તમે એમની કાયમી મદદ નથી કરી શકતા. **— અબ્રાહમ લિંકન**

* જેમ તેમ કરીને માત્ર અસ્તિત્વ ટકાવી રાખવાને બદલે - મન ભરીને જીવો અને માણો.
માત્ર ઔપચારિક સ્પર્શ કરવા કરતાં-અનુભવો.
આમતેમ અર્થહીન નજર ફેરવ્યા કરતાં-નિરીક્ષણ કરો.
માત્ર ઉપરછલ્લું વાચન કર્યા કરતાં-ગ્રહણ કરો.
કાન ખુલ્લા રાખી માત્ર સાંભળવા કરતાં-શ્રવણ કરો.
માત્ર ધ્યાનથી શ્રવણ કરવા કરતાં-સમજો. **— જૉન એચ. રોડ્સ**

* કાર્યક્ષેત્ર કોઈ પણ હોય છતાં વ્યક્તિના જીવનની યથાર્થતા અને સાર્થકતા, એણે પસંદ કરેલા ક્ષેત્રમાં સર્વોત્કૃષ્ટતા મેળવવા માટેની વચનબદ્ધતા અને કાર્યનિષ્ઠા ઉપર જ અવલંબે છે. **— વિન્સી લોંબાર્ડી**



# કોરોનાની રસી અને તેના પ્રકારો

ડૉ. અનંતકુમાર આર. ઠાકોર
શારીરિક શિક્ષણ નિયામક, શારીરિક શિક્ષણ વિભાગ

આજની આ મહામારીમાં વિશ્વ આખું જ્યારે તેમાં સપડાયેલ હોય અને વિશ્વમાં આજ દિન સુધિમાં ૪૩,૭૦,૪૨૪ લોકો મૃત્યુ પામ્યા હોય ત્યારે સમગ્ર વિશ્વ સામે એક પ્રશ્ન હોય કે How to survive ? મિત્રો, આની સામે ટકી રહેવા માટે આપણે આપણી જાતને સુરક્ષિત રાખવાની છે. તે માટે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન્સનું પાલન કરવું જેમ કે તેમાં સોશિયલ ડિસ્ટન્સ રાખવું, વારંવાર હાથ ધોવા અને તેને સેનેટાઈઝ કરવા, ભીડભાડવાળી જગ્યા પર જવાનું ટાળવાનું માસ્ક પહેરવા અને સાથે સાથે યોગ્ય આહાર પુરતો વ્યાયામ અને પૂરતો આરામ કરીને આપણે આપણી રોગપ્રતિકારક શક્તિ વધારવાની છે.

મિત્રો, સાચે જ કહ્યું છે કે Prevention is better than cure. આ વાક્ય આજની આ મહામારીના સમયમાં જો આપણે સુરક્ષિત રહેવું હશે તો પોતાની જાતને આ રોગથી બચાવવાની છે અને તેના માટે વિશ્વના વૈજ્ઞાનિકોના રાતદિવસ અથાગ પરિશ્રમ દ્વારા જે રસી તૈયાર કરવામાં આવી છે. તે આપણે લઈએ તો આપણે જાતને સુરક્ષિત રાખી શકીએ છીએ. સમાજમાં રસી બાબતે ઘણી બધી ગેરમાન્યતાઓ અને પ્રશ્નો પ્રવર્તે છે. જેવી કે આ રસી શું છે ? કેવી રીતે બને ? આપણા શરીરમાં જઈ કેવી રીતે કાર્ય કરે ? આડ અસરો શું છે ? આ બધી બાબતોને લગતા પ્રશ્નો એક શારીરિક શિક્ષણના અધ્યાપક તરીકે અમારી સમક્ષ પણ આવતા હોય છે. માટે તે અંગે અહીં હું આ રસી સંદર્ભે થોડી વાતો આપ સમક્ષ રજુ કરું છું, જે આપને રસી શું છે તે સમજવામાં ઉપયોગી થશે.

સૌ પ્રથમ તો રસી એટલે શું ? એ પ્રશ્ન સ્વાભાવિક થાય તો આપણે જોઈએ કે રસી એટલે કોઈ ચોક્કસ ચેપી રોગ સામે પ્રતિકાર કરવા માટે જૈવિક રીતે તૈયાર કરવામાં આવેલ પદાર્થ.

"A Valline is a biological preparation that provides active acquired immunity to a particular infections disease."

આપણા દેશમાં રસી આપવામાં આવે છે તે અંગે થોડી માહિતી મેળવીએ.

(1) **Covishield Vaccine** - આ રસી 70.4% અસરકારકતા છે. ચીમ્પાન્ઝીનાં Adino Virus નો ઉપયોગ કરવામાં આવેલ છે.
ઓક્સફર્ડ એકસટ્રાજીનીકા મોડેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જેનું ઉત્પાદન ભારતમાં પુને સીરમ ઈન્સ્ટિટ્યુટ દ્વારા કરવામાં આવ્યું છે.
બે ડોઝ વચ્ચે ૧૨ થી ૧૬ અઠવાડીયાનો સમય રાખવામાં આવેલ છે.

(2) **Covaxin** - આ રસી 80% અસરકારકતા છે. આ વેક્સિન ભારત બાયોટેક અને ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડીકલ રીસર્ચ અને નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બાયોલોજી દ્વારા બનાવવામાં આવે છે. સાર્સ કોવ-૨ વાયરસને ઈનએક્ટિવ કરવામાં આવે છે. આ રશી બે ડોઝ ૨૮ દિવસમાં આવામાં આવે છે. તેને ૨.૮°C તાપમાનમાં રાખવામાં આવે છે.

(3) **Sputnik (સ્પુટનિક)** - આ રસી રશિયન દેશથી આયાત કરવામાં આવી છે. આ રસીની અસરકારકતા ૯૧.૬% છે. આ રસીનું ભારતમાં ઉત્પાદન ડૉ. રેડ્ડી દ્વારા કરવામાં આવશે.

**રસીકરણના પ્રકારો નીચે મુજબ છે.**

Immunization રસીકરણ
(૧) એક્ટિવ (૨) પેસિવ

**(1) Active Immunization :**

જ્યારે આપણને કોરોના થાય ત્યારે આપણું શરીર કુદરતી રીતે કોરોના સામે લડવા સક્રિય થાય છે. જેને નેચરલ ઈમ્યુનાઈઝેશન કહે છે. રોગ પ્રતિકારક થવા માટે તૈયાર કરેલી હતી જેને કોરોનાના થયો હોય એને આપવામાં આવે છે.

**(2) Passive Immunisation :**

જ્યારે કોઈ દર્દી કોરોનાથી સંક્રમિક થયો હોય અને સાજો થઈ જાય તેની સારવાર બાદ તે શારીરિક રીતે સક્ષમ થઈ ગયો હોય અને તેનાં શરીરમાં પ્લાઝમામા લઈ કોરોના અસર ગ્રસ્ત વ્યક્તિને પ્લાઝમાં આપવામાં આવે એને પેસિવ ઈમ્યુનાઈઝેશન કહેવાય છે.

# Fit India Movement
## કાર્યક્રમ અંતર્ગત કોલેજના અધ્યાપક અને વિદ્યાર્થી મિત્રો






# Fit India Movement
# કાર્યક્રમ અંતર્ગત કોલેજના અધ્યાપક અને વિદ્યાર્થી મિત્રો







## આપણી બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના પ્રમુખ
## શ્રી બાલકૃષ્ણભાઈ દોશી સાહેબને
## ભારત સરકાર દ્વારા પદ્મભૂષણથી સન્માનવામાં આવ્યા.
## તે નિમિત્તે કોમર્સ કોલેજ દ્વારા એમનું સન્માન કરવામાં આવ્યું.





## ટીચર્સ ડે



## યોગ દિવસ



બેક્ટેરીયા કે વાઈરસના કોઈપણ એક ભાગને લઈ આપણા શરીરમાં દાખલ કરવામાં આવે છે. જ્યારે આવી રીતે વાઈરસ કે બેક્ટેરિયાના કોઈ એક ભાગ શરીરમાં દાખલ કરવામાં આવે છે. ત્યારે શું થાય છે કે આપણા શરીરના મ્યુઝિક સિસ્ટમ કાર્યરત થાય છે અને તેની સામે પ્રતિકાર કરે છે અને ધીરે ધીરે ઈમ્યુનિટી વધારે છે. સામાન્ય રીતે વાયરસ કે બેક્ટેરીયાનો કોઈપણ ભાગ શરીરમાં દાખલ થાય ત્યારે શરીરની ઈનનેટ ઈમ્યુનિટી વધારે છે. સામાન્ય રીતે વાઈરસ કે બેક્ટેરીયાનો કોઈપણ ભાગ શરીરમાં દાખલ થાય ત્યારે શરીરની ઈનનેટ ઈમ્યુનીટી કાર્યરત થાય છે.

તે મરવાની કોશીશ કરે છે, પરંતુ મોટાભાગે તે સફળ થતું નથી ત્યારે આપણા શરીરમાં રહેલ એક્ટિવ ઈમ્યુન સિસ્ટમ એક્ટિવ થાય છે અને રોગ સામે પ્રતિકાર કરવા એન્ટીબોડી બનાવે છે. વાયરસે શરીરની સંક્રમિત થતું અટકાવે છે. જે નીચેના ચાર્ટમાં જોઈ શકાય.

Virus Bacteria - Immunate Arm Active

Innate Immune Arm Active

Antibody (Protein) - Specific Antibody production Hellthy.

વેક્સિન લેતા પહેલા તમારા મેડિકલ ડૉક્ટરની સલાહ નીચેના વ્યક્તિઓએ લેવી જરૂરી છે.

(૧) ગર્ભવતી મહિલાઓએ

(૨) સ્તનપાન કરાવતી મહિલાઓએ

(૩) હાઈપર ટેન્સન, બ્લડપ્રેશર, ડાયાબિટીસ જેવા રોગ હોય તેમને ડોક્ટરની સલાહ લઈ રસી લેવી.

(૪) અન્ય બીજી કોઈ ગંભીર બીમારીઓ હોય તેમને ડોક્ટરની સલાહ લેવી.

(૫) રસી લેતાં પહેલાં અને લીધા બાદ આલ્કોહોલનું સેવન કરવું નહીં.

ઈમ્યુનિટી કેવી રીતે વધારી શકાય ?

– આહાર દ્વારા
– વ્યાયામ, યોગ વગેરે.
– પૂરતી ઊંઘ ૮ કલાક દ્વારા તમે ઈમ્યુનિટી વધારી શકે છે.

કોરોના સામે રક્ષણ કેવી રીતે મેળવીશું ?

– દરરોજ સવારનો કૂણો તડકો લેવો (સવારે ૯ થી ૧૧ સુધી) ૩૦ મિનિટની આજુબાજુ.
– શરીરના ૫૦% ભાગ પર સૂર્યપ્રકાશ મળી રહે તેમ શરીર રાખવું.
– ખટાશયુક્ત ફળો જેવા કે સફરજન, સંતરા, માલ્ટા, મોસંબી, લીંબુ વગેરેનો ઉપયોગ વધારે માત્રામાં કરવો.
– શરીરને ઝીંક મળે તેવાં ખોરાક જેવો કે લીલાવટાણાં, સૂકામેવા, કઠોળ, લીલા પાંદડાવાળા શાકભાજી, મશરૂમ આહારમાં મેળવવો.

---

• "આ એક મહાન સત્ય છે. શક્તિ એ જ જીવન છે અને દુર્બળતા મૃત્યુ છે. શક્તિ પરમસુખ, જીવન અજર અમર છે. દુર્બળતા ક્યારેય ન દૂર થનારો બોજ અને યંત્રણા છે; દુર્બળતા જ મૃત્યુ છે." એમણે પોતાના દેશવાસીઓને ઉપદેશ આપતા કહ્યું : "મારે જે જોઈએ છે તે છે લોખંડી સ્નાયુઓ અને પોલાદી જ્ઞાનતંતુઓ કે જેની અંદર, જે પદાર્થનું વજ્ર બનેલું હોય છે એ જ પદાર્થનું એ જ પદાર્થનું બનેલું મન વસે છે."

• "અરે ભાઈ ! જો મૃત્યુ અનિવાર્ય છે, તો લાકડાં કે પથ્થરની માફક જીવવા કરતાં વીરની માફક મરવું શું વધારે સારું નથી ? વળી, આ ક્ષણભંગુર જગતમાં એકાદ-બે દહાડા વધારે જીવવાથી પણ શો લાભ છે ? પડ્યાં પડ્યાં કટાઈ જવા કરતાં, ખાસ કરીને બીજાનું જે થોડું પણ ભલું થઈ શકે તે કરતાં કરતાં ઘસાઈ મરવું વધુ સારું !"

**– સ્વામી વિવેકાનંદ (શ્રીરામકૃષ્ણ જ્યોતના સૌજન્યથી)**

## ધીરજ

માનવજીવનને સફળતા અને શાંતિના શિખરે પહોંચાડવા ધીરજ એ અનિવાર્ય ગુણ છે. ધીરજ કેળવીને તમે તમારી જાતને પણ વધુ પ્રિય બનાવી શકો છો. જેટલા તમે ધીરજવાન થશો તેટલા તમે તમારી આસપાસ જે કાંઈ છે અને થઈ રહ્યું છે તેને સ્વીકારી શકશો. નહીંતર તમે ઇચ્છો એવું જ બધું થવું જોઈએ એમ માની નિરંતર દુઃખી થયા કરશો. ધીરજ વિના જિંદગીમાં નાસીપાસ કે હતાશ થઈ જશો. નાની-નાની વાતમાં ચિડાઈ જશો, તકલીફમાં મુકાશો અને ગુસ્સે થઈ જશો. જ્યારે ધીરજથી તમારા જીવનમાં પરિસ્થિતિનો સ્વીકાર આવશે અને તેને પરિણામે તમારું જીવન સરળ બનશે. આંતરિક સુખ-શાંતિ માટે ધીરજ બહુ અનિવાર્ય છે.



# Deriving Ethics and Values for Leaders from Mahabharata epic-1

✍ Prof. N. M. Khandelwal

**About Mahabharata epic**

Mahabharata epic is in Sanskrit. It contains 1 lakh slokas divided into 18 parvas. It is history of Kuru clan. Vedic principles are explained with the help of cases, episodes and incidents. It is called fifth Veda. It is claimed that what is not in Mahabharata you cannot find it elsewhere. No epic of the world can be compared with it in the matter of variety of roles and con 78tents. Almost all subjects of Science, Social Science, Management and Technology are contained in it. It is a rich source of ethics negatively presented. It means what we must avoid to do in our life is affectively presented through various roles and cases. This was authored by Maharishi Ved Vyasa in about 3500 B.C.

**About the Author**

Maharishi Ved Vyasa is believed to be an incarnation of Bhagavan Vishnu. He is included amongst 7 immortals. He edited one Veda in four, authored 17 Purana's and Mahabharata epic. His significant contribution to our literary cultural heritage recognized by celebration of Ved Vyas Purnima or Guru Purnima every year. He was son of Satyavati (Matsagandha) and Sage Parashara, an eminent expert of astrology. His grandfather was Shakti, great grandfather guru Vashishtha who was son of Bhagvan Bhrama, the creator of this universe.

**Leadership / King of CEO ethics**

AdiParva contains concept of Relative ethics or Subtle Dharma

Sacrifice one person to save a family

Sacrifice one family to save a village

Sacrifice a village to save a country

Sacrifice the whole land for well being of self

(Ch. 31)

This concept is relevant for the current pandemic crisis.

Karnika, a minister of king Dhrutrashtra advised him on diplomacy to be cruel to Pandavas, projected as enemies ,weep and cry on their death just for show. (Ch. 240)

He forgot blood relationship while giving diplomatic advice. It led to total devastation.

Learning from four episodes many be briefly mentioned here.

(1) Downfall of king yayati from heavens

- Avoid ego of success
- Never claim supremacy without knowledge about others
- Avoid self-praise
- Seek company of saints to be free from ego and depression

(2) Selfish Jackal Case

- Use fear for timid
- Satisfy ego of powerful
- Sacrifice wealth for greedy and the strong
- Control the weak and manage equal but avoid conflict with the stronger

(3) Use of coded communication by Vidur

- Maintain secrecy in sensitive matters

(4) Attitude test of Pandavas by King Drupad

- Instead of making direct enquiry, you adopt indirect means to find out truth.

This proves that we had advanced knowledge of management and use of cases and role plays as tools of pedagogy in 3500 B. C.

The U.S. claim to management is successfully challenged.

Sabha Parva proves the following derivations :

- SamratYudhishthira of Indraprastha headed a welfare state. Thus, welfare state concept has originated from India.
- He welcomed public governance audit by a team of independent sages. Transparency of disclosure was ensured.

Leadership ethics revealed are -

(1) Proper use of wealth

(2) Devotion of duty (Dharma) or ethics

(3) Be always happy. Free from evil thoughts

(4) Good precedent followed

(5) Ethical means for acquiring wealth

(6) Good time management

(Ch. 2)

Deciding after due consideration of strength, resources, space, time, cost-benefit ratio. Thus, risk of failure can be avoided.

Van Parva reveals following ethics :

- Keep company of good people and avoid company of bad people.
- Practice detachment in life from material wealth and its consumption.
- Appropriate use of pardon and anger.
- Sometimes adharma becomes dharma.

(Hanuman – Bhimsen dialogue)

Several useful dialogues are there including Yaksha – Yudhisthira. Care for step mother's sons' life first compared to real brothers.

ViratParva – Strategic Management, sam, dam, dand and bheda, SWOT analysis, (Bhishma's advise to kauravas)

UdhyogParva –Vidurniti and Sanat Sujat Preachings to King Dhritrashtra. All goes in vain when mind of king is closed or biased.

BhishmaParva – Shrimad Bhagwat Gita

(18 chapters and 100 slokas)

(a) Dhritrashtra's Role conflict, lack of independence and impartiality.

(b) Arjuna's Goal conflict – open mind to advice by lord Krishna.

Leader as teacher / mentor should observe the following ethics:

- Be active listener to find root cause of depression.
- Step by step advice after total surrender. Psychology, sociology, economics, philosophy.
- Welcome queries / criticism.
- Answer persuasively and convincingly.
- Test feedback, understanding.
- Give free choice democratically.
- Handover key to discipline.
- Seek his blind commitment.

Rest half part of Mahabharata to be dealt in next paper.

## Conclusion

Mahabharata epic contains rich material on management and leadership ethics and values. It is as great contemporary relevance. It contains gems of wisdom like Vidurniti, Sanat Suujat preachings and Shrimad Bhagwat Gita. A mortal being can attain immortality by leading ethical life doing good deeds for welfare of all beings. Only advice with open mind can be useful.

## Further Readings


Khandelwal N. M.: Indian Ethics and Values for Managers (Text and Cases from Mahabharata), Himalaya, Mumbai, 3rd edition, 2019.

Khandelwal N. M.: Shrimad Bhagwat Gita for Managers (Text and Cases from Mahabharata), Himalaya, Mumbai, 1st edition, 2011.


---

આ જગતની મોટામાં મોટી મુશ્કેલી એ છે કે મૂર્ખ માનવીઓનો આત્મવિશ્વાસ ક્યારેય પણ ચલિત થતો નથી અને બુદ્ધિમાનો પોતાની શંકા-આશંકાઓમાંથી ક્યારેય પણ ઊંચા આવતા નથી.

પ્રતિભા મહાન કાર્યોનો આરંભ કરે છે પણ એને પૂરાં તો કરે છે પરિશ્રમ જ. **– જૂબર્ટ**

- પ્રત્યેક દિવસ તમારા માટે ભેટ સોગાદ લઈને આવે છે, તમારે તો ફક્ત તે સ્વીકારવાનું જ છે. **– એન. રૂથ**
- મહત્ત્વાકાંક્ષા એ એક પ્રકારનું રસપાન છે, કેટલાકને એ તારે છે, તો કેટલાકને મારે છે. **– ધૂમકેતુ**
- જો તમો ભૂલોને રોકવા માટે દરવાજા બંધ કરી દેશો તો સચ્ચાઈ પણ બહાર રહી જશે. **– ખલીલ જિબ્રાન**
- જ્યાં સુધી દેખાય છે ત્યાં સુધી તો જાવ, ત્યાં જશો તો આગળ પણ જરૂર દેખાશે. **– રોબર્ટ બેન્શન**

• "જે જીવન ઘડતર મનુષ્યનું નિર્માણ તથા ચારિત્ર્યનું ઘડતર કરવામાં સહાયક બને એવા વિચારોને આપણે આવશ્યકતા છે. જો તમે કેવળ પાંચ જ આદર્શ વિચારોને આત્મસાત્ કરીને પોતાના જીવન અને ચારિત્ર્યનું એક અભિન્ન અંગ બનાવી દીધાં હોય તો તમે એક ગ્રંથાલયના બધાં ગ્રંથોને કંઠસ્થ કરનારાથી પણ વધુ શિક્ષિત છો." સફળતા માટે આ પ્રકારની વૈચારિક સજાગતા અને તેનો સજાગ રીતે અમલ થાય તે જરૂરી છે.

• "જો તમારે જીવનના ખરા આનંદનો અનુભવ કરવો હોય અને તમારી સંસારયાત્રાને સાચા અર્થમાં સફળ બનાવવી હોય તો તમારી કેટલીક માન્યતાઓને છોડવી જ પડશે. એ વગર સાચા સુખનો અનુભવ નહી કરી શકો."

**– સ્વામી વિવેકાનંદ**



# The Entrepreneurial India

✍ **Dr. Alok Kumar Chakrawal**
Vice Chancellor at Guru Ghasidas Central Uni.
Bilaspur, Chattishgadh.

**Introduction :**

India has been an entrepreneurial nation for the ages. Indian navigation engineering in the ancient times was of very advance level. Due the cutting-edge technology in marine, Indians were able to trade in the middle east, Europe, south east Asia and other parts of the world. India was considered to be the richest country in the world because of its trade supremacy across the globe. The hoards of 2,000 to 1,500-year-old gold and silver Roman coins dating from the reigns of Augustus, Tiberius and Nero unearthed along the Malabar and Coromandel coasts comprise the largest quantities found outside that erstwhile Empire. The sheer number of coins found indicates that the balance of trade was overwhelmingly in India's favour and Roman commentators of that era noted how demand for Indian luxury goods was draining the empire.Yavanas (Greeks) and Romans traded their wines, coral, copper, tin, lead, glass, antimony and aromatic storax for India's precious beads, ivory, pearls, turmeric, cardamom, myrrh, fine cotton and mallow cloth, and most importantly, pepper. But garum and olive oil also came to ancient India from Europe[1].

**Paris Entrepreneurs :**

Parsi have been part of entrepreneurial India for centuries. Although small in number, the Parsi community's entrepreneurial and business contribution to the country has been enormous. At the forefront of many social and economic reforms in India, the history of Parsis can be traced back to the 8th century when they migrated from Persia (Iran) to the Indian shores to avoid persecution from Arab conquests in their homeland[2].Back in the day, Parsis were agriculturists in the initial phases in India, but later on, they tuned into ambitious business entities. They started the trade with China and Burma in the 18th century. Since they understood the importance of education quite early, Western education made them forward thinkers and entrepreneurs and Parsis were the first to start working with East India Company. The Britishers made Parsis point of contact in India and allowed them to prosper in Indian business environment.

There are good number of Parsi who contributed significantly to the economic strengths of India by setting up various important enterprises. Some of the leading Parsi entrepreneurs of modern India are

[1]https://economictimes.indiatimes.com/blogs/SilkStalkings/when-people-came-seeking-their-fortune-in-ancient-india/
[2]https://www.timesnownews.com/business-economy/industry/article/the-journey-of-indias-parsi-business-community.

Ratan Tata (Net worth $ 570 million), Pallonji Mistry (Net worth $ 15 billion), Nusli Wadia (Net worth $ 3 billion), Adi Godrej (Net worth $ 12 billion), and Cyrus Poonawala (Net worth $ 12 billion) [3]. Ardeshir Godrej (1868–1936), Jehangir Ratanji Dadabhoy (J. R. D.) Tata (1904–1993), Jamsetji Tata (1839–1904), Ardeshir Darabshaw Shroff (1899–1965), Sir Dorabji Tata (1859–1932) and RussiMody (1918–2014) are some of the leading Indian Parsi entrepreneurs.

**Marwadi Entrepreneurs :**

Besides, Marwadi businessmen are known for their entrepreneurial acumen for centuries. Marwadis have played a significant role in strengthening Indian economy by way of setting up important enterprises to lay down the foundation of a developing economy.The Marwari or Marwadi are an Indian ethnic group that originates from Rajasthan region of India. Many people from various Marwari castes migrated to distant states for business, agriculture and later became successful. The term "Marwari" caught on as a way to refer to a businessman from Marwar. It is rightly said that a Marwari is a true business man at heart and there are many Marwari's who have emerged successfully as one[4]. Young Marwadi entrepreneurs are predominantly ruling the Indian market in different sectors e.g.,Sachin Bansal and Binny Bansal (Flipkart), Mukesh Bansal (Myntra), Rohit Bansal (Snapdeal), Peeyush Bansal the founder of Lenskart,Manmohan Agarwal (Yebhi), Dinesh Agarwal the founder and CEO of IndiaMART,Bhavish Aggarwal the founder of Ola Cabs, Gaurav Agrawal (Savaari), Sandeep Agarwal (Shopclues), Sandeep Agarwal (Naaptol), Rithesh Agrawal (Oyo Hotels), Deepinder Goyal (Zomato), Ashish Goel of Urban Ladder, etc.

**Top 20 Companies Headed by Marwadi Entrepreneurs**

| RANK | COMPANY NAME, SECTOR | CHAIR PERSON | BUSINESS GROUP | NET SALES (RS CRORE) | PROFIT / LOSS (RS. CRORE) |
|---|---|---|---|---|---|
| 1 | HINDALCO INDUSTRIES, Non-Ferrous Metals | Kumar Mangalam Birla | Aditya Birla Group | 80192.80 | 3026.89 |
| 2 | GRASIM INDUSTRIES, Textiles | Kumar Mangalam Birla | AdityaBirla Group | 27904.32 | 2704.39 |
| 3 | BAJAJ AUTO, Automobile | Rahul Bajaj | Bajaj | 20041.99 | 3132 |
| 4 | CAIRN INDIA, Crude Oil & Natural Gas | Navin Agarwal | Vedanta | 17524.15 | 12056.39 |

[3]https://www.wsj.com/articles/BL-263B-8585

[4]https://www.jaipurcityblog.com/marwari-businessmen-ruling-world-of-online-business/

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | ULTRATECH CEMENT, Cement | Kumar Mangalam Birla | Aditya Birla Group | 21319.09 | 2677.73 |
| 6 | JINDAL STEEL & POWER, Steel | Naveen Jindal | OP Jindal Group | 19806.78 | 2910.11 |
| 7 | HINDUSTAN ZINC, Non-Ferrous Metals | Agnivesh Agarwal | Vedanta | 12699.84 | 6899.48 |
| 8 | ADITYABIRLA NUVO,Diversified | Kumar Mangalam Birla | AdityaBirla Group | 25490.20 | 1058.89 |
| 9 | JSW STEEL, Steel | Sajan Jindal | JSW Group | 38209.65 | 963.11 |
| 10 | IDEA CELLULAR, Telecom Service | Kumar Mangalam Birla | Aditya Birla Group | 22407.44 | 1010.93 |
| 11 | LUPIN, Pharmaceuticals | DeshBandhu Gupta | Independent | 9641.30 | 1314.16 |
| 12 | JSW Energy Power Generation& Distribution | Sajjan Jindal | JSW Group | 8934.30 | 903.65 |
| 13 | FUTURE RETAIL", Retail | Shailesh Haribhakti | Future Group | 21301.97 | 275.67 |
| 14 | CESC, Power Generation & Distribution | Sanjiv Goenka | RP-SG Group | 7571 | 459.38 |
| 15 | BAJAJ FINSERV, Finance | Rahul Bajai | Bajaj | 5072 | 1572.64 |
| 16 | SHREE CEMENT, Cement | BG Bangur | Bangur Group | 5590.25 | 1003.94 |
| 17 | CHAMBAL FERTILISERS, Fertilisers | SK Poddar | Independent | 8202 | 238.52 |
| 18 | VARDHMAN TEXTILES, Textiles | Shri Paul Oswal | Vardhman Group | 5021 | 356.38 |
| 19 | ZEE ENTERTAINMENT, Entertainment | Subhash Chandra | Essel | 3699.60 | 719.60 |
| 20 | JK TYRE & INDUSTRIES, Tyres | Raghupati Singhania | JK Organisation | 6985.23 | 203.30 |

Source:https://www.forbesindia.com/

Ghanshyam Das Birla was a legendry of Marwadi entrepreneurial legacy. The business empire set up by G. D. Birla still reigns the Indian Economy. The businessman was born in a typical Marwadi family in 1894 in Pilani town of Jhunjhunu district of Indian state of Rajputana. There is a series of Marwadi stalwarts who established big business empires to take the Indian economy on the global trade map e.g., Bangur, Kirloskar, Singhania, Dalmia, Thapar, etc.

**Gujarati Entrepreneurs :**

Among the states of India, the State of Gujarat in India presents numerous opportunities for entrepreneurship. This is the result of entrepreneurship ingrained in the culture and tradition of Gujarat[5].Reliance Group of Industries is reining not Indian economy but the global economic map. Multinational Corporations are looking at Reliance as a big threat to their business dynasty. In recent years, the Reliance has undergone strategic alliance with global business leaders. The Reliance company has sold 10.09 per cent stake in Reliance Retail Ventures Ltd (RRVL) to private equity firms Silver Lake Partners, KKR, GIC, TPG and General Atlantic, as well as sovereign wealth funds Mubadala, ADIA and PIF[6]. Investors in Reliance Jio include Facebook, Silver Lake, Vista Equity Partners, General Atlantic, KKR & Co., Mubadala, Abu Dhabi Investment Authority, TPG, L Catterton, Public Investment Fund of Saudi Arabia, Qualcomm, Intel Corp and Alphabet Inc's Google[7]. Reliance Industries is future of the global trade and business.

It was a Gujarat fellow Dhirubhai Hirachand Ambani who started this company way back in 1966 in the name of Reliance Commercial Corporation which later became Reliance Industries on 8 May 1973. Dhirubhai Ambani was a well know risk taker and he proved that he is the unbeaten king of Indian Stock Market in 1982 when a group of brokers tried to pull down shares of Reliance Industries. There is no looking back for Reliance Industries since 1982. His son Mukesh Ambani proved be a superb heir of his genetics and proved the supremacy of Reliance Industries in India and abroad. As per the data available from Statista, the net worth of Reliance Group in 2020 is Rs. 3755.34 billion[8].

---

[5]https://journal-jger.springeropen.com/articles/10.1186/s40497-018-0090-x.

[6]https://www.business-standard.com/article/pti-stories/reliance-retail-completes-rs-47-265-cr-fundraise-from-10-09-stake-sale-120111901124_1.html#:~:text= Billionaire%20Mukesh% 20Ambani's%20Reliance% 20Industries,investors%2 0for %20Rs%2047%2C265%20crore.

[7]https://timesofindia.indiatimes.com/business/india-business/reliance-raises-22-43-billion-from-stake-sales-at-retail-digital-arms/articleshow/78279594.cms.

[8]https://www.statista.com/statistics/901458/india-net-worth-reliance/

# એન્યુઅલ ડે :
# પારિતોષિક અર્પણ કરતા મહેમાનશ્રી યોગેશભાઈ ગઢવી





# એન્યુઅલ ડે : પારિતોષિક અર્પણ






# એન્યુઅલ ડે : મહેમાનશ્રી યોગેશભાઈ ગઢવી






# એચ. કે. કોમર્સ કોલેજ અખબારોમાં



રાત 03

METRO 21-10-2020-Wednesday

## શ્રી એચ કે કોમર્સ કોલેજ દ્વારા તૃતીય વિશ્વ આંકડાશાસ્ત્ર દિવસની ઓનલાઈન ઉજવણી કરાઈ

ગાંધીનગર મેટ્રો,તા.૨૦

અમદાવાદ સ્થિત શ્રી એચ કે કોમર્સ કોલેજના આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા કોલેજના ફેસબુક પેજ પર તૃતીય વિશ્વ આંકડાશાસ્ત્ર દિવસની ઓનલાઈન ઉજવણી બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના માનદ સેક્રેટરીશ્રી અંબરીષભાઈ શાહની અધ્યક્ષતામાં "એપ્લિકેશન્સ ઓફ સ્ટેટેસ્ટીક" વિષય પર રાષ્ટ્રીય વેબિનાર દ્વારા કરવામાં આવી. વેબીનારની શરૂઆત પ્રા. શ્રીધર વ્યાસ દ્વારા શુક્લ યજુર્વેદના સંખ્યાવાચક મંત્ર પઠન દ્વારા કરવામાં આવી, અતિથી વિશેષ તરીકે કોલેજના પુર્વ આચાર્યશ્રી અંબાલાલ એમ. પટેલે ગુજરાત સ્ટેટેસ્ટીકલ એસોસીએશનના દ્વારા પ્રકાશિત થતા વ્યવહારુ આંકડાશાસ્ત્રના રાષ્ટ્રીય જરનલ ×સંખ્યા વિજ્ઞાન× સંદર્ભે માહિતી પુરી પાડી તેમજ ગુજરાત યુનીવર્સીટી આંકડાશાસ્ત્ર વિભાગના પુર્વ અધ્યક્ષ પ્રો. બી. બી. જાની સાહેબે પોતાના લગભગ પાંચ દાયકાના આંકડાશાસ્ત્ર વિષય સાથેના જોડાણ અને અનુભવથી સુંદર માહિતી પુરી પાડી, વેબીનારનું બીજ વક્તવ્ય ગુજરાત યુનીવર્સીટી આંકડાશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ પ્રો. એમ. એન. પટેલે 'એપ્લિકેશન્સ ઓફ સ્ટેટેસ્ટીક' વિષય પર રસપ્રદ વ્યવહારુ રજુઆત કરી, તૃતીય વિશ્વ આંકડાશાસ્ત્ર દિવસ નિમિતે પ્રસિધ્ધ કરેલ ×સંખ્યા વિજ્ઞાન× આંકડાશાસ્ત્રના રાષ્ટ્રીય જરનલના ખાસ અંકનું વિમોચન કોલેજના પ્રિન્સીપાલ ડૉ. આશિષ જનકરાય દવે દ્વારા કરવામાં આવ્યું, વેબિનારમાં દેશના ૧૧ રાજ્યોમાંથી ૪૦૩ અધ્યાપકો, સંશોધન છાત્રો જોડાયેલ હતા.સમગ્ર વેબીનારનું આયોજન કોલેજ આંકડાશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. દિનેશ એમ. પટેલ દ્વારા તેમજ વેબીનારનું સુંદર સંચાલન ડૉ. શ્રીમંત સોની દ્વારા કરવામાં આવ્યું.

થે અવાર નવાર



ગુજરાત 03

GANDHINAGAR METRO 27-10-2020-Tuesday

## અમદાવાદ શ્રી એચ કે કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાઓ' પર શોધકાર્ય

ગાંધીનગર મેટ્રો,તા.૨૬



ગાંધીનગર મેટ્રો ગુજરાત

www.gandhinagarmetro.com GANDHINAGAR METRO

## અમદાવાદ સ્થિત શ્રી એચ કે કોમર્સ કોલેજ દ્વારા ભારતીય શાસ્ત્રોમાં રહેલ સંચાલનના પાઠ વિષય પર આયોજન ઓનલાઈન રાષ્ટ્રીય વેબીનારનું આયોજન

ગાંધીનગર મેટ્રો,તા.૧૪



03

29-10-2020-Thursday

## અમદાવાદ શ્રી એચ કે કોમર્સ કોલેજના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ઓનલાઈન રાષ્ટ્રીય વેબીનાર યોજાયો

ગાંધીનગર મેટ્રો,તા.૨૮

બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સંચાલિત શ્રી હરિવલ્લભદાસ કાળીદાસ (એચ.કે.) કોમર્સ કોલેજ, અમદાવાદના ફીઝીકલ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ દ્વારા વર્તમાન મહામારીને ધ્યાનમાં રાખી "How to Maintain Physical Fitness and Boost Immunity" વિષય પર રાષ્ટ્રીય વેબીનારનું આયોજન ગુજરાત સવર્ણિમ સ્પોર્ટ્સ યુનીવર્સીટી, ગાંધીનગરના કુલપતિશ્રી અર્જુનસિંહ રાણાની અધ્યક્ષતામાં યોજાયો, કાર્યક્રમની શરૂઆત શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, જેતલપુરના અધ્યાપક વાસુદેવભાઈ પુરોહિતે પતાંજલિ અને સુશ્રુતાના શ્લોક પઠન અને તેના ભાવાર્થ સમજુતી દ્વારા આહાર, આચાર અને દૈનિક ક્રિયાની આરોગ્ય માટે મહત્વતા સમજાવેલ, સ્વાગત પ્રવચનમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ. આશિષ જનકરાય દવેએ સ્વામિ વિવેકાનંદના "Strength is Life, Weakness is Death" દ્વારા વર્તમાન સમયમાં શારિરીક શૌષ્ઠવ અને માનસિક તાકાતની જીવનમાં ટકી રહેવા માટે આવશ્યકતા સમજાવેલ, મુખ્ય અતિથી ગુજરાત યુનીવર્સીટીના વિનિયન વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. પરમસિંહભાઈ દેસાઈએ વર્તમાન સમયમાં વિષય પસંદગીની અગત્યતા સંદર્ભે માર્ગદર્શન પુરુ પાડેલ, ઉપસ્થિત બંને મુખ્યવક્તાઓ પૈકી ગુજરાત ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ, ગાંધીનગરના ડાયરેક્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન ડૉ. મુકેશભાઈ પટેલે અને ઉત્તર પ્રદેશ મુઝફર નગર સનાતન અનુસ્નાતક કોલેજના પ્રોફેસર અને હેડ લેફ્ટનન્ટ ડૉ. શ્યામ નારાયણ સિંગ દ્વારા અતિ ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવેલ હતી. રાષ્ટ્રીય વેબીનારમાં દેશના ૨૩ રાજ્યો અને ૫ – દેશોના વિવિધ શ્રેણીના ૪૨૭ ભાઈઓ – બહેનોએ નોંધણી કરાવી ભાગ લીધેલ અને અંદાજીત ૧૨૦૦ લોકો સુધી જીવંત પ્રસારણ દ્વારા પહોંચવામાં આવી શકેલ હતા. વેબીનારનું આયોજન કોલેજના ડાયરેક્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન ડૉ. અનંત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.



02 THURSDAY, 22 October 2020


## એચ.કે. કોમર્સ કોલેજ દ્વારા આંકડાશાસ્ત્ર દિવસની ઉજવણી કરાઈ



**ગાંધીનગર મેટ્રો,તા.૨૭**

ગુજરાત વિદ્યાસભા - બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા ૭૨માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી આશ્રમ રોડ શ્રી એચ કે કોલેજ પરીસર ખાતે સુપ્રસિધ્ધ લોકકલાવિદ , લેખક અને ચિંતક પદ્મશ્રી જોરાવરસિંહજી જાદવના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ કરી કરવામાં આવી.

Net Worth of Reliance Industries Limited
From Financial Year 2014 to 2020




Source : Statista.com

Gautam Adani is another frontline Gujarat entrepreneur who is leading the national and international business scenario. As on June 16, 2021, Gautam Adani's business net worth is $ 66 billion[9] (Rs. 4,873.44 billion). Besides Adani and Ambani, there leading entrepreneurs from Gujarat leading the business domain such as Karsanbhai Patel of Nirma group, Dilip Sanghvi of Sun Pharmaceutical Industries Ltd., Sudhir Mehta of Torent Group, Pankaj Patel of CadilaHealthcare, Bharat Desai of Syntel, Romesh Wadhwani of Symphony Technology, Uday Kotak of Kotak Mahindra Bank, Tulsi Tanti of Suzlon, PiruzKhambata of Rasna Private Limited[10], and many more. Gujarati entrepreneurs have been front-runners in setting up new trends of business with innovative approach.

**Global Indian Entrepreneurs :**

There are influential entrepreneurs of Indian origin situated in other parts of the world having huge business set-up. Just to name a few leading Indian entrepreneurs settled in foreign lands are given here below :

1. Hinduja Brothers, Wealth INR Cr - 1,43,700, Company – Hinduja

   Primary Industry - Petrochemicals, Automobile, Investments

   Residence - London, Mumbai, Geneva

[9]https://en.wikipedia.org/wiki/Gautam_Adani

[10]https://sites.google.com/site/whoamishamehta1/gujarati-entrepreneurs/piruz-khambhatta

2. Shapoor Pallonji Mistry, Wealth INR Cr - 76,000

   Company - Shapoorji Pallonji

   Primary Industry – Investments

   Residence – Monaco

3. Jay Chaudhry, Wealth INR Cr - 65,800

   Company –Zscaler

   Primary Industry - Software & Services

   Residence - San Jose

4. Laxmi Mittal, Wealth INR Cr - 60,700

   Company – ArcelorMittal

   Primary Industry - Metals & Mining

   Residence – London

5. Yussuff Ali MA, Wealth INR Cr - 42,700

   Company – Lulu

   Primary Industry – Retail

   Residence - Abu Dhabi

6. Vinod Shantilal Adani, Wealth INR Cr - 42,200

   Company – Adani

   Primary Industry - Energy, Infrastructure

   Residence – Dubai

7. Anil Agarwal and family, Wealth INR Cr - 32,500

   Company - Vedanta Resources

   Primary Industry - Metals & Mining

   Residence – London

8. Sri Prakash Lohia, Wealth INR Cr - 28,000

   Company – Indorama

   Primary Industry - Chemicals & Petrochemicals

   Residence – London

9. Sunny Varkey, Wealth INR Cr - 22,400

   Company - Gems Education

   Primary Industry - Education & Training

   Residence – Dubai

10. Mukesh Jagtiani, Wealth INR Cr - 21,200

   Company – Landmark

   Primary Industry – Retail

   Residence - Dubai

**Rest of the Country :**

Gujaratis, Parsis and Marwadis are considered to be born traders and businessmen. Nevertheless, it is not the case that other communities and parts of the country is not contributing to the national income by way of doing business activities. Chidambaram group of Tamil Nadu is leading business enterprise. Similarly, TVS group, Muthoot Finance, Kalyan Jewelers, etc. are leading business houses from the Southern part of the country. Ranbaxy and Religare industries were promoted by Ranbir Singh and Gurubax Singh of Punjab. Of late, Ranbaxy was taken over by some other business houses. India became a country of technocrat in late nineties; it led to new generation of entrepreneurs in the field of Information and Communication Technology (ICT). Indian software engineers are reigning the world map of IT industry. Indian are profusely employed in global IT companies such as Google,

Microsoft, Yahoo, Oracle, IBM, Intel; and Indians have reached up to the highest level of authority in these incorporations. Indians are basically having an acumen of doing and starting business.

**Start – ups :**

Indian new generation entrepreneurs are interested in Start-ups. There are good number of Unicorns in Indian start-ups; to name a few are PayTM, Oyo Rooms, BYJU'S, Snapdeal, Ola Cabs, Swiggy, Udaan, ReNew Power, Bill Desk, Pine Labs, etc. Startups raised total investments of $7.8 billion in the first four months of this calendar year, which is almost 70% of the overall corpus of $12.1 billion raised in entire 2020 and more than 50% of $14.2 billion raised in 2019, data from US-based research firm PitchBook shows. Some of the start-ups are catching up investments from multinational corporations.

**Important Indian Start-ups in 2021**

| Unicorn | Date | Valuation (in $billion) | Sector |
|---|---|---|---|
| Digit | Jan. 15 | $1.9 | Insurance |
| Innovaccer | Feb. 24 | $1.3 | Software |
| Infra.Market | Feb. 25 | $1.0 | Infrastructure |
| Five Star | Mar. 27 | $1.4 | Banking |
| Meesho | Apr. 05 | $2.1 | Social commerce |
| Cred | Apr. 06 | $2.2 | Fintech |
| Pharmeasy | Apr. 07 | $1.5 | E-pharmacy |
| Groww | Apr. 07 | $1.0 | Stockbroking |
| ShareChat | Apr. 08 | $2.1 | Social media |
| Gupshup | Apr. 08 | $1.4 | Enterprise messaging |

Source: ET tech research

**Education and Entrepreneurship :**

Somehow, our poor education system has spoiled this culture of entrepreneurship. But with the tremendous and meaningful changes in the education system, Indian youth is now heading towards starting up new ventures of business to boost the Indian economy and take India higher and higher on the global economic map. National Education Policy 2020 advocates vocational and entrepreneurial to all students. NEP 2020 strives for meaningful education system where well-rounded graduates are coming out of the universities and colleges. Higher Education Institutions (HEIs) are supposed to impart education in multi-disciplinary manner i.e., there should not be a water tight compartment or segregation of Commerce, Science, Arts and Technology. Incumbent students are supposed learn all necessary skills of life including starting and running of a business enterprise. Hence, it is high time for the HEIs to frame a suitable syllabus for imparting entrepreneurial training and education to the students for setting of new enterprises of their own choices. Commerce and Management are the two basic faculties dedicated to the development and inculcation of entrepreneurial qualities among students. Hence, it is the utmost responsibility of the teachers of Commerce and Management to create an ecosystem where students are motivated to start their own business ventures. The Department of Science and Technology, All India Council for Technical Education, and other Government agencies are keen for funding incubation centers and start-ups at HEIs. The need of the hour is motivated and enabled faculty members to boost the energy of entrepreneurial qualities among young and talented youth of the nation. Majority of HEIs in the private sector are aiming at Entrepreneurship Development courses to make their flagship programme. New skills of planning, organizing, marketing, finance, production, sales and advertising are being added to the courses for a better business acumen among the students.

**Conclusion :**

India has been an enterprising country since the ancient times. The roots of business and trade is evident from the remains of our civilization. India is having great potential to reign the world with its power of business acumen. In the wake of India's triumph to become world economic power it is necessary that entire system should become proactive to inculcate entrepreneurial ecosystem in the economy. The Government and various ancillary agencies are trying their best make India a $ 5 trillion economy by boosting economic policies.



# સંસ્કૃત ભાષા, આવશ્યક કે અનિવાર્ય ?

✍ ડૉ. આશિષ જનકરાય દવે

ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકર ભારતની રાષ્ટ્રભાષા તરીકે સંસ્કૃત ભાષા બનાવવા અંગે સ્પષ્ટ સમર્થન આપ્યું હતું. સાચા અર્થમાં કહીએ તો દૂરાગ્રહ કર્યો હતો. શા માટે ? આ પ્રશ્નનો ઉત્તર મેળવો ખૂબ જરૂરી છે. કારણ કે એક પ્રબુદ્ધ નેતૃત્વ રાષ્ટ્ર જીવન પર પડનારી બહુઆયામી અને સુદીર્ઘકાલીન અસરોનો સૂક્ષ્મ વિચાર કરે છે. આઝાદ ભારત તે સમયે જે રીતે ભાષા, પંથ, જાતિ અને પ્રાંતના વિવાદોમાં ફસાયેલું હતું તે સમયે એક મહાન રાષ્ટ્રના પાયા સમાન નવા ઘડાતા બંધારણમાં દૂરગામી અસરો અંગે ગંભીર વિચાર પ્રબુદ્ધ નેતાઓએ કરવાનો હતો. આથી જ તે સમયની વિવિધ વ્યવસ્થા પરિષદોની ચર્ચાનો મુખ્ય વિષય "ભારતને અખંડિત, સંગઠિત, સ્વાવલંબી, સ્વાભિમાની અને સમૃદ્ધ બનાવવા માટે શું કરવું યોગ્ય છે ?" તે હતો. હજારો વર્ષની ગુલામી, અવહેલના, અરાજકતા, ડગલે પગલે થયેલા અત્યાચારો, અન્યાયથી ત્રસ્ત અને ભાંગી પડેલી પ્રજાને પુનઃ સ્વાભિમાની અને આત્મનિર્ભર કરવી એ પ્રાથમિક આવશ્યકતા હતી. પ્રબુદ્ધ નેતાઓ આ અંગે ઊંડાણ પૂર્વક ચર્ચા કરતા હતા. ભારતીય પરંપરાઓને પચાવીને તેમજ ભારતીય જ્ઞાન સંપદાને આત્મસાત કરીને બાબા સાહેબે કરેલી આ સંસ્કૃતની તરફેણ સૂચક હતી. કારણ કે જો તે સમયે તેમનું માનવામાં આવ્યું હોત તો ભારતમાં ભાષા સંદર્ભે જે કોઈ આંદોલનો થયા તે ન થયા હોત. સમગ્ર ભારતમાં આજે પણ સંસ્કૃત માટે કોઈ નકારાત્મક વલણ જોવા મળતું નથી. રાજ્ય ભાષા તરીકે અંગ્રેજી ભાષાને પંદર વર્ષ સુધી રાખીને તે વચગાળાના સમય દરમિયાન સંસ્કૃત ભાષાને ઉત્સાહ પૂર્ણ તેમજ ગંભીરતાપૂર્વક શીખવીને દેશની અધિકારીક ભાષા તરીકે અંગ્રેજી ને સ્થાને પ્રસ્થાપિત કરવાના અનેક કારણે હતા જે પૈકીના કેટલાક મહત્ત્વના કારણો નીચે મુજબ છે.

**૧. સમગ્ર ભારતમાં ભાષા વિવાદનું નિર્મૂલન :**

સંસ્કૃત ભાષાને આજે આપણે જેટલા સન્માનથી જોઈએ છીએ તે કરતાં ઘણા વધારે સન્માનથી તે સમયે જોવામાં આવતી હતી. કાશી, કાંચી, દ્વારકા, ઉજ્જૈન, સોમનાથ, રામેશ્વર, અયોધ્યા, ઉત્તરકાશી, ઋષિકેશ, હરિદ્વાર, વૃંદાવન, પુષ્કર અને જગન્નાથપૂરી જેવા અગણિત સ્થાનો પર સંસ્કૃત ભાષા વ્યવહારમાં હતી. અંગ્રેજોના ગયા પછી અંગ્રેજી તરફની સ્વાભાવિક નકારાત્મક ભાવના ભારતની પ્રજાના હૃદયમાં તાજા ઘા કરી રહી હતી. તે સમયના કેટલાક ઉચ્ચ સરકારી વર્ગ સિવાયના લોકો અંગ્રેજી તરફ જરાય આકર્ષણ ધરાવતા નહોતા પરંતુ લોકોને અંગ્રેજી પ્રત્યે સ્વાભાવિક અણગમો જરૂર હતો. સ્થાનિક ભાષાઓ વધુ અસરકારક હતી. શિક્ષણ વ્યાવસાયીકરણની નકારાત્મક અસરનો ભોગ બન્યું નહોતું. મેકોલે દ્વારા તાજા ઉખાડી નાખવામાં આવેલા ગુરુકુલોમાંથી નિવૃત્ત થઈ ચૂકેલા સંસ્કૃતના ઉત્તમ જાણકારો હજી સક્ષમ રીતે સંસ્કૃત શીખવી શકે તેમ હતા. પાકિસ્તાન અને બાંગ્લાદેશના ભારત વિરોધી ષડયંત્રો શરૂ થયા નહોતા. ભારતીય પ્રજાનો અંગ્રેજી મોહ અત્યારે છે એ કરતા ઘણો ઓછો હતો. પોતાની ભાષાનું ગૌરવ દરેક નાગરિકને હતું. સામાન્ય નાગરિક પરસ્પર વાત કરવા માટે અંગ્રેજી શબ્દ વાપરવામાં ગૌરવ અનુભવતો નહોતો પરંતુ સંસ્કૃત શબ્દો સરળતાથી વાપરતો અને ગૌરવ અનુભવતા.

**केयूराः न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला**
**न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजाः ।**
**वाण्योका समलङ्करोति पुरुषं या संस्कृत धार्यते**
**क्षीयन्तेऽखिलभूषणानि सततं वाग्भूषणं भुषणम् ॥**

આવા સંજોગોમાં પંદર વર્ષમાં સંસ્કૃત શીખવવું સરળ હતું. પ્રત્યેક રાજ્યમાં સંસ્કૃતને શીખવવા માટેની વ્યવસ્થા સરળતાથી થઈ શકે તેમ હતી. એટલે કે ૧૯૬૨ સુધીમાં સમગ્ર ભારતમાં સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર બહુ જ સરળતાથી થઈ શકે તેમ હતો. વિદેશી યુનિવર્સિટી, આંતરરાષ્ટ્રીય શાળાઓ અને ઈન્ટરનેટના માધ્યમથી મળતા અંગ્રેજી કોર્સની બોલબાલાનો અભાવ હતો. અધ્યયનમાં દંભ અને દેખાવ

જરાય ન હતો. વિદ્યાભ્યાસ તપશ્ચર્યાનો વિષય ગણાતો. સંસ્કૃત રાષ્ટ્રભાષા બનશે તેવું ઘોષિત થાય તો અનેક લોકો સંસ્કૃત શીખવામાં રુચિ દાખવવાના હતા.

અર્થાત્ આપણી પાસે રાષ્ટ્ર નિર્માણની ધરોહર સમી સંસ્કૃત ભાષાના પ્રસાર, પ્રચાર, પ્રશિક્ષણ અને પરિમાર્જનની અમૂલ્ય તક હતી. દક્ષિણનાં તમામ રાજ્યો સંસ્કૃત તરફ કોઈ નકારાત્મક વલણ ધરાવતા ન હતાં. એટલે સંસ્કૃત સમગ્ર ભારતમાં સરળતાથી શિખવી પણ શકાઈ હોત અને હિન્દુસ્તાની તરફનો અણગમો ટાળી શકાયો હોત. આઝાદીના તાજા ઉત્સાહ સાથે જનમાનસ સરળતાથી સંસ્કૃત સ્વીકારી શકે એ મનોવૈજ્ઞાનિક અસર પણ ગરમ લોખંડ પર હથોડાની અમૂલ્ય તક હતી. ૧૯૪૭ની એ એક અમૂલ્ય તક આપણે ગુમાવી. જે હવે અને વર્ષો સુધી આવી શકે તેમ નહોતી. પરંતુ સંસ્કૃતને સ્થાને હિન્દી (સાચા અર્થમાં કહીએ તો ઉર્દૂ મિશ્રિત હિન્દુસ્તાની) ને બહુભાષી પ્રદેશોની દુહાઈ આપીને રાજ્ય ભાષા બનાવવામાં આવી અને સાથે સાથે પ્રદેશો વચ્ચેના ભાષા વિવાદને વધુ તીવ્ર બનાવ્યો. ભાષાની રાજનીતિની એક નવી તિરાડનો આપણે સામનો કરવો પડ્યો. ઉત્તર અને દક્ષિણની તદ્દન અલગ ભાષાકુળની ભાષાઓ પરસ્પર માટે દુર્બોધ છે તે હકીકતને આપણે જાણી લેવાની હતી. પૂર્વજોએ તે માટે હજારો વર્ષનો પરિશ્રમ કરીને એક અમૂલ્ય ભાષા આપણને ભેટ આપી છે જેની સમજ આપણને બહુ વહેલા પડી જવી જોઈતી હતી. સમગ્ર દક્ષિણ ભારતમાં સંસ્કૃત સામે કોઈ વિરોધ આજે પણ નથી. સંસ્કૃત સર્વમાન્ય છે, સરળ છે, પારંપરિક છે, સંસ્કૃતિનું વહન કરે છે અને દરેક રાજ્યમાં કોઈને કોઈ રીતે સંસ્કૃતથી લોકો પરિચિત છે. ભારતમાં સંસ્કૃતનો વિરોધ અસંભવ છે. એ વાત તે સમયે સમજી જવા જેવી હતી. જો આટલું સમજી શકાયું હોત તો ભારત અનેક વર્ષો સુધી ભાષાના વિવાદોમાં વ્યસ્ત અને ત્રસ્ત રહ્યું, તે ન રહ્યું હોત. આજે સંસ્કૃતનો વિરોધ કરનારા તત્વો જડી આવે છે, જે તે સમયે કોઈ રીતે શક્ય નહોતું.

ભાષા વિવાદનું નિર્મૂલન થઈ ગયું હોત અને ભારતની માનવ ચેતનાનો એટલો સમય બચી શક્યો હતો, માનવ કલોક અન્ય સર્જનાત્મક કાર્યોમાં વાપરી શકાયા હોત, ખંડનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ફેલાયેલી નકારાત્મકતા પેદા જ ન થઈ હોત, ભારતની પ્રજા વિકાસાત્મક ગતિથી આગળ વધી શકી હોત. પ્રત્યેક રાજ્ય સાથેના વ્યવહારો સરળ અને સ્પષ્ટ બન્યા હોત. સમાજજીવન વધુ સરળ બન્યું હોત. દા. ત. ન્યાયાલયમાં સંસ્કૃતમાં આપવામાં આવેલા ચુકાદાઓ વધુ સ્પષ્ટ અને સરળ હોત. અંગ્રેજી ભાષામાં લખાયેલી દુર્બોધ અને વિરોધાભાસી, કુતર્કથી ભરેલી અનેક બાબતો સ્પષ્ટ રીતે વ્યક્ત થઈ શકી હોત. કારણ કે સંસ્કૃત ભાષામાં અભિવ્યક્તિની જેટલી સ્પષ્ટતા શક્ય છે તેટલી સ્પષ્ટતા વિશ્વની કોઈ ભાષામાં નથી તે સર્વ વિદિત છે. ૧૯૪૭માં આપણા પ્રબુદ્ધ નેતૃત્વને કેટલાક મહાનુભાવો દ્વારા એવું પૂછવામાં આવ્યું હતું કે, "શું સંસ્કૃત આવશ્યક છે ?" તો કોઈ દીર્ઘ દૃષ્ટિ વાળા નેતૃત્વ દ્વારા આજના સંદર્ભમાં જવાબ આપી શકાયો હોત કે "ના સંસ્કૃત આવશ્યક નથી પરંતુ અનિવાર્ય છે" રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે એકમાત્ર ભાષા સંસ્કૃત છે. તેની કઠિનતા ક્લિષ્ટ હોવાપણું અને તે પ્રકારની અન્ય દલીલો પાયા વગરની હતી તે આજે આપણે સમજી શકીએ છીએ. અલબત્ત એ સમયે સાવ ઊંધી રીતે લખાતી અવૈજ્ઞાનિક અસ્પષ્ટ અને ભારતના આત્માથી વિપરીત ઉર્દુથી મિશ્રિત હિન્દુસ્તાની ભાષા તે શા માટે પ્રાધાન્ય આપવામાં આવ્યું તે પ્રશ્ન છે. સંસ્કૃત પંદર વર્ષમાં નહીં પરંતુ ફક્ત દસ દિવસમાં શીખી શકાય છે. ધારા પ્રવાહ બોલતા આવડી શકે છે જે દિન-પ્રતિદિન સાબિત થઈ રહ્યું છે.

**૨. ભારતના સાંસ્કૃતિક વારસાનું વહન :**

ભાષા સંસ્કૃતિનું વાહન માધ્યમ બને છે તે વાત સર્વવિદિત છે, તમામ ભાષાઓમાં તેના પૂર્વજોએ લખાયેલું, સમજેલું, આત્મસાત કરેલું, જાણેલું, વિચારેલું, કલ્પેલું અને પ્રાપ્ત કરેલું જ્ઞાનનું સાહિત્ય હોય, ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષના તપ, પરિશ્રમ, શુભ ચિંતન, આધ્યાત્મિક ઉન્નતિ, પવિત્ર સમાજજીવન, નૈતિક જીવન અને સૂક્ષ્મ વૈજ્ઞાનિક અભિગમ દ્વારા વિકાસ પામી છે અને તેનું સાહિત્ય સંસ્કૃતમાં લખાયેલું છે.

એનો અર્થ એ થયો કે આપણી આ ભવ્ય પરંપરાઓને પુનઃપ્રાપ્ત કરવી હોય તો તેની ચાવી સંસ્કૃતમાં છે. આપણી આગામી પેઢીને આપણા પૂર્વજોની હજારો વર્ષની તપશ્ચર્યાના પરિપકવતારૂપે પ્રાપ્ત થયેલી આ અમૂલ્ય ધરોહર પહોંચાડવા માટે સંસ્કૃત શિક્ષણ આપવું અનિવાર્ય છે.

આપણી પાસે શું નથી ? વિશ્વનું સર્વશ્રેષ્ઠ ચિકિત્સા શાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, સંગીત, નૃત્ય, નાટ્ય, અનેક કલાઓ, કૃષિ વિજ્ઞાન, મનોવિજ્ઞાન, યોગવિજ્ઞાન સમાજ વિજ્ઞાન, ઉચ્ચ રાજનીતિ, શસ્ત્ર વિદ્યા, ગણિતવિદ્યા જ્યોતિષ શાસ્ત્ર, પાકશાસ્ત્ર, કોકશાસ્ત્ર અને સર્વોચ્ચ સિદ્ધ થઈ ચૂકેલું અધ્યાત્મ

વિજ્ઞાન. આ ઉપરાંત પણ અનેક જ્ઞાત-અજ્ઞાત વિદ્યાઓ અને વિજ્ઞાનનો ખજાનો આપણી પાસે છે. કટોરો લઈને કોઈની પાસે જ્ઞાનની ભીખ માંગવા જવાની ક્યાં જરૂર છે ? હજારો હસ્તપ્રતો, પાંડુલિપિ અનેક ગ્રંથો પોતાનું જ્ઞાન પીરસવા માટે આતુર સંસ્કૃત ભાષાના અક્ષય પટારામાં આપણી રાહ જોઈ રહ્યા છે અને આ ગરિમામય અક્ષય પાત્રની ચાવી એટલે સંસ્કૃત.

વળી સંસ્કૃતની એક વિશેષતા એ પણ છે કે યુગોના પ્રચંડ પ્રવાહો વહી ગયા હોવા છતાં આ ભાષામાં કોઈ પરિવર્તન નથી આવ્યું. વિશ્વની બીજી કોઈ પણ ભાષામાં લખાયેલું ફક્ત ૧૦૦ વર્ષનું સાહિત્ય આજે પોતાનો અર્થ ખોઈ બેઠું છે, જ્યારે સંસ્કૃત ૫૦૦૦ ઊપરાંત વર્ષ થયા હોવા છતાં એ જ અર્થમાં સમજી શકાય છે. અર્થ જાળવી રાખવાની સંસ્કૃતની આ અદ્દ્ભૂત શક્તિ જ્ઞાન સંચય માટે મહત્ત્વપૂર્ણ છે. સંસ્કૃતિનો હજારો વર્ષનો ભવ્ય દિવ્ય વારસો આ રીતે આપણા દ્વાર સુધી ઊભો છે. આપણે ફક્ત દરવાજો ખોલવાનો છે. સંસ્કૃત શીખીને, બોલીને અને શિખવીને.

**૩. આત્મગૌરવનું પુનરાગમન :**

પોતીકી લાગતી ભાષા અને પારકી ભાષા બોલતી વખતે આપણે કઈ માનસિક પરિસ્થિતિમાંથી પસાર થઈએ છીએ ? આ પ્રશ્ન પર ગંભીરતા પૂર્વક વિચારતા અનુભવાશે કે પોતાની ભાષા ગૌરવ-પ્રદ લાગશે અને પારકી ભાષા અહંકાર પોષક. કમસે કમ બીજી કોઈ ભાષાના સંદર્ભ ના વિચારીએ પરંતુ અંગ્રેજી ભાષામાં બોલતી વખતે તો અવશ્ય પણે આપણે અહંકાર અનુભવીએ છીએ. પોતાની ઉપર જે લોકોએ હકૂમત ચલાવી હોય તે લોકોની ભાષા બોલતી વખતે એક ગુલામ જેવી અનુભૂતિ કરે, તે અનુભૂતિ આપણે કરતા હતા અને કારણ પણ સર્વ વિદિત છે. બીજાને ઉતારી પાડવા, પોતાનો પ્રભાવ પાડી દેવા કોઈ અંગ્રેજ ગુજરાતી બોલશે ? કોઈ ચીનનો નાગરિક અંગ્રેજી બોલશે ? કોઈ જાપાનનો નાગરિક હિન્દી બોલશે ? પણ અંગ્રેજોએ જેના ઉપર રાજ કર્યું છે તેવા કોઈપણ દેશમાં જઈને તમે જોશો તો અંગ્રેજીનો ઉપયોગ એક શાબ્દિક શસ્ત્ર તરીકે કરવામાં આવી રહ્યો હોય છે. ભારતમાં ખાસ કરીને સરકારી અધિકારીઓ બધા જ ગુજરાતીઓની વચ્ચે અંગ્રેજીમાં બોલતાં હોય છે ત્યારે એમનો છૂપો ઈરાદો તમારૂં આત્મગૌરવ હણી લેવાનું હોય છે. આત્મગૌરવ હણી લેવા માટેનો આ પ્રયોગ ત્રણ શતકથી આ દેશમાં ચાલ્યો આવે છે અને એના મૂળ એટલા ઊંડા ગયા છે કે આપણે આપણાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવા સુધી પહોંચી ગયા છે. વાત મનોવૈજ્ઞાનિક હોવાને કારણે સરળતાથી સમજાશે નહીં, પરંતુ જો તમે અંગ્રેજી નહીં બોલતા યુરોપના દેશોમાં એક વખત આંટો મારી આવશો તો તમે આ વાતને સરળતાથી સમજી શકશો. અલબત્ત ઉઝબેકિસ્તાનમાં તમે આ સમસ્યા રશિયન ભાષા સાથે જોઈ શકશો, કારણ કે રશિયાએ અનેક વર્ષો સુધી ઉજબેકિસ્તાનને ગુલામ બનાવી રાખ્યું. આથી ઉઝબેકિસ્તાનના નાગરિકોનું હીર હણવા માટે રશિયન ભાષા બોલાય છે.

આપણું આત્મગૌરવ જે રીતે ભાષા દ્વારા હણાય છે એ જ રીતે, આત્મગૌરવની વૃદ્ધિ પણ થાય છે. જ્યારે આપણે જ્ઞાન સમૃદ્ધ ભાષા બોલીએ છે, જેમાં આપણા જ્ઞાનનો વારસો જળવાયેલો છે તેવી ભાષા બોલીએ છીએ, જેમાં આપણી સંસ્કૃતિનું સ્પષ્ટ દર્શન થાય છે તે ભાષા બોલીએ છીએ ક્યારે આપણને આત્મસન્માનની ભાવના ઉત્પન્ન થાય છે. નાનું બાળક પણ જ્યારે આપણી સામે સંસ્કૃત ભાષામાં બોલે છે ત્યારે સ્વાભાવિક પણે જ આપણને એ બાળક તરફ આદર અનુભવાય છે. માર્ગમાં વાત કરતા બે વ્યક્તિઓ જો સંસ્કૃતમાં બોલતા હોય તો સ્વાભાવિક રીતે જ આપણે બંને માટેનું હકારાત્મક આદરપૂર્વકનો અભિપ્રાય બાંધતા હોઈએ છીએ. અમે આવા અનેક ઉદાહરણ આપી શકીએ તેમ છીએ કે જેમાં સંસ્કૃત ભાષા બોલવાને કારણે જ અમને સન્માન આપવામાં આવ્યું હોય. આ સન્માન, આદર, પ્રેમ, આવકાર અને પોતાના હોવાની લાગણી અમને નહીં પરંતુ અમે જે ભાષા બોલી રહ્યા છીએ તેને મળી રહી છે તે અમે જાણીએ છીએ. સમગ્ર દેશમાં સંસ્કૃત બોલવાને કારણે આ પ્રકારના અનુભવો તમને અવશ્ય મળશે જ અને જ્યારે વ્યક્તિને પોતાની આસપાસના માણસો આદરપૂર્વક બોલાવે છે ત્યારે સ્વાભાવિક રીતે જ તેને આત્મસન્માન જાગે છે. ભારત જ નહીં પરંતુ ભારત બહાર પણ અને લોકોને સંસ્કૃત તરફના આદરને નો અનુભવ થયો છે. આમ સંસ્કૃત આદરભાવને પેદા કરતું, આત્મસન્માન ઉજાગર કરતું મહત્ત્વપૂર્ણ માધ્યમ બની રહે છે અને એની સાતે બહુ મહત્ત્વની ઘટના બને છે. જ્યારે આપણે આપણા આત્મસન્માનને અનુભવીએ છીએ ત્યારે આપણું નૈતિક ઉર્ધ્વગમન થાય છે. એટલે કે આપણે અનૈતિક બાબતો કરતા અટકીએ છીએ. કારણ કે આપણે સમજીએ છીએ કે આત્મગૌરવ વાળો માણસ અનૈતિક પ્રવૃત્તિઓ કરી શકે નહીં એટલે કે આત્મગૌરવ આપણને નૈતિક ઉર્ધ્વગમન તરફ લઈ જાય છે.

જો દેશમાં સંસ્કૃત ભાષાને પ્રાધાન્ય આપવામાં આવે તો ચોરી, ભ્રષ્ટાચાર, ગંદકી કરવી, અસત્ય આચરવું જેવી અને અનૈતિક બાબતો કરતાં મનુષ્ય પોતે જ અટકશે અને આત્મગૌરવના પુનરાગમનથી આપોઆપ પ્રગતિ કરશે.

**૪. કોઈ પણ ભાષા શીખવામાં મદદ :**

ભાષા ઉચ્ચાર ઉપર આધારિત છે. બોલાય એને ભાષા કહેવાય. વિશ્વની ભાષાઓની સૌથી વ્યાપક સૂચિ, જેને વિશ્વમાં સૌથી વધુ અધિકૃત માનવામાં આવે છે. તે એથનોલોગ (એસઆઈએલ ઇન્ટરનેશનલ દ્વારા પ્રકાશિત) છે, જેની ૨૦૦૯ સુધીની વિગતવાર વર્ગીકૃત સૂચિમાં ૬,૯૦૯ અલગ ભાષાઓનો સમાવેશ થાય છે. ભાષા કેવી રીતે બોલવી જોઈએ તે માટે ભાષાશાસ્ત્રીઓ એ "ફોનોલોજી" એટલે કે ઉચ્ચાર શાસ્ત્ર વિક્સાવ્યું છે. દરેક ભાષા માટે આ ફોનોલોજિ ઉપયોગમાં આવી શકે તેમ નથી. કારણ કે તે મુખ્યત્વે અંગ્રેજી અને તેની ભગિની ભાષાઓના ઉચ્ચાર માટે બનાવવામાં આવેલું છે. અંગ્રેજી ભાષામાં સ્પેલિંગ અને ઉચ્ચાર વચ્ચેના તફાવતોની સૌને ખબર છે. એવી જ રીતે લેખન અને ઉચ્ચાર, લીપિ અને ભાષા વચ્ચેનો તફાવત વિશ્વની મોટાભાગની ભાષામાં ખૂબ મોટો છે. જેમકે ચીન અને જાપાનની ચિત્રલિપિ કેવી રીતે ઉચ્ચાર કરવો તે સ્પષ્ટ કરતી નથી. તેના ઉચ્ચારની સ્પષ્ટતા માટે પરંપરાગત રીતે તેના નિશ્ચિત શબ્દ કે ચિત્રનો ઉચ્ચાર કેવી રીતે થાય છે તે બોલનાર વ્યક્તિ કે શિક્ષક પાસેથી શીખવું પડે છે. Put પૂટ થાય તો But બટ શા માટે થાય ? તેનો ઉત્તર નથી. એટલે કે લખાણની ભાષામાં રહેલા શબ્દોનો ઉચ્ચાર જાણતા વ્યક્તિઓ ઉપસ્થિત ના હોય તો ખોટા ઉચ્ચારોની સંભાવના રહે છે. આથી જ અને ભાષાઓના ઉપચાર માટે અલગ phoneticsની રચના થયેલી છે. દેવનાગરી લિપિમાં લખાયેલા સંસ્કૃતના એક પણ શબ્દમાં આવી સમસ્યા ઉત્પન્ન થતી નથી. વળી સંસ્કૃતમાં વર્ણમાલાના અક્ષરો કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય અને ઓષ્ટય એમ ઉચ્ચાર અને સ્પષ્ટતાથી ગોઠવાયેલા વૈજ્ઞાનિક છે. પ્રત્યેક ઉચ્ચાર ઉપર ઊંડાણ પૂર્વક વિચાર કરવામાં આવેલો છે. માનવ દ્વારા બોલાતા શબ્દોના ઉચ્ચારો કેવી રીતે થવા જોઈએ એનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન સંસ્કૃત વ્યાકરણમાં રહેલું છે. આથી કોઈ પણ ભાષા બોલવા માટે આવશ્યકુચ્ચાર સ્પષ્ટતા સંસ્કૃત દ્વારા સરળતાથી થઈ શકે છે. ઉપર જણાવ્યું તેમ વિશ્વમાં બોલાતી ૬,૯૦૯ ભાષાઓ યોગ્ય રીતે શીખવી હોય તો સંસ્કૃતનું આ ધ્વની અને ઉચ્ચારનું જ્ઞાન મજબૂત પાયો ઘડી શકે. એ જ રીતે શબ્દને અર્થ પૂર્ણ કરવા માટે આવશ્યક સંસ્કારો દ્વારા સંસ્કૃત વિક્સેલું છે. સાત વિભક્તિઓ, ત્રણવચન, કાળ અને વિચાર અભિવ્યક્તિની તમામ સંભાવનાઓ ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. આથી ભાષાના શિક્ષણ માટે સંસ્કૃત સૌથી વધારે પરિષ્કૃત ભાષા છે.

આથી જ કહી શકાય કે વિશ્વની કોઈ પણ ભાષા શીખતા પહેલા જો કોઈ વિદ્યાર્થીને સંસ્કૃત ભાષા શીખવી દેવામાં આવે તો વિશ્વની કોઈ પણ ભાષા શીખવી તેના માટે મુશ્કેલ રહે નહીં. વિશ્વમાં અર્થ પૂર્ણ અભિવ્યક્તિની સ્પષ્ટતા માટે આટલા ઊંડાણપૂર્વક કોઈ ભાષામાં ખેડાણ થયેલું જોવા મળતું નથી. ઉચ્ચાર શુદ્ધિ, અર્થની સ્પષ્ટતા, અભિવ્યક્તિની સરળતા, બહુવિધ શબ્દોનો ઉપયોગ, અનેક પર્યાયવાચી શબ્દો, શબ્દ ગોઠવણીની સ્વતંત્રતા, લયબદ્ધ ગોઠવણી શક્યતા, નવા શબ્દોના નિર્માણની શક્યતા, શબ્દના ધાતુ અને પ્રત્યયો ઉપરથી શબ્દની અર્થગમ્યતા જેવી અનેક મહત્વપૂર્ણ બાબતો સંસ્કૃત પાસેથી વિશ્વની તમામ ભાષાઓએ શીખવાનું છે. આથી ખરેખર તો સંસ્કૃત ફક્ત ભારતની નહિ પરંતુ વિશ્વની માન્ય જ્ઞાન-ભાષા બને તે વધુ આવકાર્ય છે.

**૫. જ્ઞાન સંચયની અક્ષયતા :**

કોઈ એક પેઢીએ પ્રાપ્ત કરેલું જ્ઞાન અન્ય પેઢી સુધી પહોંચાડવા માટે કઈ ભાષામાં લખવું જોઈએ ? સાવ સરળ લાગતો આ પ્રશ્ન અનેક મહત્વપૂર્ણ દ્રષ્ટિકોણને આવરીને ઉત્તર આપવા યોગ્ય છે. વિશ્વની સૌથી પુરાતન ભાષાઓ ૧) ઇટાલિયન ૨) કોરિયન ૩) તમિલ ૪) ફારસી ૫) હીબ્રુ ૬) અરામિક ૭) ચાઈનીઝ ૮) ગ્રીક ૯) સંસ્કૃત ૧૦) ઇજિપ્તીયન પૈકી તમામ ભાષાઓમાં ઉત્તમ સાહિત્ય ઉપલબ્ધ છે, પરંતુ અન્ય સંસ્કૃત સિવાયની ભાષાો પુરાતન અને અદ્યતન ભાષા વચ્ચેનો તફાવત ધરાવે છે. જેમકે પુરાતન ઇટાલિયનમાં લખાયેલા સાહિત્યને સાંપ્રત સમયમાં ઉકેલવું મુશ્કેલ છે. કારણ કે શબ્દ રચના, ઉચ્ચાર ભેદ, સંદર્ભ પરિવર્તન અને શબ્દાર્થમાં પરિવર્તન થઈ ગયેલા જોવા મળે છે. એનો અર્થ એ થયો કે બે પાંચ હજાર વર્ષ પહેલા કોઈ એક ભાષામાં લખાયેલી બાબતો બદલાતી રહે છે અથવા સમજવી મુશ્કેલ બને છે. આપણી ગુજરાતીની જ વાત કરીએ તો ગુજરાતી ભાષામાં ૨૦૦ વર્ષ પહેલાં લખાયેલું સાહિત્ય અત્યારે સમજવા માટે આપણે પ્રયત્ન કરવો પડે, જૂની ગુજરાતી આજની ગુજરાતી કરતા જુદી છે, સમજવી પણ મુશ્કેલ છે.


ON THE SPECIAL OCCASION OF WORLD STATISTICS DAY
SHRI H K COMMERCE COLLEGE,
AHMEDABAD (GUJARAT)
Organises
NATIONAL WEBINAR
on
"APPLICATIONS
OF
STATISTICS"
20th October, 2020
Wednesday
Time: 4:00 p.m. to 5:15 p.m.
Registration:
https://forms.gle/ppfQqKWahEBmg11d8
For Joining Live Streaming:
https://rb.gy/p4vwzc
Chairperson
Shri Ambarish Shah
Secretary,Brahmchari Wadi Trust,
Ahmedabad
Guest of Honor
Prof. B. B. Jani
Former, Professor & Head,
Department of Statistics,
School of Science,
Gujarat University, Ahmedabad
Shri Ambalal M. Patel
Former Principal,
SHKCC,Ahmedabad
Keynote speaker
Prof. M. N. Patel
Professor & Head,
Department of Statistics,
School of Science,
Gujarat University, Ahmedabad.
Convener
Dr. Ashish Janakray Dave
Principal, SHKCC
Co-Convener
Dr. Dinesh M. Patel
Statistics Dept., SHKCC
For Any Query Contact us on E-mail : 9132hkcc@gmail.com
Contact on: 9879919373, 9313960688, 9328078001

# SHRI H K COMMERCE COLLEGE, AHMEDABAD (GUJARAT)

## Organises

## NATIONAL WEBINAR

## on

## "HOW TO MAINTAIN PHYSICAL FITNESS & BOOST IMMUNITY"

27th October, 2020

Tuesday

Time: 4:00 p.m. to 5:30 p.m.

**Chairperson**



Dr. Arjunsinh Rana
Vice Chancellor,
Swarnim Gujarat Sports University,
Gandhinagar (Gujarat State Public University)



**Guest of Honor**



Dr. Dharmsinh Desai
Dean Faculty of Arts,
Gujarat University,
Ahmedabad

**Eminent Speakers**



Dr. Mukesh Patel
Director (Physical Education and Sports)
Indian Institute of Teacher Education,
(Gujarat State Public University)



Lt. Dr. SHyam Narayan Singh
Professor & Head,
Head, Department of Physical Education,
Sanatan Dharm Post Graduate College,
Muzaffarnagar (Uttar Pradesh)

**Convener**



Dr. Ashish Janakray Dave
Principal, SHKCC

**Co-Convener**



Dr. Anant R. Thakor
Director of Physical Education,
SHKCC

For Any Query Contact us on E-mail : 9132hkcc@gmail.com
Contact on: 98792 29829, 93139 60688, 93280 78001

# Shri H K Commerce College, Ahmedabad (Gujarat)
## Organises National Webinar
## On
# "Management Lessons from Indian Scripture"

Date: 6th November, 2020, Friday Time: 4:00 p.m. to 5:30 p.m.




### Chairperson



**Shri Bhagyesh Jha**
**Former Culture Secretary, Gujarat State,**
**Spiritual Public Speaker**

### Guest of Honour



**Pri.(Dr) Star Payal Iyer,**
**Honorary Secretary, Gujarat State College Principals Association**

### Eminent Speakers



**Prof. B. K. Nair,**
**Former Head,Department of Commerce**
**N M College,Mumbai**



**Dr. Jayendrasinh Jadav,**
**National Coordinator,Shiksha Sanskruti Utthan Nyas, New Delhi**

### Co-Convener



**Smt. Dakshaben R. Patel**
**Head Commerce Department, SHKCC**

### Convener



**Dr. Ashish Janakray Dave,**
**Principal, SHKCC**


Shri H K Commerce College, Opp. Handloom House, Ashram Road, Ahmedabad - 380009
Gujarat - India Call: +917926589961, +919313960688 E-mail:9132hkcc@gmail.com

Shri H K Commerce College, Ahmedabad (Gujarat)
Organises National Webinar
On

# "Career Opportunity in Voice Over Industry"

**Date: 3rd November, 2020, Tuesday**
**Time: 4 :00 P.M. To 5:30 P.M.**

## Chairperson



**Dr. Subhash Brahmbhatt,**
Former Principal, Shri H K Arts College, Ahmedabad
Former President, All India College Principal Association

## Guest of Honor



**Ms.Shilpa Shah,**
Director In Charge,Brahmchari Wadi
Trust Institute of Business
Administration,Ahmedabad

## Eminent Speakers



**Dr. Hina Saxena,**
Associate Professor,
Shri H K Arts College, Ahmedabad
Renowned Voice Over Artist since 35 Years



**Dr. Mayur Vyas,**
Course Coordinator BMS,UPG College, Mumbai
Renowned Voice Over Artist (Voice of Rajnikanth)

## Co-Convener




**Pr. Shailesh R. Gadhavi,**
Associate Professor, SHKCC

## Convener



**Dr. Ashish Janakray Dave,**
Principal, SHKCC




Shri H K Commerce College, Opp. Handloom House, Ashram Road, Ahmedabad - 380009
Gujarat - India Call: +917926589961, +919313960688 E-mail:9132hkcc@gmail.com

પરંતુ આ તમામ ભાષાઓમાં સંસ્કૃત અપવાદ છે. એ વાત સત્ય છે કે ઘણા શબ્દો સંસ્કૃતમાં બદલાયા હશે પરંતુ આ તમામ ભાષાઓમાં સંસ્કૃત અપવાદ છે. એ વાત સત્ય છે કે ઘણા શબ્દો સંસ્કૃતમાં બદલાયા હશે પરંતુ તેમ છતાં અર્થબોધ માટે થોડો પરિશ્રમ કરીએ તો ભાષા સમજી શકાય છે.

આ ચર્ચા અહીં એટલા માટે છે કે જેવી રીતે 'જે પાત્રમાં આપણે અમૂલ્ય ખજાનો મૂકતા હોઈએ તે પાત્ર અક્ષય હોવું જોઈએ એવી જ રીતે જે ભાષામાં આપણે જ્ઞાનનો સંચય કરતાં હોઈએ તે ભાષા પણ અક્ષય હોવું જોઈએ' આ સિદ્ધાંત જો આપણે જાણી લઈએ તો હજારો વર્ષ સુધી કોઈ એક ભાષામાં અમુલ્ય જ્ઞાન ખજાનો સાચવી શકાય. નહીં તો ભાષાના બદલાવા સાથે જ્ઞાનનો ખજાનો આપણે ખોઈ બેસીએ. સદભાગ્યે આપણી પાસે એવી દિવ્ય ભાષા છે કે જે પાંચ હજાર વર્ષ પછી પણ સુબોધ છે. ૫૦૦૦ વર્ષ પહેલાં સંસ્કૃત ભાષામાં લખાયેલ સાહિત્ય આજે પણ આપણે એટલી જ સરળતાથી અને સહજતાથી સમજી લઈ શકીએ છીએ. એનો અર્થ એ થયો કે હજી પાંચ હજાર વર્ષ પછી પણ આપણી પેઢી સંસ્કૃતમાં લખાયેલા આપણા સાંપ્રત જ્ઞાનને સરળતાથી સમજી શકશે. અંગ્રેજી માટે આવું કહી શકાય તેમ નથી, બ્રિટિશ અંગ્રેજી અને અમેરિકન અંગ્રેજી આજે પણ જુદી પડે છે. ફક્ત ૨૦૦ વર્ષ પહેલાની અંગ્રેજી અને આજની અંગ્રેજીમાં મોટો તફાવત છે. જૂની અંગ્રેજી ભાષાને વેસ્ટ જર્મનીક West Germanic language) કહેવામાં આવે છે જે આજે સમજી શકાય તેવી રહી નથી. તે ભાષાના પ્રબુદ્ધ જાણકારો પણ નથી અને તેનું કોઈ વ્યાકરણ પણ ઉપલબ્ધ નથી. અર્થાત્ નિરાધાર અને પરિવર્તનશીલ ક્ષય પામતી ભાષા છે. એટલે કે એ ભાષામાં લખાયેલું જ્ઞાન આજે સમજી શકાયતેવું રહ્યું નથી. એનો અર્થ એ થયો કે આજનું ટેકનોલોજીનું જ્ઞાન જો અંગ્રેજીમાં લખાયેલું હશે તો પાંચ હજાર વર્ષ પછી માનવ માટે તે સમજવું શક્ય બનશે નહીં. કારણ કે આ ભાષા સાથે હજાર વર્ષમાં જે બનતું આવ્યું છે તે આગામી હજારો વર્ષ સુધી બન્યા જ કરશે. એની સામે સંસ્કૃતમાં લખાયેલું ટેકનોલોજીનું જ્ઞાન બીજા અનંત વર્ષ સુધી અક્ષય રહેશે તેની ખાતરી છે અને માટે જ સાંપ્રત સંપૂર્ણ જ્ઞાન ખજાનો સંસ્કૃતમાં ભાષાંતરીત કરી દેવો અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે. પોતાના અમૂલ્ય ખજાનાને અક્ષય અને મજબૂત પટારામાં મૂકવો કોને અયોગ્ય લાગે ?

સાંપ્રત સમયમાં જે કોઈ ભાષામાં લખાયેલું ઉત્તમ જ્ઞાન હોય તે તમામ જ્ઞાનને સમગ્ર વિશ્વમાંથી મેળવીને બને તેટલી ઝડપથી સંસ્કૃતમાં ફેરવવું જોઈએ, કે જેથી આપણે તેને આપણી આવતી અનેક પેઢી સુધી પહોંચાડી શકીએ. સાંપ્રત જ્ઞાનનો સૌથી મોટો આદર આરીતે જ થઈ શકે. જ્ઞાન સંચયની મહામૂલી સંસ્કૃત ભાષા હજારો વર્ષનો જ્ઞાન રાશિ પોતાનામાં સમાવી શકી અને બીજા હજારો વર્ષ સુધી માનવ દ્વારા સંપાદિત થતો જ્ઞાન સાગર પોતાનામાં અનંત યુગો સુધી સમાવી શકશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

આ સિવાય અને મુદ્દાઓ સ્પષ્ટપણો એ સાબિત કરે છે કે સંસ્કૃત સમગ્ર માનવજાત માટે આવશ્યક નહીં પરંતુ અનિવાર્ય ભાષા છે. આજના સમયમાં જ્યારે જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે. નવા પારિભાષિક શબ્દો નવા જ્ઞાનના સંદર્ભમાં ઉમેરાતા જાય છે. જ્ઞાન પ્રાપ્ત કરવાના પૂર્વે ન હતા તેટલા વિશિષ્ટ સાધનો આજે ઉપલબ્ધ છે સંશોધનને ભરપૂર અવકાશ છે. પળવારમાં ગણતરી કરી નાખે તેવા સાધનો, આનંદ બ્રહ્માંડમાં જઈ અવાય અથવા ગયા વગર ત્યાંની પરિસ્થિતિનો તાગ મેળવી શકાય તેવા સાધનો છે અને માનવ ચેતના સંશોધન તરફ અવિતર ગતિ કરી રહી છે ત્યારે વિશ્વનું સાંપ્રત સંપૂર્ણ જ્ઞાન સંસ્કૃત ભાષામાં તાત્કાલિક ઉતારી લેવું જોઈએ. એ જ રીતે અત્યારે ઉપલબ્ધ હસ્તલિખિત ગ્રંથોમાં રહેલું જ્ઞાન પણ સંસ્કૃત સંદર્ભોથી સાંપ્રત સમયને અનુકૂળ રીતે લોકો સુધી પહોંચવું જોઈએ.

જો ભારતીય તરીકે આપણે આ કાર્ય નહીં કરીએ તો એવું માનવાની જરાયે જરૂર નથી કે આ કાર્ય નહીં બને. જ્ઞાનનું મૂલ્ય અને જ્ઞાન સંચયની શક્યતા તપાસતા મહાન વિદ્વાનો હવે સંસ્કૃત ભાષાને જામતા થઈ ગયા છે. ભાષા ઉપર પ્રચંડ પુરુષાર્થ કરનારા આપણા પૂર્વ આચાર્યોની મહેનત એળે નથી જવાની. સવાલ એ છે કે એ કામ કોણ કરશે ? આપણે કે પછી આપણી પાસેથી સંસ્કૃત શીખીને જનારા વિદેશી વિદ્વાનો ? જવાબ તો એક જ હોય આપણે જ આ કામ કરીશું. મન મૂકીને શીખીએ સંસ્કૃત, કારણ કે સંસ્કૃત શીખવું આપણા માટે ભારતીય તરીકે ફક્ત આવશ્યક નથી અનિવાર્ય છે.



# ઉદ્યોગ સાહસિકતા – વિકાસની દિશા તરફ

શ્રીમતી સંધ્યા પ્રજાપતિ
ઉપાચાર્ય, અર્થશાસ્ત્ર વિભાગ – શ્રી એચ. કે. કોમર્સ કોલેજ

બેરોજગારી એ આપણાં ભારત જેવા અતિવસ્તી ધરાવતા દેશની સળગતી સમસ્યા છે અને સદીઓથી ગુલામી ભોગવવાને કારણે આપણાં દેશનાં લોકોનું માનસિક બંધારણ એ નોકરી કરવાનું બની ગયું છે. જેને પરિણામે બેરોજગારીની સમસ્યાએ અતિ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. આ પરિસ્થિતિમાં ઉદ્યોગસાહસિકતા તરફની પસંદગી અને એ દિશા તરફનાં પ્રયત્નો એ જ આ પ્રશ્નનાં નિવારણ માટેનો એક માત્ર વિકલ્પ ગણી શકાય તેમ છે, એમ કહેવું ઘણાં અંશે ઉચિત છે.

આપણાં દેશનાં યુવાનો પાસે ઘણી સર્જનાત્મકશીલતા છે જેનો ઉપયોગ રોજગારી માટે કરી શકાય, પરંતુ તેનો કેવી રીતે વ્યવહારું ઉપયોગ કરવો તેની પૂરતી જાણકારીનાં અભાવે યુવાનો મુંઝવણ અને મુશ્કેલી અનુભવતા હોય છે. જો તેને યોગ્ય દિશાસૂચન અને આર્થિક સહાય પ્રાપ્ત થાય તો તે આગળ વધી શકે છે અને ઉદ્યોગસાહસિક બની સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે છે. એટલું જ નહીં પણ અન્યોને માટે રોજગારીનું સર્જન કરી શકે છે. પરિણામે બેકારીની અતિગંભીર પરિસ્થિતિમાંથી બહાર નીકળવું ઘણું સરળ બની શકે છે.

સ્વરોજગારીની દિશા તરફ યુવાનો તૈયાર થઈ, કેવી રીતે આગળ વધી શકે, તે માટે કઈ કઈ બાબતો આવશ્યક બને છે, સરકારે આ દિશામાં શું પગલા લીધા છે, શૈક્ષણિક સંસ્થાઓ તેને કેવી રીતે મદદરૂપ થઈ શકે, જે તરફ નજર કરીએ તો આ પ્રમાણે ચર્ચા કરી શકાય. જેને આપણે તબક્કાવાર જોઈશું.

**પ્રથમ તબક્કો :**

નવિનીકરણ કઈ વસ્તુ કે સેવામાં કરવું ? રોજગારી તરીકે ઉદ્યોગસાહસિકતાની પસંદગી કરવામાં આવે તો સામાન્ય રીતે સૌ પ્રથમ વિચાર નફાનો જ થતો હોય છે, જે સફળતામાં અવરોધરૂપ બને છે. સૌ પ્રથમ ઉદ્યોગસાહસિકતાનો અર્થ સમજીએ. ''ધી લિટલ ઑક્સફર્ડ ડિક્શનરી'' મુજબ **''ઉદ્યોગસાહસિક એવી વ્યક્તિ છે જે નફા કે નુકસાનની શક્યતા સાથે એકમત જવાબદારી ઉઠાવે છે.''**

આથી ઉદ્યોગસાહસિક બનવા માટે સૌ પ્રથમ આપણી પાસે એવી કઈ કાર્યક્ષમતા, કૌશલ્ય છે જેનાથી લોકોને મહત્તમ લાભ આપી અને તેના બદલમાં યોગ્ય મૂલ્ય મેળવી શકાય તે શોધવું જરૂરી છે અને બીજી અગત્યની બાબત કે આપણી આસપાસ વસતા લોકોને કઈ વસ્તુની જરૂરિયાત છે અથવા તેઓને કયા પ્રશ્નો છે જે તમારી કાર્યક્ષમતાથી હલ કરી શકાય અને તેઓની રોજિંદી જીવનશૈલીને સરળ બનાવી શકાય તેમ છે. ત્યાંથી શરૂઆત કરવી એ વધુ યોગ્ય ગણાય. આ રીતે પોતાની કાર્યક્ષમતાનો ઉપયોગ કરી, પ્રશ્નોના ઉકેલની સામાજિક જવાબદારી સ્વીકારવી અને નૈતિક મૂલ્ય નક્કી કરી આગળ વધવું.

ધંધાકીય પેઢીમાં નૈતિક મૂલ્યનું મહત્વ ઘણું રહેલું છે. પોતાની માન્યતાઓ, સિદ્ધાંતો, ફિલોસોફી, પ્રામાણિકતા, વચન બદ્ધતા, બીજાને મહત્વ આપવું, સમય આપવો, પારદર્શિતા રાખવી, કાયમી નિયમો અપનાવવા જેવી બાબતો એ ધંધાનો પાયો છે જે તેને યોગ્ય દિશામાં દોરી જાય છે. ગાંધીજીએ સર્વોદયના સિદ્ધાંતને સમજાવતા કહ્યું છે કે ''નફો મળે યા ન મળે તોપણ પોતાનો ધંધો-પોતાની ફરજ બજાવવાનો છે. આ વિચાર ખરો હોય તો વેપારી ઉત્તમ માનને લાયક છે, કેમ કે તેનું કામ માલ સરસ પેદા કરવાનું અને પ્રજાને પોસાઈ શકે તેવી રીતે પૂરો પાડવાનું રહ્યું. તેમ કરતાં તેના હાથ નીચે કામ કરતાં સેંકડો કે હજારો માણસો હોય છે તેઓનું રક્ષણ કરવું, તેઓની સારવાર કરવી એ પણ તેનું કામ રહ્યું. આ કરવામાં બહુ ધીરજ, બહુ માયા અને બહુ ચતુરાઈ જોઈએ. એક કંપનીએ પ્રજાહિતના કાર્યો માટે, સોશિયલ એક્ટિવિટી માટે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીની તાતી જરૂર પડે.''

(સંદર્ભ - મેનેજમેન્ટ ગુરુ મહાત્મા ગાંધી પેજ નં. 73)

ધંધામાં જોખમ ઉપાડવાનું સાહસ, અનિશ્ચિતતાનો પડકાર ઝિલવાની હિંમત, હકરાત્મકતાની પણ એટલી જ જરૂર પડે. અહીં હું રતન તાતાનું એક ક્વોટ મુકવાનું પસંદ કરીશ જે ભારતના ઉદ્યોગીકગૃહ એક સફળ, પ્રતિષ્ઠિત અને સોશિયલ એક્ટિવિષ્ટ એવા બિઝનેસમેન છે. જેઓનું નેનો કારનું નવપ્રવર્તન ખૂબ જાણીતું છે.

"I don't believe in taking right decisions, I take decisions and then make them right."

## દ્વિતીય તબક્કો :

ધંધા માટે મૂડીનું આયોજન કેવી રીતે કરવું ? શરૂઆતમાં ટૂંકાગાળાનું આયોજન કરવું હિતાવહ છે. જે માટે પોતાની, કુટુંબીજનો પાસેથી કે મિત્રો પાસેથી મૂડી ઊભી કરવી યોગ્ય ગણાય. બેંકની લોનથી શરૂઆત કરવી ટાળવી જોઈએ અને ધંધામાં ખોટ જાય તોપણ આર્થિક પરિસ્થિતિ વિકટ ન બને તેટલી મૂડીથી આયોજન કરવું હિતાવહ છે. ધંધાની નોંધણી કરાવવી જરૂરી છે. જો ગ્રામિણક્ષેત્રે પેઢી ખોલવામાં આવે તો ગ્રામપંચાયતમાં અને શહેરીક્ષેત્રે ખોલવામાં આવે તો નગરપાલિકામાં નોંધણી કરાવવી.

## તૃતીય તબક્કો :

ઉત્પાદનનાં સાધનોની પ્રાપ્તિ અને તેનું સમાયોજન કેવી રીતે કરવું ? ઉત્પાદનનાં સાધનો તમે કેવા પ્રકારના વ્યવસાયની પસંદગી કરી છે, તે પ્રમાણે તેની આવશ્યકતા ઉદ્ભવશે. કાચામાલ તરીકે વેસ્ટ વસ્તુનો ઉપયોગ, વણવપરાયેલા કે નિરુપયોગી સાધનો શોધી લેવા, શ્રમિકની જરૂર હોય તો કાર્યક્ષમ બેરોજગાર વ્યક્તિ શોધી લેવી જે ઓછા વેતન સાથે ઉત્પાદનકાર્યમાં સહયોગ આપે. આ રીતે ઉત્પાદનખર્ચ નીચું રાખી શકાય.

## ચતુર્થ તબક્કો :

વસ્તુ કે સેવાને કયા પ્રકારના બજારમાં મૂકવી ? વસ્તુનું સૌ પ્રથમ વેચાણ લોકલ રીટેલ માર્કેટમાં કરવું યોગ્ય ગણાય. જ્યાં ગ્રાહકો નવી વસ્તુ ખરીદવાનું જોખમ આસાનીથી ઉપાડે છે અને જો પસંદ પડે તો માઉથ ટુ માઉથ જાહેરાત ઝડપથી થઈ જાય છે. જેથી જાહેરાતખર્ચ વગર વસ્તુ કે સેવાનું વધુ વેચાણ કરી શકાય. તમારા મૂલ્ય એ તમારા ધંધાના DNA છે, જે તમારી ઉત્પાદક વસ્તુ કે સેવાને અન્ય વસ્તુ કે સેવાથી જુદી તારવવામાં મદદ કરે છે. આમ હરીફાઈમાં ટકી રહેવા માટે પણ મૂલ્યના મહત્ત્વને સ્વીકારવું જ રહ્યું. આ રીતે લોકલ રીટેલ માર્કેટમાં સફળ થયા પછી, ઇન્ટર-સિટી, ઇન્ટર-સ્ટેટ, ઇન્ટર-નેશનલ માર્કેટમાં આગળ વધી શકાય. આ રીતે ટૂંકાગાળામાં ધંધામાં સફળતા મેળવ્યા બાદ લાંબાગાળાનું આયોજન કરી તેનો વિસ્તાર કરી શકાય.

આ પ્રમાણે સર્જનાત્મકશીલતાનો વ્યવહારૂ ઉપયોગ કરી આર્થિક ઉપાર્જન કરી શકાય છે. પરંતુ અહીં એક અગત્યની બાબત હંમેશા ધ્યાનમાં રાખવી કે નફો એ આડપેદાશ (બાયપ્રોડ્ક્ટ) હોવો જોઈએ. આપણો મુખ્ય હેતુ પ્રશ્નનાં નિવારણની જવાબદારી સ્વીકારી નફા કે નુકસાન સાથે આપણી કાર્યક્ષમતાનું વધુમાં વધુ મૂલ્ય આપે તેવા પ્રયત્ન કરવાનું છે.

ઉદ્યોગસાહસિકતા અને નવીનિકરણના સંદર્ભમાં સરકાર દ્વારા સ્ટાર્ટઅપ ઇન્ડિયાની શરૂઆત, રોજગારીનો વિસ્તાર અને સ્થાયી સંપત્તિનું સર્જન કરવા માટે, કરવામાં આવી છે. જેનો હેતુ "વસ્તુઓમાં અને સેવાઓમાં નવસંશોધન કરવું અને તેને વિક્સાવવું અને રોજગારીના દરમાં વધારો કરવાનો, તેમ કરીને દેશનો સ્થાયી વિકાસ દર પ્રાપ્ત કરવાનો છે." જેની ઘોષણા સૌ પ્રથમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેમનું 15 ઓગષ્ટ 2015નાં ભાષણ દરમિયાન કરવામાં આવી હતી અને 16 જાન્યઆરી, 2016માં તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ યોજનાનું સંચાલન 'મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ટ ઇન્ડસ્ટ્રી' દ્વારા કરવામાં આવે છે. જે ગુજરાત સહિત 30 રાજ્યોમાં અમલમાં મુકવામાં આવી છે. જેની પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન થાય છે. જેની ઓફિસિયલ વેબસાઈટ www.startupindia.gov.in છે.

સ્ટાર્ટઅપ ઇન્ડિયાનો એક્શન પ્લાન ત્રણ એરિયા ઉપર કેન્દ્રિત થયેલ છે.

(1) Simplification and Handholding

(2) Funding support and

(3) Incentives.

ઉદ્યોગસાહસિકો પોતાનાં કૌશલ્યમાં વધારો કરી શકે, કેરિયર માટે તૈયાર થઈ શકે, સર્ટીફીકેટ અથવા ડીગ્રી મેળવી શકે તેમજ પોતાની કંપનીને આધુનિક બનાવી શકે, તે માટે વિવિધ પ્રકારનાં ઓનલાઈન કોર્ષિસ ચલાવવામાં આવે છે. ઉદ્યોગસાહસિકો પોતાની નવસંશોધિત વસ્તુ કે સેવાનું પ્રદશન કરી, ઇનામ જીતી શકે, તે માટે પ્રોગ્રામ્સનું આયોજન કરવામાં આવે છે. આ યોજના હેઠળ 124 જેટલી સ્કીમ્સ કાર્યરત છે. જેમાંથી કેટલીક આ પ્રમાણે જણાવી શકાય. 'વેન્ચર કેપિટલ સ્કીમ' જે એગ્રીકલ્ચર સેક્ટરમાં વ્યાજમુક્ત લોન આપે છે. 'SIDBI (સ્ટેન્ડ અપ ઇન્ડિયા ફોર ફાઈનાન્સિન્ગ એસસી/એસટી/ઓર વુમન ઇન્ટ્રાપ્રિનીયર્સ) જ્યાં એક બેંકની બ્રાંચ દ્વારા કોઈ એક લાભાર્થીને રૂ. 10 લાખ થી રૂ. 1 કરોડની

વચ્ચે લોન આપવામાં આવે છે. 'SIP-EIT' જે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીક્ષેત્રે ધિરાણ કરે છે. 'SFURTI' જે પરંપરાગત ઉદ્યોગોને ધિરાણ આપે છે. ઉદ્યોગસાહસિકે પોતાની કંપનીની DPIIT (Department For Promotion of Industry and Internal Trade) માન્યતા મેળવેલી હોવી જરૂરી છે. હાલમાં આ યોજનામાં 50,000 સ્ટાર્ટઅપ (કંપની) જોડાયેલ છે, જેમાં 45% વુમન ઈન્ટ્રાપ્રિનીયર્સ છે, જેમણે 5.5 લાખ રોજગારીનું સર્જન કર્યું છે. તારીખ 24-5-2021 થી 29-5-2021 દરમિયાન 36 સ્ટાર્ટઅપ્સના રોકાણમાં વધારો થયો છે, જેમાંથી 25 સ્ટાર્ટઅપ્સ કુલ 554 મિલિયન ડોલરનું રોકાણ મેળવવામાં સફળ થયા છે. (સંદર્ભ - www.startupindia.gov.in)

માનનીય વડાપ્રધાન દ્વારા 2016માં શરૂ કરવામાં આવેલ સ્ટાર્ટઅપ ઈન્ડિયાની ગુજરાત સરકાર દ્વારા પહેલ કરવામાં આવી છે. જે અંતર્ગત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા 2017થી અમલમાં મૂકવામાં આવી છે. જેની કાર્યપદ્ધતિ ઓફલાઈન છે. વિદ્યાર્થી પોતાની સંસ્થાના માધ્યમથી આગળ વધી શકે છે.

ઉદ્યોગસાહસિકતા અર્થતંત્રના વિકાસમાં પણ મહત્વની ભૂમિકા બજાવે છે. તે દેશનાં જીડીપી (ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ)માં વધારો કરી, વિકાસદરને વેગવાન બનાવે છે. તેમાં સ્થાનિક સ્ત્રોત્રો (રિસોર્સિસ)નો ઉપયોગ થતો હોવાથી ગ્રામિણ તેમજ નાના શહેરોનું મોટા શહેરોમાં થતું સ્થળાંતર અટકાવી શકાય છે. જેનો પરોક્ષ લાભ શહેરોમાં સ્લમ એરિયામાં રહેતા લોકોને મળે છે. કારણ કે સ્થળાંતરીત વસ્તીનું પ્રમાણ ઘટતા આવા વિસ્તારો ઉપર રહેઠાણનો ભાર ઘટે છે. જેથી તેઓનું જીવનધોરણ સુધરે છે અને રોજગારીની તકો વધે છે જે ગરીબી નાબૂદ કરવામાં સહાયક બને છે. જેથી દેશની પ્રજાનું જીવનધોરણ (શિક્ષણ, આરોગ્ય, સંસ્કૃતિની જાળવણી, સરેરાશ આયુષ્યમાં વધારો વગેરે) ઊંચું લઈ જઈ શકાય છે. આમ માનવમૂડીનું સર્જન થવાથી તેનો લાભ ફરીથી દેશને પ્રાપ્ત થાય છે. આ રીતે દેશનાં સર્વાંગ વિકાસમાં ઉદ્યોગસાહસિકતાની ભૂમિકા ઘણી મહત્વની બની રહે છે.

---

* અજ્ઞાની હોવા કરતાં તો યોગ્ય રીતે કાંઈ પણ શીખવાની ઈચ્છા ન હોવી એ બાબત વધુ શરમજનક છે.
**— બેન્જામિન ફ્રેન્કલિન**
* શરૂઆત એવાં કામોથી કરો જે અત્યંત જરૂરી હોય. એ પછી એવાં કામો કરો જે શક્ય હોય. આમ અચાનક તમે એવાં કામો કરતા થઈ જશો જે અશક્ય હોય. **— સેંટ ફ્રાન્સિસ ઑફ અસીસિ**
* ઉચિત ધ્યેય પ્રાપ્ત કરવાની દિશામાં, એ ધ્યેય પામવા માટે કરાતા પ્રગતિશીલ પ્રયત્નો. **— અર્લ નાઈટિંગ**
* એક 'ફરક' જ્યારે ઈચ્છાનું રૂપ ધારણ કરી લે ત્યારે એ ફક્ત 'ફરક' ન રહેતાં આનંદપ્રદ બની જાય છે.
**— જ્યૉર્જ ગ્રિટર**
* 'મને અડધો દિવસ કામ કરવું ગમે છે. મને એવી પરવા નથી કે એ દિવસના પ્રથમ ૧૨ કલાક હોય કે પછીના ૧૨ કલાક હોય.' **— કૅમૉન્સ વિલ્સન**

* 'જે કામ તમે આજે કરી શકો છો એ કાલ ઉપર ટાળવાની ભૂલ કદી ન કરતા.' **— બૅન્જામિન ફ્રેન્કલિન**
* આજકાલની વિદ્યાપીઠો અત્યંત સુશિક્ષિત, કુશળ પણ અસંસ્કારી સ્નાતકોનું નિર્માણ કરનાર કારખાના સમાન બની ગઈ છે. એનું કારણ એ છે કે આપણે યુવા પેઢી સમક્ષ નૈતિક મૂલ્યોની છબી કોઈ દિવસ ધરી જ નથી. ખરેખર તો આજની યુવા પેઢી સતત આવા આધારની શોધમાં ભટકતી જ હોય છે. **— સ્ટિવન મુલર**
* દરેક વિદ્યાપીઠની પ્રાથમિક ફરજ એ બને છે કે વિદ્યાર્થીઓને વેપાર નહીં, ડહાપણ શીખવે અને તાંત્રિક માહિતીઓ જ નહીં, પણ સારા ચારિત્ર્યના ઘડતર માટે સંસ્કાર પણ આપે. **— વિન્સ્ટન ચર્ચિલ**
* જેમના ચારિત્ર્યમાં આવા એકાદ-બે નહીં પણ તમામ ગુણો છે, જેમણે આ તમામ ગુણો આત્મસાત કર્યાં છે - એ લોકો જ સર્વગુણસંપન્ન અને સાચા અર્થમાં શિક્ષિત હોય છે. **— સોક્રેટિસ**



# કોરોના કાળ – આર્થિક અને સામાજિક દ્રષ્ટિએ વિહંગાવલોકન

✍ ડૉ. કમલકુમાર પી. શુક્લ
એસોસિયેટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ

**પ્રસ્તાવના :**

Novel SARS-Cov-2 વાયરસ કે જેને ટૂંકમાં COVID-19થી ઓળખવામાં આવે છે. આ મહામારી વિશ્વવ્યાપી છે. વિશ્વમાં આ રોગચાળાનો ઉદ્‌ભવ ચીનના વુહાન શહેરમાંથી અને ચામાચિડીયામાંથી ફેલાયો હોવાનું અનુમાન છે. વિશ્વમા કોરોના વાયરસનો સૌ પ્રથમ કેસ ડિસેમ્બર ૨૦૧૯મા જણાયો હતો. ભારતમાં COVID-19નો પહેલો કેસ કેરલમાં ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ નોંધાયો હતો, ગુજરાતમાં ૧૯ માર્ચ ૨૦૨૦ના રોજ સુરત અને રાજકોટમાં કેસ નોંધાયા હતા. આપમાં દેશમાં લોકડાઉનની શરૂઆત ૨૪ માર્ચ ૨૦૨૦થી તો થઈ હતી.

કોરોના વાયરસ મહામારીની અસર ભારતીય અર્થતંત્રની આર્થિક પ્રવૃત્તિ તેમજ સમાજ જીવન પર માનસિક અને શારીરિક નુકસાનના રૂપમાં જોવા મળે છે. જેને આંકડાકીય માયાજાળને બદલે મૌલિક રીતે રજૂ કરવાનો પ્રયત્ન અહીં કર્યો છે.

**આર્થિક વિશ્લેષણ :**

- કૃષિ એ દેશની કરોડરજ્જુ છે. ભારતીય અર્થતંત્રમાં કૃષિક્ષેત્રે મોટેભાગે નાના અને સીમાંત ખેડૂતોનો ફાળો વિશેષ જોવા મળે છે. જેમની આર્થિક સ્થિતિ પ્રથમથી નબળી હોય છે. કોરોના વાયરસ મહામારીને કારણે થયેલ લોકડાઉન લીધે વાહનવ્યવહાર બંધ થતા કૃષિક્ષેત્રે ઘણુ નુકસાન જોવા મળ્યું હતું. આ ઉપરાંત શ્રમિકોની વતન તરફની દોટ, શ્રમિકોની અછત વગેરેને લીધે પણ ખેડૂતોની હાલત કફોડી જોવા મળી હતી.
- સેકન્ડરી ક્ષેત્રનો કાચી રાષ્ટ્રીય પેદાશમાં (GDP) અને રોજગારીક્ષેત્રે મુખ્ય ફાળો રહેલો છે. કોરોનાકાળમાં ધંધા-રોજગાર ઠપ થતા આ ક્ષેત્રે ઘણી વિપરીત પરિસ્થિતીનો સામનો કરવો પડ્યો છે.
- એપ્રિલ-૨૦૧૯ની સરખામણીએ એપ્રિલ-૨૦૨૦માં ભારતીય નિકાસોમાં ૩૬.૬૫ ટકા અને આયાતમાં ૪૭.૩૬ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો હતો.
- બેરોજગારીને લીધે ઘણાં કુટુંબોએ જીવનધોરણ ટકાવી રાખવું મુશ્કેલ બની ગયું હતું.
- મોટાભાગની વસ્તીમાં વ્યાપેલ મહામારીને લીધે ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રે અપુરતા તબીબી સંસાધનોને પરિણામે આરોગ્ય વિષયક કટોકટી ઊભી થઈ હતી.
- વસ્તીના સ્થળાંતરની વિકટ સમસ્યા ઊભી થઈ હતી. જેણે હૃદયદ્રાવક દ્રશ્યો સર્જ્યા હતા. ખૂબજ મોટા પ્રાણમા રોજગારીની શોધમાં યુપી, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, આસામ વગેરે રાજ્યોમાંથી દિલ્હી અને મહારાષ્ટ્રમાં ગયેલ શ્રમિકોની વતન તરફની દોડ આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ સ્થાનિક રોજગારીની અપુરતી તકની દુર્લક્ષતા તરફ આપણું ધ્યાન ખેચ્યું.
- કોઈપણ દેશમાં ફેલાતા રોગચાળાની સૌ પ્રથમ અસર ઉડ્ડયન અને પ્રવાસન ક્ષેત્રે થાય છે. મુસાફરીની અવર-જવર પર પ્રતિબંધને કારણે આ ઉદ્યોગને એક અનુમાન મુજબ ૮૫ અબજ રૂપિયાનું નુકસાન થયું છે.

**સામાજિક વિશ્લેષણ :**

- COVID-19ની આરોગ્ય અને આરોગ્ય સંભાળ ઉપર તીવ્ર અસર પડી છે, સાથે સાથે સમાજ જીવનની રહેણી કરણીમાં પણ બદલાવ જોવા મળ્યો છે. સામાજિક અંતર, સ્વ-અલગતા અને મુસાફરીના પ્રતિબંધોને કારણે તમામ આર્થિક ક્ષેત્રોમાં કર્મચારીઓ ઓછા થયા છે. જેને લીધે કેટલાંકે નોકરીઓ પણ ગુમાવવી પડી છે.
- લોકડાઉનને કારણે ચીજવસ્તુઓ અને ઉત્પાદિત વસ્તુઓની જરૂરિયાત ઓછી થઈ, બીજીબાજુ સંપન્ન કુટુંબોમા સંગ્રહાખોરીનું પ્રમાણ વધ્યું છે.
- ચીજવસ્તુઓની જરૂરિયાતની સરખામણીએ તબીબી પુરવઠાની જરૂરિયાત નોંધપાત્ર રીતે વધી ગઈ.
- કોરોનાને લીધે શાળાઓ બંધ થતા બાળકોના રોજબરોજના સામાન્ય જીવનમાં પણ વિક્ષેપ ઊભો થયો.

* વર્તમાન સમયમાં વ્યક્તિગત અને કુટુંબની આરોગ્યની જાળવણી માટે નાણાકીય જવાબદારી ઊભી કરવીએ ઓચિંતી સમસ્યા ઊભી થઈ.
* વ્યક્તિના માનસિક અને શારીરિક આરોગ્ય પર પણ અસરો જોવા મળી છે. બાળકો અને વડીલોમાં સામાજિક અંતર દરમિયાન તનાવ, ભય, ચિંતા અને હતાશા વધુ પ્રમાણમાં જોવા મળ્યા છે. કોરોનાકાળ પછી પણ વ્યક્તિઓ નિર્ણય લેવામાં મુશ્કેલી અને એકલતા અનુભવતી જોવા મળે છે.
* ભારતીય શિક્ષણ વર્ગખંડોમાં અભ્યાસ તરફનો વધુ ઝોક ધરાવતું હતું, તેમાં COVID-19 ની મહામારીએ ખૂબ જ મુશ્કેલી વધારી દીધી છે. તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સ્થગિત થઈ ગઈ. ભારતીય શિક્ષણની પ્રણાલીમાં ON LINE શિક્ષણ પ્રણાલીથી (Virtual Education) ધરમૂળથી ફેરફાર જોવા મળ્યો.

**નિષ્કર્ષ :**

કોરોનાકાળની આ મહામારીમાં ડોક્ટરો, મેડિકલ વિદ્યાર્થીઓ, સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ પોતાની જાતના જોખમે અન્યને મદદરૂપ થયા હતા. જે આપણા દેશની માનવતાવાદી વિચારસરણીનું પ્રતિબિંબ છે.

કોરોનાકાળમાં ઊભી થયેલ મુશ્કેલીઓ વચ્ચે સ્વદેશી તકનો વિકાસ થવાથી ઘણી મેડિકલ જરૂરિયાતોનું ઉત્પાદન ઘરઆંગણે થઈ શક્યું છે. જે ભારતીય ઉદ્યોગ સાહસિકતાની કાબેલિયતનો નિર્દેશ કરે છે.

કોરોનાકાળમં લોકડાઉન, ખૂબ મોટા પ્રમાણમાં નોકરીઓ ગુમાવવી, આવક ઓછી થવી, મૃત્યુ થવું - આ બધા પરિબળોએ લોકોની માનસિક સ્થિતિ પર વિપરીત અસર કરી હતી. આમ છતા આવા અણધાર્યા અને કપરા સંજોગોમાં પણ વસુદેવ કુટુંબકમ ભાવનાથી હિંમત હાર્યા વગર ટકી રહેવું એ ભારતીય સંસ્કૃતિની જ દેન ગણી શકાય.

કોરોનાકાળે સંપર્ક વિનાના વ્યવહારો ક્ષેત્રે ક્રાંતિ લાવી છે એવું પણ કહી શકાય. ON LINE શિક્ષણ પદ્ધતિને લીધે શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. વિદ્યાર્થીઓના પક્ષે મૂળભૂત સુવિધાઓનો અભાવ, કૌટુંબિક વિક્ષેપ વગેરે મુદ્દાઓ શિક્ષણ દરમિયાન અવરોધરૂપ બનતા નજરે પડ્યા છે. જ્યારે શિક્ષકોના પક્ષે ટેક્નીકલ જ્ઞાનનો અભાવ, સંસ્થાના પક્ષે ઈન્ફ્રાસ્ટ્રક્ટર સુવિધાનો અભાવ વગેરે જોવા મળ્યા છે. શહેરી વિસ્તારની આ સમસ્યા છે, તો મૂળભુત સુવિધાથી વંચિત એવા આપણા ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓની હાલત કેવી હશે તેની કલ્પના જ કરવી રહી ?

આમ COVID-19 ની મહામારીને લીધે શિક્ષણ પર નકારાત્મક અસરો જોવા મળી હતી, પરંતુ સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દરેકે આ અણધાર્યા પડકારોને સ્વીકારી પોતાના શ્રેષ્ઠ પ્રયાસ દ્વારા ભારતીય શિક્ષણ પ્રણાલીને પરંપરાગત પદ્ધતિથી એક નવા પરિવર્તન યુગમાં લઈ જવાની જે તક સ્વીકારી અને સફળ બનાવી તેની વિશેષ નોંધ લેવી રહી.

---

## *સરદાર પટેલની માન્યતા....*

તલવાર ચલાવી જાણે છતાં તલવાર મ્યાન રાખે તેની જ અહિંસા સાચી કહેવાય. કાયરોની અહિંસાની કિંમત કેટલી ? જેને લાજ નથી તેની લાજ શી જવાની છે ? જે પોતાની લાજનું રક્ષણ નથી કરતો તેની લાજ બીજું કોણ બચાવી શકવાનું હતું ? પોતાની સ્ત્રી અને કુટુંબનું રક્ષણ કરવાની, ભરણપોષણ કરવાની જેનામાં શક્તિ હોય તેને જ આ જગતમાં લગ્ન કરવાનો હક્ક છે. જેનામાં શક્તિ નથી તેણે કુંવારા રહેવું જોઈએ. **– સૌજન્ય : સરદાર પટેલનાં વિચાર બિંદુ**

## *સરદાર પટેલ વિષે તેઓ આ કહે છે.....*

એક બાજુ પોલાદી ઈચ્છાશક્તિ, સ્પષ્ટ દૃષ્ટિ અને કઠોર નિર્ણાયકતા તથા બીજી બાજુ કરુણાસભર મૃદુ અને લાગણીશીલ હૃદયવાળું વ્યક્તિત્વ. સરદાર પટેલનું આવા વિરોધાભાસથી ભરેલું વ્યક્તિત્વ મારી સ્મૃતિમાં કાયમ અંકિત થયેલું રહેશે. બહુ ઓછા માણસો સરદાર વલ્લભભાઈ પટેલની જેમ પોતાના દેશની સંપૂર્ણ વફાદારીથી અને ઉત્તમ રીતે સેવા કરી શકે. આમ કરવા જતાં એમણે પોતાના મિત્રો તરફની વફાદારીનો સહેજ પણ ત્યાગ કર્યો નથી.

**– લોર્ડ માઉન્ટબેટન, હિન્દુસ્તાનના છેલ્લા વાઈસરોય**



# ક ક્રિકેટનો ક, ક કપિલદેવનો ક

✍ ડૉ. એસ. એ. ચીંતામન
એસોસિયેટ પ્રોફેસર, કોમર્સ ડિપાર્ટમેન્ટ

ક્રિકેટના મહાન મહાન ખેલાડી શ્રી કપિલદેવ રામલાલ નિખંજ વિષે કેટલીક રોચક વાતો .......

ચંદીગઢ, પંજાબમાં તારીખ ૦૬-૦૧-૧૯૫૯ને મંગળવારે શ્રીમતી રાજ કુમારી રામલાલ નિખંજના કૂખે જન્મ.

તેઓ જ્યારે નાના હતા અને ટ્રેનીંગ કેમ્પમાં તાલીમ લઈ રહ્યા હતા. એક ફાસ્ટ બોલરને વધુ શારીરિક શક્તિની જરૂર હોવાથી તેમનો ખોરાક પ્રમાણમાં વધુ હતો. તેઓ એ કેમ્પમાં તેમને વધુ ખોરાક આપવામાં આવે કારણ કે તેઓ ફાસ્ટ બોલર છે તેવી માંગણી કરી. તેમના કોચ શ્રી કેકી તારાપોરએ કટાક્ષમાં કપિલદેવને ધમકાવતા કહ્યું "વધારે ખાવા માટે ફાસ્ટબોલર છું તેવું બહાનું કાઢવાની કોઈ જરૂર નથી. આમ પણ ભારતમાં એકપણ આંતરરાષ્ટ્રીય કક્ષાનો ફાસ્ટબોલર છે જ નહીં." - આ શબ્દો કપિલદેવને ખૂબજ લાગી આવ્યા અને આ શબ્દોએ જ જન્મ આપ્યો એક આંતરરાષ્ટ્રીય કક્ષાના રાઈટ આર્મ મીડિયમ ફાસ્ટબોલર - કપિલદેવ ને.

વિશ્વનો એક માત્ર ખેલાડી કે જેણે ટેસ્ટ મેચોમાં ૪૦૦ થી વધુ વિકેટ તથા ૫૦૦૦ થી વધુ રન કર્યા છે તે છે કપિલદેવ

રન લેવાની આવડતને કારણે એક અનોખો રેકોર્ડ કપિલદેવ પોતાના નામે ધરાવે છે !!!

પોતાની ટેસ્ટમેચની કારકિર્દીમાં ૧૮૨ ઇનિંગ્સમાં એક પણ વખત રન આઉટ નથી થયા !!!

છે ને આશ્ચર્યની વાત !!!

૨૧ વર્ષની નાની ઉંમરમાં ૧૦૦ વિકેટો તથા ૧૦૦૦ રન બનાવનાર - કપિલદેવ સૌથી નાની ઉંમરમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ક્રિકેટર બન્યા....

ટેલેન્ટ અને આત્મવિશ્વાસથી ભરેલા કપિલદેવનો પ્રેમનો પ્રસ્તાવ મૂકવાનો અનોખો અંદાજ....

રોમી ભાટિયા સાથે તેઓ જ્યારે કારમાં મુસાફરી કરી રહ્યા હતા અને રસ્તામાં એક અમૂલ કંપનીનું જાહેરાતનું બોર્ડ દેખાયું. એ જાહેરાતમાં કપિલદેવના આગળના દાંત ઉપર અમૂલ બટર ચોટ્યું હોય તેવું દેખાડવામાં આવ્યું હતું અને સાથે કપિલદેવની સિદ્ધિઓને બિરદાવતું એક વાક્ય લખેલું હતું. કપિલદેવે તરતજ રોમીને કહ્યું કે આનો ફોટો પાડો.. રોમી તે જાહેરાતના બોર્ડનો ફોટો પાડીને કપિલદેવને પૂછ્યું તમે શા માટે આ ફોટો લેવડાવ્યો ? કપિલદેવે જવાબમાં કીધું "આપણા સંતાનોને બતાવીશું."

રોમીના પિતાજીને તેમના લગ્ન સામે કોઈ વાંધો નહતો પરંતુ ૯૦ વર્ષે અણનમ રોમીના દાદાજીએ કપિલદેવ સામે પ્રશ્નોરૂપી ગૂગલી અને યોર્કરનો વરસાદ વરસાવી દીધો. પરંતુ આખરે તેઓ માની ગયા. તેમના લગ્ન ૧૯૮૦ના વર્ષમાં રોમી સાથે થયા.

૧૯૮૩નું યાદગાર વર્ષ.....

૧૯૮૩ના વર્લ્ડકપની એક મેચમાં ભારતનો મુકાબલો ઝિમ્બાબવે સાથે હતો અને જો આ મેચ હારી જાય તો ભારતીય ટીમ ક્વાટર ફાઈનલમાંથી બહાર નીકળી જાય તેવી પરિસ્થિતિ. ટોસ જીતીને ભારતીય કપ્તાન કપિલદેવે બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ઓપનિંગ બેટ્સમેનને બેટિંગ કરવા મોકલી તેઓ સ્નાન કરી રહ્યા હતા અને બાથરૂમનો દરવાજો ખખડ્યો અને કપિલદેવને કહેવામાં આવ્યું "કેપ્ટન બે વિકેટ ૫ડી ગઈ છે." અને તરતજ ત્રીજી વિકેટ ૫ડવાના સમાચાર મળ્યા. બંને ઓપનિંગ બેટ્સમેન શૂન્ય ૫ર આઉટ અને જોત જોતમાં ૧૭ રનમાં ૫ વિકેટો ૫ડી ગઈ. હવે કપિલદેવનો વારો હતો. ૧૩૮ બોલમાં ૧૬ ચોક્કા અને ૬ છક્કા સાથે ૧૭૫ (નોટ આઉટ) રનની કેપ્ટન ઇનિંગ સાથે મેદાનમાં સોંપો પાડનારી એ ઇનિંગ ક્રિકેટના ઇતિહાસમાં આગવું સ્થાન ધરાવે છે. આ સાથે ફરી એક રેકોર્ડ કપિલદેવના નામે લખાયો. વર્લ્ડકપમાં શતક ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન.....

૧૯૭૫માં ક્રિકેટના ઇતિહાસમાં પ્રથમ વર્લ્ડકપ રમાયો જે વેસ્ટ ઇન્ડીઝ જીતી ગયું. બીજો વર્લ્ડકપ ૧૯૭૯માં રમાયો તે પણ વેસ્ટ ઇન્ડીઝ જીતી ગયું. ત્રીજો વર્લ્ડકપ ૧૯૮૩માં રમાયો અને ફાઈનલમાં ભારતની સામે ફરી વેસ્ટ ઇન્ડીઝની

એકદમ મજબૂત ટીમ આવી. સમગ્ર ટીમના ટીમવર્ક અને અનુભવી તથા કુશળ ભારતીય કપ્તાન કપિલદેવની ચતુરાઈપૂર્વકની કેપ્ટનશીપએ ભારતને પ્રથમ વર્લ્ડકપ જીતાડ્યો.

તેઓ પોતાની ફિટનેસ માટે એટલા સજાગ રહેતા હતા કે તેમની ૧૭ વર્ષની ૧૩૧ ટેસ્ટમેચની કારકિર્દીમાં બધીજ મેચો સળંગ રમ્યા, ઈજા કે ફિટનેસની મુશ્કેલીને કારણે એકપણ ટેસ્ટમેચ છોડવી પડી નથી. આ પણ તેમની એક અનોખી સિદ્ધિ છે...

૧૯૮૩-૮૪ના વર્ષમાં વેસ્ટ ઇન્ડીઝ સામેની એક મેચમાં ભારતના નબળા દેખાવને કારણે ક્રિકેટ પ્રેમીઓ નારાજ થયા અને ભારતીય ટીમ જે બસમાં બેઠી હતી તેના ઉપર પથ્થરમારો કર્યો. ભારતીય ટીમના કેટલાક સભ્યો નીચે નમી ગયા તો કેટલાક સામે જવાબ આપવા માંડ્યા. પરંતુ કપિલદેવ - તેઓ જે સ્થિતિમાં બેઠા હતા તેજ સ્થિતિમાં અડગ બેસી રહ્યા, ના તેઓ નીચે નમ્યા ના તેમણે કોઈ જવાબ આપ્યો.

સામાન્ય રીતે કેટલાક બેટ્સમેન ૯૦ રન ઉપર પહોંચે છે તો શતક સુધી પહોંચીજ શકતા નથી અથવા શતક સુધી પહોંચવામાં બહુજ વાર કરે છે જેને 'નર્વસ નાઈટીઝ' કહેવાય છે. સચિન તેંડુલકર જેવા મહાન બેટ્સમેન પણ પોતાની કારકિર્દી દરમિયાન ૧૭ વખત વનડે મેચોમાં અને ૧૦ વખત ટેસ્ટમેચોમાં ૯૦ થી ૯૯ રન વચ્ચે આઉટ થઈ ચૂક્યા છે. આવું થવાનું કારણ બેટ્સમેન પ્રેશરમાં આવી જાય છે. પરંતુ કપિલદેવતો નોખી માટીનો માનવી !!! તેમના નામે એક રેકોર્ડ એવો છે કે તેઓએ ૧૯૭૯માં તેમની પ્રથમ ટેસ્ટ શતક સિક્સર બનાવી હતી.

કપિલદેવએ બોલિવૂડમાં પણ પોતાનો રચો બતાવ્યો છે. તેઓએ 'સ્ટમ્પ્ડ', 'મુજસે શાદી કરોગી', 'દિલ્લગી... યે દિલ્લગી', 'આર્યન – અન બ્રેકેબલ', 'ચેન ખૂલી કી મેન ખૂલી' જેવી ફિલ્મોમાં નાના મોટા રોલ કર્યા છે.

૧૯૮૩ના વર્ષમાં ૧૮ ટેસ્ટમાં ૭૫ વિકેટો ઝડપી લઈને એક વર્ષમાં સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેવાનો કીર્તિમાન પણ કપિલદેવના નામે જ છે.

૮ ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ શ્રીલંકાની ટીમના હસન તિલકરતનેની વિકેટ લઈને વિશ્વની સૌથી વધુ ટેસ્ટ વિકેટો લેવાનો રેકોર્ડ તેમના નામે કર્યો જે રેકોર્ડ છ વર્ષ સુધી રહ્યો ત્યારબાદ ૨૦૦૦ના વર્ષમાં કર્ટની વોલ્શ દ્વારા આ રેકોર્ડ તોડવામાં આવ્યો.

કલાકના ૧૪૦ કિલોમીટરની ઝપથી બોલિંગ નાખવાને કારણે તેઓ 'હરિયાણા હરિકેન'ના ઉપનામથી ઓળખાવા લાગ્યા.

૧૯૮૧માં ઓસ્ટ્રેલિયા સામે ૨૮ રન આપી ૫ વિકેટ ઝડપી મેચની દિશા બદલી નાખી હોય કે પછી...

છેલ્લી વિકેટ બાકી હોય અને સારો બેટ્સમેન સામે ન હોય અને સળંગ ચાર બોલમાં ચાર સિક્સર ફટકારી ને ૧૯૯૦માં ઇંગ્લેન્ડ સામે મેચ અને લાજ બચાવી હોય કે પછી....

૧૩૮ બોલમાં ૧૧૯ રન ફટકારીને ઓસ્ટ્રેલીયાના મો નો કોડિયો ઝૂંટવી લીધો હોય.

પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન કપિલદેવે પોતાનો પરચો બતાવ્યો જ હોય.

સત્ય મેવ જયતે...

૧૯૯૪માં કોલમ્બોમાં રમાયેલી સિંગર કપ વન-ડે ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં નબળો દેખાવ કરવા બદલ રૂ. ૨૫ લાખની લાંચ આપવાના મનોજ પ્રભાકર દ્વારા કપિલદેવ પર મુકાયેલા આરોપથી ભારતજ નહીં વિશ્વમાં કપિલદેવ અને ક્રિકેટના ચાહકોને ભારે આંચકો લાગ્યો. કપિલદેવએ આ આરોપ બદલ તરતજ ભારતીય ટીમના કોચના હોદ્દા પરથી રાજીનામું આપ્યું. કારણ થાપર સાથેના ઈન્ટર્વ્યૂમાં તેમણે જણાવ્યું "આવી લાંચ લેવાને બદલે હું આપઘાત કરવાનું પસંદ કરું. મારી બધી ધનસંપત્તિ લઈ લો, મારે તેની કોઈજ જરૂર નથી, હું એવા કુટુંબમાંથી આવું છું કે જે સ્વમાનને અગ્રતા આપે છે." ત્યારબાદ સીબીઆઈ દ્વારા કરવામાં આવેલ તપાસને અંતે મનોજ પ્રભાકર દ્વારા મૂકવામાં આવેલા બધાજ આરોપોમાંથી કપિલદેવને મુક્ત કરવામાં આવ્યા હતા.

સત્ય મેવ જયતે...

કપિલદેવની આ સિદ્ધિને કારણેજ તેમને અસંખ્ય પુરસ્કારોથી સન્માનવામાં આવ્યા છે જે પૈકી કેટલાક નીચે દર્શાવ્યા છે.

વર્ષ ૧૯૭૯-૮૦ – અર્જુન એવોર્ડ

વર્ષ ૧૯૮૨માં – પદ્મશ્રી

વર્ષ ૧૯૮૩માં – વિસડન ક્રિકેટર ઓફ ધ યર

વર્ષ ૧૯૯૧માં – પદ્મભૂષણ

વર્ષ ૨૦૦૨માં – વિસડન ક્રિકેટર ઓફ ધ સેન્ચુરી



Universities Commerce and Management Teachers' Association
(Gujarat State)
&
Shri H K Commerce College, Ahmedabad
Jointly organises National Webinar on
"Entrepreneurship Development:
A way forward Educational Institutes in India"
May 2021
5th
Wednesday
Date: 5th May 2021 Wednesday
Time: 10:00 a.m.
Since 1986
Registration Link: https://forms.gle/pFvqNA6U3prezh8NA
(Participation Certificate will be issued only to those participants who will attend the webinar and fill feedback form.)
Join Us: https://youtu.be/DzRi7r8Js6Q
or
Join Us: https://youtu.be/2SHafzJW6Uo
Any Query: ucmta2018@gmail.com +919913931120, +919099232828
Prof. S B Vora
Chief Patron of UCMTA & Former VC, Gujarat University, Ahmedabad
Dr. Dharmendra Patel
President of UCMTA, A A Patel Commerce College, Gandhinagar
Dr. Ashish Janakray Dave
Hon. Secretary of UCMTA & Principal, Shri H K Commerce College, Ahmedabad
Chief Guest & Keynote Speaker
Resource Persons
Prof. Ashok Aima
Vice Chancellor
Central University of Jammu
Jammu
Dr. Alok Kumar Chakrawal
Professor,
Department of Commerce & Management,
Saurashtra University,
Rajkot
Dr. Amit Dwivedi
Associate Professor & Incharge,
Department of Policy Advocacy,
Knowledge and Research
Entrepreneurship Development
Institute of India
Webinar Co-ordinators:
Dr. Urmish Javeri
Treasurer - UCMTA,
RJT Commerce College
Ahmedabad
Ms. Sandhya Prajapati
Vice Principal
Shri H K Commerce College
Ahmedabad

# Universities Commerce and Management Teachers' Association

(Gujarat State)

&

## Shri H K Commerce College, Ahmedabad

Jointly organises National Webinar on

## "Ethics and Values in Management: Indian School of Thoughts"

Date : 28th April 2021 Wednesday

Time: 10:00 AM

Registration Link: https://forms.gle/U4AREA759ubse7336

(Participation Certificate will be issued to Registered Delegates only, All Communication will be on your Given E-mail in Registration Link, so please write your E-mail very carefully)

Join Us: https://youtu.be/tdbFnplD5rk

Or

Join Us: https://youtu.be/O_d38IEJ3Zs

Email: ucmta2018@gmail.com Mobile: +919913931120, +919099232828



**Prof. S B Vora**
Chief Patron of UCMTA
Former VC,
Gujarat University



**Dr. Dharmendra Patel**
President of UCMTA,
A A Patel Commerce College,
Gandhinagar



**Dr. Ashish Janakray Dave**
Hon. Secretary of UCMTA & Principal,
Shri H K Commerce College,Ahmedabad



**Chief Guest**
Prof. N M Khandelwal
Hon. Dy. Ved Vyas
Chair for India Management
Shri Govind Guru University, Godhara



**Dr. Jasveen Kaur**
Former Chairperson & Head
University Business School
Guru Nanak Dev University
Amritsar (Punjab)



**Prof. Tejinder Sharma**
Professor & Chairman Department of Commerce
Directorate of Distance Education
Kurukshetra University, Kurukshetra



Guest of Honour
**Dr. Jayendrasinh Jadav**
National Coordinator of Management Education
Shiksha Sanskruti Utthan Nyas



**Dr. Rajendra V Raval**
IIPP - UCMTA
C C Sheth Commerce College
Ahmedabad



**Dr. S A Chintaman**
Shri H K Commerce College
Ahmedabad



**Dr. Kalpesh Patel**
Sr. VP - UCMTA Shri G N Patel
Commerce College Nanikadi

## Universities Commerce and Management Teachers' Association
(Gujarat State)
&
# Shri H K Commerce College, Ahmedabad
Jointly organises National Webinar on
## "Research & Publication Ethics in Humanity and Social Science"

Date : 14th April 2021 Wednesday

Time: 10:00 - 11:30 a.m.

Registratin Link: htt s://forms.gle/EroWncLjHoABPJU78

join US : https://www.youtube.com/watch?v=dWNjZL-SUOs

join US : https://www.youtube.com/watch?v=FhsvOdl-zMc

Email : ucmta2018@gmail.com M: + 919913931120 + 919099232828

E - Certificate Will Be Provided To Only Registered Deligates


Chief Patron UCMTA
Prof. S B Vora
Former VC, Gujarat University


Hon. Secretary UCMTA & Principal
Dr. Ashish Janakray Dave
Shri H K Commerce College, Ahmedabad


President UCMTA
Dr. Dharmendra Patel
A A Patel Commerce College
Gandhinagar


Sr.VP UCMTA
Dr. Kalpesh Patel
Shri G.N Patel Commerce College Nanikadi


Resource Person
Dr. Kuldeep Sharma
K P B Hinduja College of Commerce
Mumbai


Resource Person
Dr. Sumanta Dutta
St.Xavier's College
Kolkata


IQAC Coordinator
Dr. Dhimant Soni
Shri H K Commerce College, Ahmedabad


Universities Commerce and Management Teachers' Association
(Gujarat State)
&
Shri H K Commerce College, Ahmedabad
Jointly organises National Webinar on
"Innovation in Accounting and Auditing"
Since 1986
Date :
22nd April 2021 Thursday
Time:
10:00 AM
Registration Link: https://forms.gle/dxhGUAzEYWDGLuAV7
(Participation Certificate will be issued to Registered Delegates only,
All Communication will be on your Given E-mail in Registration Link,
so please write your E-mail very carefully)
Join Us : https://www.youtube.com/watch?v=0pRxnUWSqk8
OR
Join Us: https://www.youtube.com/watch?v=I3O27YCcRrY
Email: ucmta2018@gmail.com
Mobile: +919913931120 +919099232828
Prof. S B Vora
Chief Patron of UCMTA
Former VC,
Gujarat University
Dr.Ashish janakray Dave
Hon. Secretary of UCMTA & Principal
Shri H K Commerce College
Ahmedabad
Dr. Dharmendra Patel
President of UCMTA
A. A. Patel Commerce College
Gandhinagar
CA Jyoti Shah
Webinar Co-ordinators
HOD & PG Incharge
Shri H K Commerce College
Dr. Kalpesh Patel
Sr. VP - UCMTA
Shri G.N. Patel Commerce
College Nanikadi
Resource Persons
Prof R. K.Tailor
Associate Professor
Department of Business Administration
Manipal University Jaipur, Jaipur
CMA Dr. Kinnarry Thakkar
Professor & Head,
Department of Commerce,
University of Mumbai,Mumbai

વર્ષ ૨૦૧૦માં – આઈસીસી હૉલ ઓફ ધ સેન્ચુરી

વર્ષ ૨૦૧૩માં – ધ ૨૫ ગ્રેટેસ્ટ ગ્લોબલ લિવિંગ લેજન્ડસ ઈન ઇન્ડિયા બાય એનડીટીવી

વર્ષ ૨૦૧૩માં – સી કે નાયડુ લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ

આ ઉપરાંત વર્ષ ૨૦૦૮માં ભારતીય ફોજ (Indian Territorial Army) દ્વારા લેફ્ટનન્ટ કર્નલના રેંકથી સન્માનવામાં આવ્યા હતા.

કપિલદેવના જીવન પર લખાયેલ પુસ્તકો....

વર્ષ ૧૯૮૫માં – 'God's Decree'

વર્ષ ૧૯૮૭માં – 'Cricket my style'

વર્ષ ૧૯૯૨માં – 'World of Kapil Dev'

વર્ષ ૨૦૦૪માં – 'Straight from the Heart'

કપિલદેવના જીવનચરિત્ર તથા તેમની સિદ્ધિઓને છતી કરતી એક ફિલ્મ બોલીવુડમાં બનાવવામાં આવી છે જેનું નામ છે "૮૩" જેમાં રણવીરસીંગ કપિલદેવની ભૂમિકા નિભાવશે. આ ફિલ્મ ૧૦-૪-૨૦૨૦ના રોજ રિલિઝ થવાની હતી પરંતુ કોવિડ-૧૯ને કારણે હવે તે જૂન ૨૦૨૧માં રિલિઝ થશે.

કપિલદેવની ક્રિકેટયાત્રા વર્ષ ૧૯૭૫માં શરૂ થઈ અને વર્ષ ૧૯૯૨માં તેમની નિવૃત્તિ પછી પૂરી થઈ ગઈ હોત, પરંતુ તેવું બન્યું નહિ. કપિલદેવની આ યાત્રા આજ દિન સુધી કોમેન્ટેટરના સ્વરૂપે કે ભારતીય ટીમના કોચ સ્વરૂપે કે ભારતીય ટીમના ખેલાડીઓના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ તરીકે ચાલુજ રહી છે અને આ યાત્રા અવિરતપણે ચાલુજ રહે તેવી પ્રાર્થના...

---

## ગુરુ વંદના

• **સાચું સુખ :** સાચું સુખ અને સાચો આનંદ આત્મામાંથી જ પ્રગટે છે.

આત્માની ઓળખ માટે દૃષ્ટિને અંતરમુખ રાખવી. બહારના તમામ પદાર્થો અને પ્રસંગો ઉપર ઉપરામ વૃત્તિ કેળવવી એ જ જીવનનું મુખ્ય કર્તવ્ય છે.

આત્મીયતા વિશાળ રાખવી. બધામાં એક જ નિર્મળ આત્મા વિહરી રહ્યો છે એ વાત સતત જાગૃત રાખવી. ફક્ત ઈશ્વર સાથે જ મમત્વ જોડવું. પોતાના અંતરાત્મા સાથે એ મમત્વને જોડવું. એથી વધુ પડતું એ મમત્વને ક્યાંયે ફેલાવા દેવું નહીં.

શરીરની અને મનબુદ્ધિની પૂર્ણ પવિત્રતા જ આત્મા તરફ જવામાં વધુ અને વધુ સહાયતા કરી શકે છે. ફક્ત સામે આવેલા કર્તવ્યકર્મોમાં ભલે શરીર અને બુદ્ધિને જોડી દેવાય બાકી તે સિવાયની ફુરસદની ક્ષણોમાં શરીરને સ્થિર કરીને મનબુદ્ધિને શ્વોસોચ્છ્વાસમાં જ જોડાયેલા રાખવા.

• **યોગ્યતા :** વાણી અને વર્તનથી જે ગુના નથી થતા તે ગુના વિચારોથી વધારે થાય છે. દરેક કાર્ય કરતાં પહેલાં તે કાર્યને યોગ્ય બનવું. દરેક ચીજ વસ્તુને પ્રાપ્ત કરવા પહેલાં તે ચીજ વસ્તુને વાપરવા, સાચવવા યોગ્ય બનવું. કેટલીક યોગ્યતા બહારના વડીલોની શિખામણથી આવે છે. પરંતુ કેટલીક આંતરિક યોગ્યતાનું અંતરમાંથી જ માર્ગદર્શન મળે છે.

• **અંતર :** દરેક જીવાત્માએ પોતે જયાં હોય ત્યાંથી જ બોલવું જોઈએ. તો જ પોતાનું સત્યજીવન જાહેર કર્યું કહેવાય. આ રીતે પોતાના અંતરને જગત પાસે ખુલ્લું મૂકતાં પાછી પાની કરે તે કાયર ગણાય. તેવા ડરપોક જીવાત્માઓ પૂર્ણ આનંદને લાયક જ નથી.

• **સાધક અને સાધ્ય :** આત્મા તો નિત્ય છે - એને જન્મ નથી મૃત્યુ નથી. પછી આપણને બંધન કેવાં ? પણ આપણે આત્મા હોવા છતાં આપણા શરીરને જ આપણું સ્વરૂપ માની બેઠા છીએ એ અજ્ઞાન જ આપણને આઘાપાછા કરે છે. શરીર તો આપણું સાધન છે. જીવ સાધક છે અને 'આત્મા-પરમાત્મા' એ જ આપણું સાધ્ય છે. માનવમાત્ર પ્રતિપળે અને પ્રતિપ્રસંગે જૂનાં લેણદેણ ખપાવે છે, નવાં લેણદેણ બાંધે છે, પોતાની પ્રકૃતિને ખપાવે છે અને બીજાની પ્રકૃતિને ખપાવવામાં નિમિત્તરૂપ બને છે. જીવમાત્ર પ્રવૃત્તિશીલ છે - કોઈ તનથી, તો કોઈ મનથી સ્થિર રહી શકતો નથી કેમ કે પ્રવૃત્તિ એ પ્રકૃતિને ઘસી નાખવાનો ઓરસિયો છે. **– પૂ. સ્વામીશ્રી દયાનંદતીર્થ (દાસાનુદાસ)**



# ઘર

✍ મૂળ લેખક : **Kewlian Sio**

અનુવાદ : ✍ **ડૉ. ધીમંત સોની** એસોસિયેટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ

જ્યારથી સ્કૂલબસ ચાલવામાંડી ત્યારથી જ એનુ મન વિચારોથી ઘેરાઈ ગયું હતું. પણ કોઈ એ લખોટીની વાત શરૂ કરી. લખોટીની રમત એને એટલી પ્રિય હતી કે લખોટીની વાત સાંભળતા જ એ બીજું બધુ જ ભૂલી જતો. શરૂઆતમાં એની સ્મૃતિમાંથી થોડું ભૂલાયું. જેમજેમ વાતોનો રસ જામતો ગયો તેમ તેમ એ પણ વાતોમાં જોડાયો અને એ બધુ ભૂલી ગયો અને છેક.....છેલ્લે એને એ પણ ખબર ન પડી કે કેવી રીતે આ બધુ એની સ્મૃતિમાંથી લુપ્ત થઈ ગયું ! પણ એમાં કંઈ અચરજ પામવા જેવું ન હતું ! બધા પણ એમ જ કહેતા, એ ખૂબ જ સંવેદનશીલ અને આ ઉંમરે એવો ધૂની હતો કે એ વાત જરા વિચિત્ર હતી.

સ્કૂલ બસ દરવાજા ઉપર પહોંચીને કીચૂડ અવાજ કરતી પથરીલા રસ્તા ઉપર આવીને ઊભી રહી. આ કીચૂડ અવાજ જ બસ દરવાજા પર પ્રવેશ કરે એની ચાડી ખાતો હતો. સૌ બાળકો પોતપોતાની જગ્યાએથી ઊભા થયા અને એમના દફતર લઈને ઝડપથી બારણા બહાર કુદ્યા. બીજા ઉતરી જાય એની રાહ જોતો એ ઊભો રહ્યો. ચારેય બાજુ ખુશનુમા વાતાવરણ હતું, રસ્તાની બાજુએ કતારબંધ ઊભેલા વૃક્ષો ઉપર પંખીઓ કલરવ કરી રહ્યા હતા. સવારની મહેંકને શ્વાસમાં ભરી લેવાનું કોઈનેય મન થાય એવું હતું ! છેલ્લો બાળક જ્યારે બસની બહાર નીકળ્યો ત્યારે બસ દરવાજાથી બહાર નીકળી કાંકરા ઉપર કીચુડ અવાજ સાથે ચાલતાં રસ્તા ઉપર આગળ વધી.

ચાલતાં ચાલતાં કોઈક બોલી ઉઠ્યુ, ‘‘અલ્યા, આજે તો શનિવાર ! શનિવાર તો કોઈનેય ગમે કારણ કે બીજે દિવસે રવિવાર ખરું ને ?’’

એણે જવાબ આપ્યો, ‘‘હા, હા, કેમ નહિ ?’’

એણે વિચાર્યું, ‘‘શનિવાર ભણવાનું પણ બીજા દિવસો જેવું અપ્રિય ન હતું. શિક્ષકો સહિત સૌ ખૂશ દેખાતા હતા. શનિવારનો સાંજનો સમય અને બીજા દિવસે રવિવારની મજાના વિચારથી ખુશ દેખાતા હતા !

શનિવારની સાંજનો સમય એના માટે ખૂબ પ્રિય સમય હતો કારણ કે એ સાંજ હંમેશ એની માતા સાથે વિતાવતો હતો - એના પિતાજી તો મૃત્યુ પામ્યા હતા !

બાકીના બધા જ દિવસે એને ગૃહકાર્ય કરવાનું રહેતુ અને માતાએ રસોઈ કરવાનું. પરંતુ શનિવારે તે બંને જણાં આનાથી મુક્ત હતા. એ થોડુંક ગૃહકાર્ય કરી લેતો અને મા ઝડપથી રસોઈ બનાવતી શનિવારની સાંજનું મહત્ત્વ એને મન ખૂબ હતું અને રવિવાર માત્ર રોમાંચક બાબત હતી, ફિલ્મ જોવાની.

તેઓ ડાઈનીંગ રૂમમાંથી પસાર થયા. છાત્રાલયના વિદ્યાર્થીઓ હજુ નાસ્તો કરી રહ્યા હતા. છરી, કાંટા, ચમચી, કપ-રકાબીના ખખડવાનો અવાજ આવતો હતો.

‘‘આજે નાસ્તામાં કેળાં છે.’’ પીટર બોલ્યો.

પીટરે એક છાત્ર તરફ કેળાની છાલ ફેંકી વ્યંગ કરતાં કહ્યું, ‘‘એય, વ્હીસ્કી, આ લે - કેળું.’’

આ મજાકથી બધાને ભારે ગમ્મત થઈ અને સૌ ખડખડાટ હસ્યા.

સાડા આઠ વાગે વર્ગ શરૂ થયો. આજે શનિવાર હતો. એટલે પ્રથમ વર્ગ ભાષાનો હતો. મિસ મોસેએ ત્રણ રંગીન ચિત્રો બનાવ્યા. ‘‘દર શનિવારની જેમ આ ત્રણ રંગીન ચિત્રો પ્રથમ ત્રણ સારું વાંચન કરતાં વિદ્યાર્થીઓને ભેટ મળશે.’’ તેમ તેમણે કહ્યું અને સાચે જ એ વર્ગ એવો ઉત્તેજનાપૂર્ણ હતો કે બીજો શનિવાર ક્યારે આવે એની સૌ રાહ જોતા હતા. ભાષાનો વર્ગ પૂરો થતાં ગણિતનો વર્ગ આવ્યો. ગણિતમાં એ બરાબર ન્યાય ન આપી શક્યો. તે હંમેશા પંદર લીટી લખતાં લખતાં ઝોકે ચડી જતો. આજે મીસ મોસે એને જગાડ્યો નહિ પરંતુ બાજુવાળા સહાધ્યાયીને કહ્યું કે તે એને જગાડ. એને પણ એ વાતની નવાઈ લાગી. પછી અંગ્રેજીનો વર્ગ આવ્યો અને એનામાં ફરી તાજગી આવી ગઈ.

તેણે છાત્રાલયના વિદ્યાર્થીઓ સાથે ભોજન લીધુ. બાજુના ટેબલ ઉપર આચાર્ય અને બીજા શિક્ષકો સાથે ભોજન લઈ રહ્યા હતા અને તેમણે શિક્ષકોના ભોજનમાંથી થોડુંક ભોજન એને આપ્યુ. એ એટલો સંવેદનશીલ હતો કે થોડાંક દિવસો પહેલાં બનેલી ઘટના એ ભૂલી ન જાય પરંતુ બસમાં ચાલેલી લખોટીઓની વાતને કારણે એ વાત સંપૂર્ણ ભૂલાઈ ગઈ અને તે અત્યારે ખુશખુશાલ હતો.

બપોરે તેઓને ઈતિહાસ અને ભૂગોળના વર્ગો આવ્યા અને છેલ્લાં વર્ગમાં બધા લાયબ્રેરીમાં ગયા. એણે એક રાક્ષસ

અને બહાદુર રાજકુમારની વાર્તા વાંચી. જેમાં રાજકુમાર કેવી ચતુરાઈથી રાક્ષસને હરાવી અને તેના પંજામાંથી છૂટી ગયો એને વાત એણે વાંચી. વાત રોમાંચક હતી એને ખૂબ ગમી.

"ઘરે જઈને આ વાર્તા માને કહીશ અને વાર્તા ખૂબ જ ગમેશે અને પોતે પણ આ વાર્તાનો આનંદ લેશે." એને થયું. અને એટલામાં શાળા છૂટવાનો ઘંટ વાગ્યો અને ઘરે જવાનો સમય થયો. બાળકો ઝડપથી દફતર ઊંચક્યા અહીં રહેતા છાત્રોને રૂમના પાછળના ભાગમાં લેસન કરતાં છોડીને બાકીના બાળકો ઝડપથી બહાર નીકળી ગયા અને એ બધાં એવી રીતે ભાગ્યા કે જે એ મોડા પડશે તો ઘરની ગાડી ચૂકી જશે.

આ વખતે બીજા બાળકો સાથે એ બસમાં ન ગયો. પણ નાદ, રામ, પીટર અને ગોપાલ સાથે ચાલવા માંડ્યો. એમણે ટૂંકો રસ્તો પકડ્યો તેની એક બાજુ એ હરિયાળી અને ફુલ છોડની હારમાળાઓ અને બીજી બાજુ એ ખીણના ઢોળાવ ઉપર રેલીંગ હતી. સૂર્ય માથા ઉપર ચમકતો અને આકાશ સ્વચ્છ હતું. વાતો કરતાં અને મજાક કરતાં એમણે રસ્તો કાપ્યો કારણ કે આજે શનિવાર અને કાલે રવિવારની રજા હતી. એ ઘાસના તણખલાં તોડતો અને રામ ફુટપટ્ટીથી રેલીંગ ઉપર ટકોરા મારતો. સાંજે નાદ ફિલ્મ જોવા જવાનો હતો. રામ એના કાકા આવવાના હતા. તેથી તેમની સાથે આઈસ્ક્રીમ ખાવા જવાનો હતો અને પીટર ઘોડે સવારી માટે જવાનો હતો. ગોપાલ ખેતરમાં નિંદામણ કરવા જવાનો હતો. પોતે આનંદમાં હતો. ખૂબ જ ખુશ. એ ઘરે જશે. ઝડપથી હાથપગ ધોઈ ટેબલ ઉપર બેસી નાસ્તો કરી લીંબુનો સરબત પીશે. આ વિચારથી એના ચાલમાં ઝડપ આવી. એની મા દર શનિવારે એના માટે લીંબુનો સરબત બનાવતી. સાંજના ચા સમયે એની મા એણે વાંચેલી વાર્તા એ કહેશે અને ચા પીધા પછી એ મા સાથે બગીચામાં જશે. એની મા બગીચામાં થોડું નિંદામણ કરશે અને એને પોતાને ફુલઝાડને પાણી પાવવું પડશે. એણે છોડવાઓને પાણી પાયુ હતું ? એને તો એ પણ યાદ ન હતું અને એને ઘરે જઈને પહેલાં કામ તો એ જોવાનું હતું.

એમણે ઘરે જવા માટે ટૂંકો રસ્તો લીધો.

"સારુ ત્યારે, સોમવારે મળીશુ." એ બોલ્યો

રેલીંગથી નીચે નમીને ઢોળાવ વાળો રસ્તો તેણે પસંદ કર્યો. પરંતુ એણે રસ્તે જવાની શરૂઆત કરી ત્યાંજ એણે કોઈને બોલતાં સાંભળ્યો "પરંતુ એ તો ત્યાં નથી રહેતો ....." બીજાએ એમા બોલતા અટકાવી દીધો શ....શ....શ.... અને પછી સૌ મોં દબાવીને હસી પડ્યા.

એણે આ વાત ધ્યાનમાં ન લીધી. કારણ કે એણે તો ટૂંકો રસ્તો પસંદ કર્યો હતો. એનુ મન ઘરે જવાનું, માને મળવાનું નાસ્તો કરવાનું અને બગીચામાં કામ કરવાનું વગેરે વિચારોથી પરોવાયેલું હતુ.

થોડું આગળ ચાલ્યા બાદ એણે લાલ સૂર્યના તકડામાં ચમકતુ લાલ નળિયા વાળું દૂરથી જાણે હસતુ હોય એમ એનું ઘર દેખાયું. એ પ્રસન્ન થયો. એણે થોડુંક વધુ ચાલવા માંડ્યુ. થોડેક ચાલશે અને ઘરનો સફેદ ભાગ દેખાશે. બારીના પવનમાં લહેરાતાં પડદા એને દેખાશે અને દેખાશે રસોડામાંથી તેની તરફ હાથ હલાવીને રાહ જોતી એની મા ...... ?

એના પગ ધીમા પડ્યા, ત્યાં તો એકાએક એના મગજમાં ચમકારો થયો કે કંઈ અજુગતુ છે અને તેણે કંઈક અનુભવ્યું. પહેલાં તો માત્ર એને અણસાર જ આપ્યો, પછી શંકા જે શંકા દૃઢ થવા માંડી અને શંકાએ જાણે એના કાનમાં કહ્યું, "આગળ ન જઈશ." શંકાના મૂળ વધુને વધુ ઊંડા જતા ગયા અને એના પગ ધીમા પડી ગયા પછી એ ગોકળ ગાયની ગતિથી આગળ વધ્યો અને એના પગ થંભી ગયા. એના વિચારોની ગતિ મુડદલ બની ગઈ. આખું ઘર એકદમ ખામોશ લાગ્યુ ! અને બધી જ વસ્તુઓ જાણે કે અપરિચિત લાગતી હતી ! ઘર તદ્દન સમુસામ લાગતું હતું વૃક્ષ ઉપરથી પંખીનો કલરવ સંભળાયો. પરંતુ ત્યાં એ કલરવ બંધ થયો. ઘર સુમસામ અને ભેંકાર લાગવા માંડ્યુ.


પછી એ થોડાંક ડગલાં આગળ વધ્યો ત્યારે એ બેબાકળો બની ગયો.

એણે હવે જોયુ કે બારીના પડદા હવામાં લહેરાઈને તેને બોલાવતા ન હતા. બધી જ બારીઓ બંધ હતી. પુષ્પો અને વૃક્ષો મુઝાયેલી સ્થિતિમાં શોકગ્રસ્ત થઈને પડ્યા હતા. અચાનક એની સ્મૃતિ સતેજ થઈ અને બધુ જ યાદ આવી ગયું. તેને યાદ આવ્યું કે તે અહીં બિલકુલ રહેતો ન હતો. એને એ પણ યાદ આવ્યું કે તે પોતે હવે દુર .... પેલી ટેકરી પર માસીના ઘરે રહેતો હતો અને એને હવે યાદ આવ્યું કે એની મા તો એક અઠવાડિયા પહેલાં મૃત્યુપામી હતી અને ઘર ખાલીખમ હતું ... !!!

પહેલાં તો એના પગ એવી રીતે જમીનમાં ચોંટી ગયા, જાણે કે હવે ક્યાં જાઉં તેની ખબર જ ન હોય !

એને ગળે ડૂમો ભરાયો. રડવું આવે એવું થયું આંખમાં આંસુ આવી ગયા અને જોરથી રડવાનું મન થયું, પણ સરી પડ્યા માત્ર આંસુના બે બુંદ !

.... આકાશ હજુ પણ સ્વચ્છ હતુ. !



# વિશ્વ ચકલી દિન

✍ મુળ લેખક : દિવાકર શર્મા
અનુવાદક : પ્રા. શૈલેષ ગઢવી, એસોસિએટ પ્રોફેસર, કોમર્સ વિભાગ

દિલ્હીમાં જન્મેલો હું આજે પણ મને એ સમય યાદ છે જ્યારે ચકલીઓએ દરેક વ્યક્તિના બાળપણનો હિસ્સો ગણાતી (હતી). માર્ચ-એપ્રિલ મહીનાઓ દરમિયાન જ્યારે ચકલીઓ બારી પાસે આવી પોતાનો અવાજ સંભળાવતી ત્યારે ઘઉંના દાણાઓ નાખી એમની ભૂખ સંતોષવા પ્રયત્ન કરતા સામાન્ય રીતે માર્ચ-એપ્રિલની ઋતુ ચકલીઓનાં સવર્ધનની ઋતુ ગણાય. આ ઋતુ દરમિયાન ચકલીઓ આપણા ઘરોમાં નાના એવા તેમના માળા બાંધતી જોવા મળે છે ચકલીઓ જ્યારે પોતાના નાના બચ્ચાઓને સંભાળીને તેના માળામાં મુક્તી એ જોવાની મજાજ કંઈક ઓર હતી. માતા-પિતા પોતાના છોકરાઓને ચકલીઓના માળાને ન અડવા માટે કહેતા અને જણાવતા કે ચકલીઓને કોઈ માણસ પોતાના બચ્ચાને અડે તે ગમે નહીં. તેથી સમજાવતા કે હંમેશા ચકલીઓના માળાથી દૂર રહેવું.

ત્યારબાદ ૧૯૭૦-૮૦માં દિલ્હીનો વિસ્તાર વધ્યો આ ચકલીઓને રહેવા માટે ઘણી એવી જગ્યા હતી જે તેમના માટે નિવાસસ્થાનનું કામ કરતી. ૨૦ વર્ષથી શહેરોમાં ચકલીઓ જોવા તો મળે છે. પણ તેની સંખ્યામાં મોટે પાયે ઘટાડો થયો છે. હું પોતાની જાતને એટલો ભાગ્યશાળી માનું છું કે મે મારા ઘરમાં ચકલીને જાતે માળો બાંધતા જોઈ છે. ૨૦૦૦ના વર્ષ પછી ચકલીઓ જાતે જ ગાયબ જ થઈ ગઈ અને પછી ક્યારેય ચકલીઓ જોવા મળી જ નહીં.

કેટલીક દયનીય અને ભયાનક વાત એ છે કે જે પક્ષી માણસ સાથે જ અને આપણા ઘર સાથે શહેરી અને ગ્રામ્ય વાતાવરણની સાથે જોડાયેલા હતા જે આપણી આસપાસ રહીને જ પોતાનો વિકાસ કરતા એજ પક્ષીઓની જાતી આજે માણસો અને માણસોની ખોટી પ્રવૃત્તિઓને લીધે લુપ્ત થવા લાગી છે.

ઘરમાં મળતી ચકલીઓ માણસો સાથે લગભગ દસ હજાર વર્ષોથી જોડાયેલી છે. જ્યારે ઘરના લોકો બીજે રહેવા જાય ત્યારે તે ચકલીઓ પણ તેમને અનુસરતી.

વર્ષ ૧૯૫૦માં ચીનમાં ચકલીઓને જીવાતો ગણવામાં આવી. પાકને નુકસાન થતા મોટી સંખ્યામાં ચકલીઓનો નાશ પણ કરવામાં આવ્યો ખરેખર ચકલીઓ એવી જીવાતોનો નાશ કરતી જે પાકને નુકસાન પહોંચાડે છે. ચકલીઓના નાશને કારણે ત્યાં દુષ્કાળની પરિસ્થિતી જોવા મળી હતી.

દુનિયાના દરેક ખૂણે ચકલીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. લંડનમાં ચકલીઓની સંખ્યામાં ઘટાડો ૧૯મી સદીની મધ્યમાં થયેલો આ માટે ઉદ્યોગો જવાબદાર છે. ઘોડાગાડીની જગ્યાએ એન્જિનો આવતા ઘોડાઓને જે અનાજ આપવામાં આવતું તે બંધ થઈ ગયું. આ કારણે ચકલીઓ એ પણ પોતાના અનાજનો હીસ્સો ગુમાવ્યો. યુરોપમાં ૫૫% જેટલો, બ્રિટનમાં ૫૮% અને બ્રિટનના ગ્રામ્ય વિસ્તારમાં ૯૫% જેટલી ચકલીઓમાં ઘટાડો લંડનમાં નોંધાવાયો છે.

'ઇ-બર્ડ'ના સર્વે મુજબ ભારતમાં પણ ચકલીઓ ૪૫% જેટલી નાશ પામી છે. જેમા તેમને થતા રોગો અને પક્ષીઓના શિકારનો સમાવેશ પણ થાય છે. પણ આ બધા કારણો સિવાય માનવીઓની પ્રવૃત્તિઓને વધુ જવાબદાર ગણવામાં આવે છે. માણસની જુદી જુદી પ્રવૃતિઓ જેવી કે મોબાઈલ ફોનમાંથી નિકળતા વિકિરણો તેના ટાવર્સ, માળા બાંધવાની જગ્યાની અછત, પાકોને વિવિધતા પેસ્ટ્રીસાઈજઝનો વધુ પડતો ઉપયોગ અને મિથાઈલ નાઈટ્રાઈડના ઉત્સર્જનનો ઉપયોગને લીધે પણ ચકલીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયેલ છે.

મોટાભાગના દેશોમાં ચકલીઓ માટે રહેવાનું અને જીવવાનું મુશ્કેલ બની ગયું છે. જો કે ચકલીઓને બચાવવા માટે વૈશ્વિક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે તેના ભાગ રૂપે ૨૦ માર્ચને વૈશ્વિક ચકલી દિવસ (World Sparrow Day) જાહેર કરવામાં આવ્યો છે.

૨૦૧૨માં દિલ્હી રાજ્યમાં ચકલીને રાજ્ય પક્ષી તરીકે જાહેર કરવામાં આવ્યું છે. પણ આપણે ચકલીઓના નામાંકન અને લેબલ્સ કરતા તેને બચાવવા અનેક પ્રયત્નો કરવાની જરૂર છે. જેમ કે આપણે ચકલીઓને માળા બાંધવા માટેની

એક સુરક્ષાભરી જગ્યા બનાવી શકીએ અને ચકલીઓ વિષે વધારે જાણકારી મેળવી શક્ય તેટલા પ્રયત્નો કરવા જોઈએ.

અત્યારે એવું માનવામાં આવી રહ્યું છે કે વૃક્ષો અને વૃક્ષોથી ભરેલી જગ્યાઓ વાતાવરણના ફેરફાર સામે લડી રહ્યું છે, પરંતુ ચકલીઓ જેવા પક્ષીઓ વૃક્ષ પર નહીં પરંતુ ઘાસવાળી ખુલ્લી જગ્યામાં આશરો લે છે. વનીકરણની પ્રક્રિયાને કારણે ઘાસવાળી જગ્યા નાશ પામી રહી છે. આ માટે ઘાસવાળા મેદાનોના રક્ષણ અને સાચવણી માટેની વ્યવસ્થા કરવામાં આવે.

ચકલીઓની સંખ્યાનો ઘટાડો દિલ્હીના બગડતા પર્યાવરણનો સંકેત આપે છે. કોવિડ-૧૯ પણ દર્શાવે છે કે આપણી આસપાસનું વાતાવરણ અને માણસોનું સ્વાસ્થય એકબીજા સાથે સંકળાયેલ છે. આપણા આસપાના કુદરતી વાતાવરણ અને પર્યાવરણને બચાવવા માટે આપણે હજી ઘણું કરવાનું બાકી છે. આપણા પ્રયત્નો માત્ર 'વિશ્વ ચકલી દિન' પુરતા મર્યાદિત ન રહે પણ પછી પણ ચાલુ રહે તેવી કામગીરી અને પ્રયત્નો હાથ ધરવા જોઈએ અને આપણા આ પ્રયત્નોની સાથે જ ફરી પાછુ આપણુ ઘર તથા આપણી આસપાસનું વાતાવરણ આ ચકલીઓના કલરવથી ગુંજી ઉઠે એવી આશા.

તારીખ : ૨૦ માર્ચ

પ્રાપ્તિ સ્થાન : 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા'માં વિશ્વ ચકલી દિન નિમિત્તે છપાયેલ લેખ.

---

* *સાચી મિત્રતા, ધીમે ધીમે વિકસિત થનારા છોડ જેવી છે. મિત્રતાની પરખ સાથે મિત્ર હોવાનો દરજ્જો મેળવવા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પણ અડગતાથી ઊભા રહેવું પડે છે.* **– જ્યૉર્જ વોશિંગ્ટન**
* *જીવનની સૌથી અદ્‌ભૂત ઘટના એ છે કે જ્યારે કોઈ વ્યક્તિ કોઈનું ભલું કરે છે ત્યારે ભલું કરનાર વ્યક્તિનું ભલું કુદરતી રીતે આપમેળે જ થઈ જાય છે.* **– રોલ્ફ વાલ્ડો ઈમર્સન**
* *આજના આ આધુનિક સમયની મોટામાં મોટી બીમારી કોઢ કે ક્ષય રોગ નથી પરંતુ પોતાની જાતને 'બિન-જરૂરી' ગણવાની માનસિકતા છે.* **– મધર ટેરેસા**
* *ખુશામત મૂર્ખ લોકોનો ખોરાક છે; તે છતાં ક્યારેક-ક્યારેક તમે બુદ્ધિશાળી લોકો એ ખાવા માટે ભૂખ્યા તો થઈ જ જાવ છો.* **– જોનાથન સ્વિફ્ટ**
* *વર્ષો પહેલા હું એક પાઠ શીખ્યો હતો. સુવ્વર સાથે મારામારી ક્યારેય ન કરવી. તમે તો ગંદા થશો પણ, સુવ્વરને તો આનંદ આવશે.* **– સાયરસ ચિંગ**
* *પોતાની જાતને એક પ્રામાણિક વ્યક્તિ બનાવો તો એક બાબતની ખાતરી ચોક્કસ મળે કે આ દુનિયામાં એક કપટી ઓછો થયો.* **– થૉમસ કાર્લાઈલ**
* *જેમાં કોઈએ શરમાવું પડે, જેથી કોઈની ભાવનાઓને, એના સ્વાભિમાનને ઠેસ પહોંચે, જે કોઈને સૌની નજરમાં ઉતારી પાડે, જ્યારે કોઈની નબળાઈ, હાસ્ય માટે નિમિત્ત બને, જ્યારે કોઈ પ્રસંગને રમૂજી બનાવવા એમાં બીભત્સતા કે ભ્રષ્ટ ભાષાનો ઉમેરો કરવો પડે, જ્યારે એક બાળકને રડાવવું પડે અને જ્યારે હાજર રહેલા તમામ લોકો નિઃસંકોચપણે એ હાસ્યમાં સહભાગી ન થઈ શકે ત્યારે એ એક નિમ્નકક્ષાનો ફાલતુ ટુચકો જ હોઈ શકે.* **– ક્લિફ થૉમસ**
* *લાંબી લાંબી છલાંગો મારીએ તો જીવનનો પ્રવાસ કેટલો કપરો થઈ જાય ! જો નાનાં નાનાં પગલાંઓ લઈએ તો મંઝિલ પણ મળે અને પ્રવાસ પણ સરળ બને.* **– જિન ગાર્ડન**
* *નાની યોજનાઓ ન બનાવો, એમાં માણસોનાં દિલોમાં જોશ જગાડવાવાળો જાદુ નથી હોતો. કહેવાય છે ને 'નિચાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન'. એજ પ્રમાણે મોટી યોજનાઓ બનાવો. પોતાના આત્મવિશ્વાસ અને પૂરી આશા સાથે કામ કરો.* **– ડેનિયલ એચ બર્નહેમ**
* *આજ સુધી કોઈ પણ વ્યક્તિનું સન્માન એ કારણથી નથી કરવામાં આવ્યું કે એણે દુનિયા પાસેથી શું અને કેટલું લીધું, પણ હા એટલા માટે જરૂર કરવામાં આવ્યું છે કે એણે દુનિયાને શું, કેટલું, કેવી રીતે આપ્યું.* **– કાલ્વિન કૂલિજ**
* *બીજાઓને મદદ કર્યા વિના આપણે પોતાને મદદ નથી કરી શકતા. બીજાઓને ફાયદો કરાવ્યા વિના આપણે પોતાને ફાયદો નથી કરાવી શકતા. બીજાઓને સમૃદ્ધિ આપ્યા વિના આપણે સમૃદ્ધ નથી થઈ શકતા.* **– જેનૅટ કૉલે, સ્પેલમેન કૉલેજ**



# Evaluation of Premchand's Godan as an epic of misery, portraying the atrocities on the village peasantry by the colonial feudal society and awakening the Indian society for the Indian freedom struggle

✍ **Prof. Pragnesh Vyas,** Associate Prof., English Department

Godan happens to be the best and the last novel published in 1936 when India was ruled by the Britishers who established feudal social order in the Society. The landlords priestly class, upper class and caste people privileged under the colonial rule in India. On the other hand, peasants of the villages were the most exploited and oppressed class.

The consciousness of the oppressive social order during the pre-independence India under the colonial rule, prompted premchand to picture the pathetic condition of village peasantry. Premchand's novel 'Godan' has the cry of suffering by its protagonist, an echo of misery felt and depicted with all relevance of contemporary society. 'Godan' is an echo of human predicament by the vicious circumstance, not by fate but by his own people and the surroundings from which he has great and immortal hopes for betterment of life. Godan is the Saga of suffering.

In this novel, the theme is studied in a rural and urban setting. The theme of suffering by vicious Circumstances in life has been realistically depicted and the heroic struggle of the Central figure against heavy odds, raised the novel to the lofty heights of an epic.

The novel is called as an epic as it has all the qualities of great epic but in different ways. According to the ancient Greeks, the epic is a narrative poem, longer in size, of divine inspiration. Its characters can be partly human and partly divine. Its action should be complete and grand. Its hero is not an ordinary person. So Godan has all the essential features of an epic.

Francis H. Stoddard writes about the novel as :

**"A novel is a narrative of human life under the stress of emotion. It differs from the epic in that. It is a narration of human rather than supper human life under the stress of ordinary rather than of excessive or heroic emotion".**

In this sense, modern novel is closer to the epic in its endeavour of portraying modern man's predicament in a hostile environment. Novel tends to assume the form of an epic of common man and everyday life. It realistically describes the various aspects of life. In this sense, Godan has epic dimensions as it deals with epic struggle of the Indian peasantry against an established social order.

The epic dimension of Godan has made it valuable work of Indian literature. The real test of literature like Godan - is that

is continues to retain its suffestive value and relevance in all times. It never becomes a dated work and never fails to answer the questions of its succeeding age.

In Godan, Premchand presents the Indian farmers and labourers with their problems like poverty, starvation, poor health, misery, death and humiliation. It is ironical as well as tragic that the farmer works hard on the dry soil but he cannot harvest his crops because the money lenders have their claim upon it. Here I. N. Madan observes :

**"The Indian farmer has been robbed of his death, his honour, his spirit and his very life".**

Premchand's Immortal creation Hori in Godan represents the eternal travail of Indian farmers. One finds that in his life at each stage, tragedy deepens and intensifies as he has no respite. Hori is a simple, tradition-loving farmer who is an idealist and cannot think of going against society, religious beliefs and the 'agents' of religious institutions. Premchand has ironically used the title of the novel Godan in the end of the narrative to intensify and heighten the tragedy of Hori.

Premchand captures the tragedy of the Indian peasant uprooted from the age-old village system. Hori in Godan is the living personification of the colonial peasant. In Godan the focus is simultaneously on the human agents of colonial and feudal oppression as well as their victims in the vast country side.

In Godan, Premchand puts int he center ofthe picture the 'enemyinside', the village Panchyat, the money lenders, the priest and his own Biradari were the forces playing the role of Vultures snatching the pieces of meat from the body of the half-dead animal. Hori had to incur debt for the paying the interest to the money-hungry bounds. From a peasant, Hori as reduced to the position of the labourer. Hori's life was crushed financially joint by joint by the blood-thirsty monsters of the feudal or semi-feudal and the privilaged higher class people of the society. Hori bears and insults and oppression uncomplainingly. Hori's own words in the context are heart-melting.

**"Brothers, have pity on me. I did not care for the scorching sun of Jeth, nor for heavy showers of Magh. If you pierce this body, you will find it beyond repair. Ask it, Whether it had a moment's rest. On the top of it, then, this humiliation ?**

**Oh, you are still alive, O, coward,**

**O wretched being I".**

The last scene is surely one of the greatest scenes in the novel, describes Hori's death. His death is not an end of life but a consummation of his experiences, Hori's entire life is a saga of suffering.

A gift of cow in the form of 20 annas after his death to a villanious Brahmin Matadin shows the hollowness of the religious conventions. That means, the process of the dehumanization did not stop even after Hori's death. Hori's death is his own regeneration, a sort of martyrdom, which is never in vain. Hori's death is the non-violent challenge to all the wicked

socio-economic and socio-political forces which were out to crush the village peasantry.

### ❖ Conclusion :

The observations which came up as final facts of the study of the novel as an


epic of misery is a doubtless firm conclusion which brought through the enduring journey of Hori in Godan. This novel depicts social, political and economical problems of the 20th century rural and urban India. Hori is a person "who is hurt and defeated by social in justice but who mustering a courage, again an again rises boldly to continue the struggle; who despite various temptations, sticks to honesty; who despite being deprived of the fruits of labour, does not lose faith in labour; who despite bing victim of the cruelty of others, regards compassion and sympathy as his human duty;p who, though, subjected to injustice and atrocities is not unjust and cruel to others; who despite being illiterate, tradition-bound and backward, is truly cultured; who, though despised and cheated, does not deviate from his faith in life and human beings...."

I conclude with the following lines.

The novel is really Premchand's prose epic giving a realistic picture of the contemporary society by awakening the masses at the unjust social orders wherein individual's individuality is crushed at every moment. The novel gives a graphic picture of the Indian peasantry life with a gospel by the novelist and the challenge by Hori.

---

* જ્ઞાન તે કહેવાય જે આપણું નૈતિક જીવન ઊંચું લાવે, જે આપણને આત્માની પ્રતીતિ કરાવે અને જેનાથી આપણને જોનારો આપણે સરજનહાર છે તેનું ભાન કરાવે. **– મહાત્મા ગાંધી**
* એવી કોઈ આવતીકાલ છે જ નહીં કે જેમાં આપણે શાંતિમાં હોઈશું, આપણે આ ક્ષણે જ વ્યવસ્થિત થવાનું છે. **– જે. કૃષ્ણમૂર્તિ**
* અસત્યનો આશ્રય લઈને માણસ પહેલાં લાભ ખાટે છે, હરિફને હરાવે છે, પરંતુ આખરે એ પોતે જ મૂળમાંથી ઊખડી જાય છે... **– મુંડક ઉપનિષદ**
* નિષ્ફળતાથી જે નાસીપાસ નથી થતો તેને એની નિષ્ફળતા જ રેસના ઘોડાની પેઠે કાર્યસિદ્ધિની ટોચે પહોંચાડશે. **– જેમ્સ એલન**
* વિચાર એ અવકાશનું પંખી છે, જે શબ્દોના પિંજરમાં પાંખો તો પ્રસારે છે, પણ ઊડી શકતું નથી. **– ખલિલ જિબ્રાન**
* નબળા ઢચુપચુ મનને જે કામ અશક્ય લાગે છે તે કામ તેને માટે અશક્ય જ બની રહે છે. **– વૉલ્ટર સ્કોટ**
* પ્રવાસે નીકળેલો માણસ રસ્તામાં કોઈ સ્થળે રાતવાસો કરે અને બીજે દિવસે તે સ્થળ છોડી આગળ પ્રયાણ કરે, તેવી રીતે માણસનાં માતાપિતા, ઘર અને ધન એ રાતવાસાનો મુકામ છે. **– રામાયણ**
* માણસને કોઈ બીજો સુખી કે દુઃખી કરી શકતો નથી, માણસનાં કર્મ જ એને સુખી કે દુઃખી કરે છે. પોતાના સુખ દુઃખનું કારણ માણસ પોતે જ હોય તો જ ઈશ્વરના ન્યાયનું વાજબીપણું વરતાય, નહિ તો એ અન્યાય કહેવાય. **– રામાયણ**
* પોતે સત્કર્મ કરવું ને સારા થવું એ ઉમદા વાત છે, પણ બીજાને સારા થવાનું કહેવું એ તેના કરતાં વધારે ઉમદા વાત છે. વળી એમાં તકલીફ પણ ઓછી છે... **– માર્ક ટ્વેઈન**



# કારકીર્દિનો એક વિકલ્પ – સ્પર્ધાત્મક પરીક્ષા

✍ શ્રી શૈલેષ ગઢવી
એસોસિયેટ પ્રોફેસર, કોમર્સ ડિપાર્ટમેન્ટ

વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએટ થયા પછી એક મુંઝવતો પ્રશ્ન એ હોય છે કે હવે શું કરવું ? આ માટે ઘણા વિકલ્પો છે. એમના એક વિકલ્પ એ સ્પર્ધાત્મક પરીક્ષાનો છે. U.P.S.C (યુનિયન પબ્લીક સર્વિસ કમીશન) અને G.P.S.C. (ગુજરાત જાહેર સેવા આયોગ) દ્વારા આ પરીક્ષાઓ લેવામાં આવતી હોય છે. આ પરીક્ષા કેવી રીતે લેવાય છે ? કેટલા તબક્કામાં લેવાય છે ? તેની પ્રાથમિક માહિતી આ લેખ દ્વારા આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ લેખ દ્વારા આપણે G.P.S.C. (ગુજરાત જાહેરસેવા આયોગ) દ્વારા લેવાતી વર્ગ ૧-૨ની પરીક્ષા વિષે અને વર્ગ-૩ની પરીક્ષાની માહિતી મેળવીએ.

– આ પરીક્ષા કોઈપણ વિદ્યાશાખા (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, એન્જિનિયરીંગ, મેડિકલ)નો સ્નાતક આપી શકે.
– હાલ આ પરીક્ષા ૩૫ વર્ષ સુધીની ઉંમરની વ્યક્તિ આપી શકે છે. અનામત વર્ગમાં આવતી વ્યક્તિને ઉંમરમાં બે વર્ષની છૂટછાટ આપવામાં આવતી હોય છે.
– વર્ગ-૧ અને ૨ ની પરીક્ષા ગુજરાતી કે અંગ્રેજી કોઈપણ ભાષામાં આપી શકાય.
– આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવાય છે.

**(૧) પ્રિલીમનરી (૨) મેઈન્સ (૩) મૌખિક ઈન્ટર્વ્યુ**

## (૧) પ્રિલીમનરી

### સૌ પ્રથમ વાત પ્રિલીમનરી પરીક્ષા વિષે :

– પ્રિલિમનરી પરીક્ષામાં બે પેપર હોય છે.
– એક પેપર ૨૦૦ માર્કસનું એટલે કે કુલ ૪૦૦ માર્કસની પરીક્ષા હોય છે.
– પેપરનો સમય ત્રણ કલાકનો હોય છે.
– આ બંને પેપર M.C.Q. પ્રકારના હોય છે.

**અભ્યાસક્રમ :**

**GS–1** (૧) ઇતિહાસ (ગુજરાતનો, ભારતનો, પ્રાચિન, મધ્ય અને આધુનિક)
(૨) આર્ટ અને કલ્ચર
(૩) આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, સામાજિક ન્યાય અને ગવર્નન્સ

**GS–2** (૧) ભૂગોળ (ગુજરાત અને ભારતની)
(૨) અર્થશાસ્ત્ર
(૩) વિજ્ઞાન અને ટેકનોલોજી
(૪) કરંટ અફેર્સ

આ પ્રિલિમનરી પરીક્ષાના માર્કસ ક્વોલીફાઈડ થવા માટે જરૂરી છે. આખરી મેરીટમાં તેના માર્કસ ઉમેરવામાં આવતા નથી.

## (૨) મેઈન્સ

– મેઈન્સમાં વર્ણનાત્મક પેપરો હોય છે.
– કુલ છ પેપરો હોય છે.
– દરેક પેપરનો સમય ત્રણ કલાકનો હોય છે.
– પેપર નીચે મુજબ હોય છે.

| | | |
|---|---|---|
| (૧) પેપર–૧ | ગુજરાતી | ૧૫૦ માર્કસ |
| (૨) પેપર–૨ | અંગ્રેજી | ૧૫૦ માર્કસ |
| (૩) પેપર–૩ | નિબંધ લેખન | ૧૫૦ માર્કસ |
| (૪) GS–1 | (સામાન્ય જ્ઞાન–૧) | ૧૫૦ માર્કસ |
| (૫) GS–2 | (સામાન્ય જ્ઞાન–૨) | ૧૫૦ માર્કસ |
| (૬) GS–3 | (સામાન્ય જ્ઞાન–૩) | ૧૫૦ માર્કસ |
| | **કુલ ગુણ** | **૯૦૦ માર્કસ** |

આ મેઈન્સની પરીક્ષા ખૂબ અગત્યની છે. મેઈન્સમાંથી મેળવેલ માર્કસ આખરી મેરીટમાં ગણાય છે અને પરીક્ષા ૯૦૦ માર્કસની હોવાથી આ પરીક્ષામાં વધુ માર્કસ મેળવવા ખૂબ જરૂરી છે. જેથી સારૂ મેરીટ થાય.

## (૩) મૌખિક ઈન્ટરવ્યુ

મૌખિક ઈન્ટરવ્યુ ૧૦૦ માર્કસનું હોય છે. કુલ મેરીટ ૧૦૦૦ માર્કસમાંથી બને છે.

(મેઈન્સ ૯૦૦ + મૌખિક ઈન્ટરવ્યુ ૧૦૦ = ૧૦૦૦)

વર્ગ–૩ની પરીક્ષાની માહિતી મેળવીએ

- વર્ગ–૩ની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવે છે.

(૧) પ્રિલિમનરી (૨) મેઈન્સ

- પ્રિલિમનરી પરીક્ષા માત્ર ગુજરાતીમાં જ લેવામાં આવે છે.

## (૧) પ્રિલિમનરી

– આ પરીક્ષાનો સમય બે કલાકનો હોય છે.

– પેપર M.C.Q. પ્રકારનું હોય છે.

– પેપર ૨૦૦ માર્કસનું હોય છે.

– એક જ પેપર હોય છે.

## (૨) મેઈન્સ

મેઈન્સમાં ચાર પેપરો હોય છે.

(૧) ગુજરાતી૧૦૦ માર્કસ

(૨) અંગ્રેજી ૧૦૦ માર્કસ

(૩) GS–1 (સામાન્ય જ્ઞાન–૧) ૧૦૦ માર્કસ

(૪) GS–2 (સામાન્ય જ્ઞાન–૨) ૧૦૦ માર્કસ

કુલ ગુણ ૪૦૦

આમાંપણ આખરી મેરીટમાં પ્રિલિમનરીના માર્કસ ઉમેરવામાં આવતા નથી મેઈન્સના કુલ ગુણ ૪૦૦ માંથી જ મેરીટ તૈયાર કરવામાં આવે છે.

---

* *આપણી આજ અને આપણી ગઈકાલ એ ઈંટો છે, એ વડે આપણે આપણી આવતીકાલનું ચણતર કરીએ છીએ.* **– હેન્રી લોંગફેલ**
* *કેટલાક જન્મથી મોટા છે, કેટલાક પરિશ્રમથી મોટા થયા છે, તો કેટલાકના માથે મોટાઈ ઠોકી બેસાડવામાં આવી છે.* **– શેક્સપિયર**
* *કાર્ય બરાબર રીતે પૂરું થાય તેનું નામ કુશળતા. તેમાં જો કંઈ ઊણપ રહી ગઈ તો સમજજો કે તમે કંઈ કર્યું જ નથી.* **– લુકાન**
* *અંગારા પર પગ પડ્યો હશે તો મટી જશે, પણ અત્યાચારી શબ્દનો ઘા કદી રુંઝાશે નહિ, માટે જીભને અંકુશમાં રાખો.* **– તિરુવલ્લુવર**
* *ધૈર્યવાન માણસ ગમે તેવા કષ્ટમાં પણ ધૈર્ય ગુમાવતો નથી. દીપકને ઊંધો પકડશો તોયે તેની જ્વાળા તો ઊંચે જ જવાની.* **– ભર્તૃહરિ**
* *જો ઘર ઘરમાં અનુશાસન પાલનનો આગ્રહ રાખવામાં આવે તો કાચી ઉંમરના યુવાનોએ કરેલા અપરાધનું પ્રમાણ ૯૫ ટકા જેટલું ઘટી જશે.* **– જે. એડગર હૂવર**
* *ઈચ્છાનુસાર પૂર્ણ આનંદ મેળવ્યા પછી પણ જે સ્વતંત્રતા નથી મળતી એ ઈચ્છા પર સીમિત નિયંત્રણો મૂકવાથી મળે છે.* **– ઍપિક્ટેટસ**
* *હું એવા ઘણાં બધા અસીમ ક્ષમતાવાળા લોકોની શોધમાં છું, જેઓ એ બાબત નથી જાણતા કે શું નથી કરી શકતો.* **– હૅન્રી ફોર્ડ**
* *આપણા અધિકારો આપણી જવાબદારીઓથી વધુ મોટા નથી હોતા. આપણા અધિકારોની સુરક્ષા, આપણી જવાબદારીના પાલનથી વધી નથી શકતી.* **– જૉન એફ. કેનેડી**
* *જો તમને તમારું માન-સમ્માન વહાલું હોય તો સારા લોકોની સંગાથે રહો. ખરાબ લોકો સાથે સંબંધ બાંધવા કરતાં તો સારું છે તમે એકલા જ રહો.* **– જ્યૉર્જ વૉશિંગ્ટન**
* *'કોઈ પણ તમારી પોતાની ઈચ્છા વિના તમે હીન હોવાનો અનુભવ નથી કરાવી શકતું.'* **– ઍલિનોર રુઝવેલ્ટ**
* *આ દુનિયામાં લોકો સાથે હળીમળીને કામ કરવાની વ્યવહારકુશળતાને દુનિયાની બીજી કોઈ પણ કાબેલિયત, બીજા કોઈ પણ કૌશલ્ય કરતાં હું વધુ મહત્ત્વ આપું છું.* **– જૉન રૉકફેલર**

# ☼ શ્રદ્ધાંજલિ ☼



**પ્રા. ડહ્યાભાઈ એચ. પ્રજાપતિ**

પ્રા. ડાહ્યાભાઈ પ્રજાપતિ સાહેબ આંકડાશાસ્ત્ર વિષયના નિષ્ઠાવાન અધ્યાપક હતા. તેઓ સ્વભાવે ખુશ મિજાજી, સાથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સહાયરૂપ થનાર હતા. તેઓના રમૂજી સ્વભાવના કારણે આંકડાશાસ્ત્ર જેવા વિષયને પણ ખૂબ જ સરળ રીતે સમજાવી શકતા હતા. તેઓ ઘણા વર્ષો સુધી અધ્યાપન કાર્ય કર્યા બાદ વર્ષ ૨૦૦૪માં વય મર્યાદાને કારણે નિવૃત થયા હતા. તેઓ તા. ૨૯-૪-૨૦૨૦ના રોજ અવસાન પામ્યા.

☼ ☼ ☼ ☼ ☼ ☼ ☼ ☼ ☼ ☼



**પ્રા. એમ. એન. મોદી**

પ્રા. મોદી સાહેબ નિષ્ઠાવાન અધ્યાપક હતા. ધંધાકીય સંચાલન અને એકાઉન્ટન્સી વિષયનું અધ્યાપન કરાવતા હતા. સ્વભાવે ચીવટવાળા, પ્રમાણમાં ઓછાબોલા છતાં મિલનસાર સ્વભાવના હતા. વિદ્યાર્થીઓના હિતચિંતક હતા. ખાસ કરીને પ્રશ્નપત્રની ગોઠવણી અને કાર્યભારની વહેંચણી સમયે તેમની આ નિસબત જણાઈ આવતી. કામથી કામ તેમનો હંમેશનો વ્યવહાર રહેતો. આશરે ચાલીસ વર્ષની દીર્ઘ અધ્યાપન પ્રવૃત્તિ બાદ નિવૃત્ત થયા. નિવૃત્તિ સમય સુખદ રીતે પસાર કરી ૧૫ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ અવસાન પામ્યા.

☼ ☼ ☼ ☼ ☼ ☼ ☼ ☼ ☼ ☼

# ✳ શ્રદ્ધાંજલિ ✳



## પ્રા. પી. બી. પારેખ

પ્રા. પારેખ સાહેબ એલ.એલ.એમ. અને એમ.કોમ. એમ બે વિદ્યાશાખા, કોમર્સ અને કાયદાના નિષ્ણાત હતા. બીઝનેસ મેનેજમેન્ટ, સેક્રેટેરિયલ પ્રેક્ટિસ અને એકાઉન્ટન્સી તેમના અધ્યાપનના વિષયો હતા. નિયમિત્તતા, ચીવટ, ચોક્સાઈ તેમના અધ્યાપન કાર્ય ઉપરાંત દરેક કામમાં વણાઈ ગયેલી. કોઈના દ્વારા મળેલી નાની સરખી મદદને પણ તેઓ નોંધી રાખતા, સમયે સમયે પ્રેમથી યાદ કરતાં તે જ રીતે કોઈને પણ મળેલી નાની મોટી સિદ્ધિ માટે અવશ્ય અભિનંદન પાઠવતા તો કોઈની મુશ્કેલીમાં યથાયોગ્ય મદદ અવશ્ય કરતા. તેઓ નિયમિત ધોરણે અંગત ડાયરી લખતા. પારેખ સાહેબ કદમાં નાના પણ સંકલ્પશક્તિમાં મોટા હતા. વિદ્યાર્થીઓમાં પ્રિય, કર્મનિષ્ઠ અને હળવા સ્વભાવના પારેખ સાહેબ આશરે ચાર દાયકાની દીર્ઘ સેવાઓ બાદ તેઓ વર્ષમાં નિવૃત્ત થયા. કોરોનાને લીધે ૧૯મી ઓક્ટોબર ૨૦૨૦ના રોજ અવસાન પામ્યા.

✳ ✳ ✳ ✳ ✳ ✳ ✳ ✳ ✳ ✳



## પ્રા. બિપિનચંદ્ર સી. શાહ

પ્રા. બી. સી. શાહ સાહેબને યાદ કરતા જ જય જિનેન્દ્ર સાથે અભિવાદન કરતો સૌમ્ય-શાંત ચહેરો તરવરે છે. અર્થશાસ્ત્ર વિષયના અધ્યક્ષ તરીકે તેઓ હંમેશા મૃદુ, વિષય વહેંચણી બાબતે ઉદાર, ગમે તે સંજોગોમાં પણ મુખ પર સ્મિત, વાણીમા સૌમ્યતા પણ વૈચારિક અડગતાવાળા અનુભવાયા છે.

અધ્યાપકખંડમાં રોહિતભાઈ ગાંધી, વર્ષાબેન શાહ અને શ્રીકાંતભાઈ પરીખ સાથેની જુગલબંધી હંમેશા જોવા મળી હતી. તેમની પાસે ગુજરાતી શબ્દો અને તેના સમાનાર્થી શબ્દોનો ભંડાર હતો. વહીવટી સુઝબુઝ અને સંકલનના તે બાદશાહ હતા.

દીર્ઘકાલીન અધ્યાપક પ્રવૃત્તિ બાદ તેઓ સેવા નિવૃત તો થયા પણ એચ. કે.ના ટ્રસ્ટ સાથે આજીવન જોડાયેલ રહ્યા. હાર્ટએટેકને લીધે પહેલી મે, ૨૦૨૦ના રોજ અવસાન પામ્યા.

સદ્ગતના આત્માને અર્થશાસ્ત્ર વિભાગ તરફથી શબ્દપુષ્પાંજલી દ્વારા શ્રદ્ધાંજલિ.

✳ ✳ ✳ ✳ ✳ ✳ ✳ ✳ ✳ ✳

## ❊ શ્રદ્ધાંજલિ ❊



### પ્રા. ગીતાબેન શાહ

ઈ. સ. ૧૯૭૨માં પહેલ વહેલાં એચ. કે કોમર્સ કોલેજમાં વ્યાખ્યાતા રીતે પસંદગી પામ્યા. ખૂબ જ પ્રેમાળ અને અનોખું વ્યક્તિત્વ ધરાવતા ગીતાબેન વિદ્યાર્થીઓમાં પ્રિય હતા. સૌ વિદ્યાર્થીઓને એમના માટે અપાર સ્નેહ. દરેક વિદ્યાર્થીના નામ એમને યાદ રહેતા અને વિદ્યાર્થીના નામથી બોલાવતા. સૌ વિદ્યાર્થીઓમાં તેઓ વ્યક્તિગત રસ લેતા હતા.

અર્થશાસ્ત્ર જેવા અઘરા વિષયો પણ ઘરેલું ઉદાહરણ આપીને સમજાવતા. બહુ જ ઉત્તમ અને સરળ શિક્ષક. ગમે ત્યારે ભણાવવા તત્પર. તેઓ અનુસ્નાતક અને સ્નાતક બંને વર્ગોમાં ભણાવવાનો અનુભવ હતો. ચાલુ નોકરીમાં તેમના પતિ શ્રી દિલીપભાઈ શાહને અમેરિકા જવાનું થયું. ત્યારે તેમણે આ સંસ્થામાંથી રાજીનામું આપીને કોરોલીના યુનિવર્સિટીમાં ક્લાસ લેવાનું શરૂ કર્યું.

તેમણે માણસ માત્ર પત્યે સહાનુભૂતિ અને પ્રેમ હતો. પછી એ વિદ્યાર્થીઓ હોય કે સાથી અધ્યાપક હોય. એ સૌની સાથે એમનો સંબંધ સ્નેહભર્યો હતો. એમના મૃત્યુ માટે આ સંસ્થા શોકની લાગણી પ્રગટ કરે છે.

❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊



### શ્રી પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટ

સ્વ. શ્રી પ્રવીણભાઈ સી. બ્રહ્મભટ્ટ કોમર્સ કોલેજના કાર્યાલય નિયામક (ઓફિસ સુપરિટેન્ડેન્ટ) તરીકે ફરજ બજાવતા હતા. વય મર્યાદાના કારણે નિવૃત થયા હતા. તેઓ ખૂબ જ ધાર્મિક હતા અને ઓફિસ કામમાં કર્મચારી માટે કડક હતા. કાયમ સમયને નહિં પણ કામને પ્રથમ મહત્ત્વ આપતા.

❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊ ❊



# Reimagining Management Education in India : With reference to National Education Policy–2020

✍ **Dr. Jayendrasinh Jadav**
Member Task force on NEP, Govt. of Gujarat

"The secret of change is to focus all of your energy, not on fighting the old, but on building the new"

**— Socrates**

**Introduction :**

A new National Education Policy has recently been announced by the Ministry of Human Resource Development, Government of India. The first education policy was prepared in the year 1964, second was in the year 1986 which was amended in the year 1992. That is why it is also called the policy of 86/92. Thus, after 34 years, the country's education system is going to undergo a major change. The twenty-first century has changed the world dramatically. There have been huge changes in every field. In all these areas, there was a need for a major overhaul of the education sector. There has been a great effort by the present Central Government to meet that need. The national exercise started in 2015 has been put before the nation in 2020. It is no exaggeration to say that this policy, prepared in anticipation of a major change in the field of education. It will be the cornerstone of building a new India. The policy will change the entire structure from KG to PG.

**Management Education in India :**

Management education in India has evolved considerably over the past 70 years. The economic liberalization era of 1990s and the consequent rapid economic development witnessed substantial demand for MBA education. This paved the entry of large number of public and private institutions to offer MBA programmes across the country. Thanks to MBA emerging as a preferred qualification, it is widely perceived as a panacea to address all business challenges. However, the mushrooming of MBA schools has left their own structural weaknesses around resulting in a plethora of challenges. As far as Management Education is concern currently management education is offered by IIMs-Institutes of national importance, B-Schools-standalone PGDM Institutions, different Universities, University Departments and affiliated/Autonomous colleges. As per AISHE-2018-19 there are 19 IIMs, 475 Stand alone Institutes, 671 Management colleges and 20 dedicated

Management education Universities in India. As per AISHE-2018-19, 6, 50,498 students were enrolled in Under Graduate level management Programs and 6,35,399 students were enrolled in post graduate level programs across India. While 1,25,980 students were enrolled in Distance MBA program. These numbers are quite significant in nature. As per AISHE-2018-19 after Social Science, Management Stream comes at next chose of the students at Post Graduate level.

India's higher education system is the third largest in the world after the United States and China.Despite such a large system, the GER of our higher education is 27.40% only. This means that only 27 out of 100 youths in India's 18-23 age groups are getting higher education. The GER of China is 44% and Brazil is 50%. In our country also the new national education policy aims to take this GER to 50% by the year 2035. Management Education plays a significant role to achieve this target. According to a recent survey conducted by UNICEF, only 26% of the students pursuing undergraduate and postgraduate degrees in management from the current higher education system in India have employability skills. To this end, new provisions have been made in the new National Education Policy for different subjects. Though there is not a single provision in National Education policy-2020 directly pertaining to management education. Then also Implementation of National Education Policy will not only transform Management Institutions in India, but also will empower them in a real way. We have to reimaging our B-schools as per the need of $21^{st}$ century.

**Reimagining the management and Business Schools after NEP-2020 :**

Reimagining the business school of future is closely linked with the reimagining of business, society and environment of the future. Now a days The B-schools have become like the chaotic environment — their systems will have to display greater agility and adaptability in terms of designing and delivering its curriculum, bringing in new subjects, weeding out the old and irrelevant ones, developing new pedagogical tools, tackle faculty knowledge and technological obsolescence, ensure student engagement amidst reducing attention spans and so on, in order to follow National Education policy. As per NEP-2020 we have to come out with big changes as business environment and society are also facing change. The education sector and especially B-schools are no longer insulated from change in the business environment and society. Each B-school will have to define its purpose and the problems it is trying to solve / find solutions for and how closely is it networked with all its stakeholders, especially the industry.

NEP-2020 focuses on Multidisciplinary large capacity Institutions. The concept of MERU- Multi disciplinary Education and Research University aims to create all management education institutions like IIMs and IITs. In India, Management Education is being offered by Stand alone Institutions at large. These are mono faculty Institutions.

These are far behind from the need of 21st Century which focuses on Multidisciplinary Education. On the other hand we have a good number of students in Management Education programs that are coming from different disciplines. So, there are lot many possibilities to convert our management education institutions into multidisciplinary education Institutions. At global level Singapore Management university is the best example in this regard. Singapore Management University offers program in Social Sciences, Accounting, Humanities, Technology and of course Management Education. As Management is also Art and Science, we have to move towards multidisciplinary management Education. IIM-Kozhikode has started MBA in Liberal Studies in this direction.

According to NEP-2020, Autonomous degree-granting College (AC) will refer to a large multidisciplinary institution of higher learning that grants undergraduate degrees and is primarily focused on undergraduate teaching though it would not be restricted to that only. In this regard B-schools are born autonomous institutions. Major B-Schools are independent B-Schools that enjoys autonomy and they have thrust for quality also. The only thing is we have to develop a roadmap for Autonomy and degree granting institutions. To curb a commercialization and to prevent unethical practices in Management Institutions, light but tight regulations can be developed which may lead to Minimum Regulation and Maximum Governance. This provision has also solved a problem of degree granting institutions. Till now IIM's can only award Post Graduate Diplomas, they cannot award degrees as they are neither Universities or nor deemed to be Universities. With this provision all Institutions with Graded autonomy can award degrees.

The Vision of National Education Policy is India Centric education System which can transform to Nation. As far as Management Education is Concern our entire syllabus are based on western school of management. Most of the Case studies in Management Classrooms either from Europe or from USA. As per the vision of NEP-2020, we have to develop curriculum which may include Management lessons from Indian scriptures, mythology and many more relevant to Bhartiya Society. We should develop our own case studies so that students can relate them in real life and may feel that proud to be Indian.

The government intends to invite the top 100 foreign universities to set up campuses in India. This will promote competition and consolidation in higher education, as we saw with Indian industry after the economic liberalization of 1991. It is estimated that India can save around $18 billion that goes out of the country, even as India receives foreign exchange by attracting students from other nations to these foreign universities.

Consider the shifting landscape. In a post-covid world, paradoxically, the traditional understanding of internationalization has taken a 180-degree turn. While it used to be a flat world with free borders, students now find barriers

coming up in many nations, from the US to the UK. The other important way that the pandemic has shrunk the world is through greater digitalization. Digital learning with sophisticated technologies like artificial intelligence and virtual reality will crunch distances, tuition costs and the need for physical campuses. Faculty and students will have to relearn ways of engaging with each other, conducting research and working with industry and government to develop solutions for problems.

If and when the 100 foreign universities identified in the NEP set up campuses, there will be consolidation in higher education. Many tier-2 and tier-3 colleges may find the going tough. The cost of education could go up, but the country needs inclusive higher education. Balancing the two will be critical but challenging. Innovative solutions will be needed so that bright students from less-privileged sections of society are also able to benefit from world-class education, and they are retained in the country.

The other changes that would help in the globalization of management education are better governance of academic institutions, greater autonomy and world-class infrastructure. However, there could also be calls from existing management institutions for a level-playing field. Therefore, we have to tread carefully.Single regulator can create a good atmosphere for Indian management education Institutes.

We also need new models for execution. The internationalization of higher education has been done in limited ways in India so far. We need to set up our own world-classes institutions. Second, Indian institutes of higher education should have physical presence overseas to spread Indian Knowledge system at abroad. Third, we need alliances between Indian and overseas institutions for curriculum development, student exchange programmes and dual certification.We need to take bold, not baby steps. In the future, this can take new directions. For example, dual degrees could be awarded by both Indian and foreign universities. We could even have partnerships with more universities than just two.

We must also be creative. The B-schools of the future will have to work under the new concepts and variables like "Bridgital" (bridging people with technology — a concept developed by Tata Group Chairman N. Chandrasekharan and RoopaPurushothaman,), "Phygital" (bringing the physical and digital spaces together — concept stated by Future Group founder Kishore Biyani), "Slowbalisation" (as enumerated in by Kumar Mangalam Birla), Reach (of the B-school — local vs regional vs global), Medium (of delivery of knowledge — online classes vs face-to face-lectures ), Niche vs Umbrella Management Programmes, Employability Focus vs Imparting Knowledge, Time Period of the Programme (long vs short duration programmes), Inclusive vs Elitist education, Rote vs Experiential Learning, role of faculty as enablers of knowledge or mentors, research focus of the faculty to create new knowledge, micro segmentation of the consumers, Traditional vs Flipped

Classrooms, flexibility of entry and exit points in the education system rather than an assembly line methodology, modularity in learning, inter disciplinary and multi-disciplinary learning opportunities, fulfilling new regulatory requirements, etc. With the incorporation of these concepts in management Education we can create good environment for start ups and Innovation and it may lead towards '*AatmaNirbhar Bharat*' also. We will be able to create Job givers instead of Job seekers in this regard.

To make capable and energized faculty member available, joint appointments can be made, by which a faculty member teaches the same course in two institutions, can also be pursued. We could have cooperation between the Indian Institutes of Technology and management schools, for example. Industry-academia partnerships would also bring the best of industry practices to teaching. Further, apart from traditional MBA courses, executive education would also benefit greatly from the opening up of management education. The NEP is a significant step forward. But its implementation holds the key to the transformation to Indian education.

The interconnectedness of life and living, animate and inanimate objects, rural and urban population, different income strata of the population, physical and digital divide has never been so starkly revealed as in the post-Covid world. The pivot of change and integration has to perforce be built around the UN enlisted Sustainability Development Goals of hunger and poverty eradication, to clean energy, sustainable cities and communities, responsible consumption and production, peace and justice, strong institutions, and partnerships to achieve goals and so on. Business and business education have to be centered around and aligned to these goals. We have to restructure our Management Education Programs in this regard. We have also to come up with the new branches of Management as waste management, disaster management and self management are some of the recently developed areas.

Holistic education

According to NEP-2020 we have to give 360-degree holistic education — we should focus a lot on experiential learning, simulations, holistic self-management, yoga, technology led subjects like Bloomberg and Media analytics, sports, business analytics, data science & technology subjects, apart from the regular chalk and talk routine. The institutes have to launch multidisciplinary MBA programmes like Healthcare Management and Sports Management, apart from an exclusive MBA in HR, Marketing or Finance. Indian management education Institutes should truly evolved in offering sector specific MBA programmes in international business, retail management, financial services, integrated marketing communications, reflecting the growing employment opportunities in these sectors.

Focusing only on technology as an agent of change but missing out on the human resource development and management will create a society that will never be able to build inclusivity and

happiness. Some of the ideals of humaneness, kindness, gratitude, care, collective vision and leadership are timeless fundamentals and still relevant today, and need to be taught in depth in the B-schools. This is also the reason why quotes of thinkers and philosophers like Lord Shri Krishna, Chanakya, Swami Vivekanand and ShriAurobindo are relevant even today. As Indian school of thoughts teaches us "*satyamVad : DharmamChar :*" Let us reimaging the future B-school built on the principles of inclusivity, humaneness and technology to create symbiotic ecosystems with the industry, society and environment which leads towards Bhartiyata in a real way.

The National Education Policy is not a mere circular. National education policy would not be implemented just by notifying and issuing a circular. We have to make up our minds and show immense dedication towards it. In order to build the present and future India, this task is of utmost importance. It seeks our major contribution, from each and every person of country. I believe that better suggestions and solutions for the effective implementation of the National Education Policy will make our India again Vishvaguru Bharat.

The policy aims to make the youth of India as energetic as Arjuna with the necessary skills of the 21st century, fearless like Nachiketa and thirsty for knowledge like Eklavya. This goal is not easy at all, but it is definitely worth keeping. If all the provisions written in the policy are implemented well, a magical change can take place in education. 5 million teachers of this country can do such magic with the trust and autonomy. Let's hope that this policy will make India's classrooms more attractive and more interactive.

At last I would like to quote a sholka of Shuklayajurved,

"tanme man: shiv Sankalpmastu"

Let's cultivate our mind for good intentions, for the welfare of our Society and our Nation.

---

* *આપણે જે કંઈ થોડું કે કરી શકીએ તે જો તરત કરવા લાગી જઈએ અને સતત કરતા રહીએ તો થોડા જ વખતમાં આપણને જણાશે કે આપણે ન કરી શકીએ એવું ક્યાંય કશું નથી.* **– સેમ્યુઅલ બટલર**
* *વનમાં બે ઘટનાઓ કરૂણ છે : એક દિલ ચાહ્યું મળે નહિ તે અને બીજું દિલ ચાહ્યું મળે તે.* **– જ્યોર્જ બર્નાર્ડ શૉ**
* *જેઓ માને છે કે અમે આ કરી શકીશું તેઓ તે કરી શકે છે.* **– વર્જિલ**